સુવિચાર

ઈશ્વરનાં દર્શન
અને વડીલના માર્ગદર્શન
બંને જ જીવન ને
પ્રકાશિત કરી દે છે...

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૫-૭-૨૦૨૪, શુક્રવાર
વર્ષ: ૧૩, અંક : ૧૦૧

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

**દાંતામાં ચાર કલાકમાં આઠ ઈંચ: ૧૪૧ તાલુકાઓમાં મેઘ મહેર**

(વાંચો છેલ્લા પાને)



આતંકવાદને પનાહ આપનારાઓને ખુલ્લા પાડો કે ખૂણે મુકો: મોદીનો એસસીઓને સંદેશ



ન હોય...બિહારની ગંડક નદી પરના ૬ બ્રિજ ધરાશાયી



યુકેમાં લેબર પાર્ટીની જીત કિર સ્ટાર્મર બનશે નવા વડાપ્રધાન



કોણ છે ભોલેબાબા? શા માટે ભાવિકોની શ્રદ્ધા આજે પણ અડીખમ?

# રૂ.૧૪૬૦ કરોડના ખર્ચે સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૦૦ મેગાવોટનો સોલાર પ્લાન્ટ સ્થપાશે

## ફ્રાન્સની એન્જી કંપનીના આ સોલાર પ્લાન્ટ માટે એશિયન ડેવલપમેન્ટ બેંકે લોન પણ પાસ કરી દીધી: જગ્યાની શોધ હાલ ચાલુ, અમદાવાદ હાઈવે નજીકના વિસ્તારમાં પ્લાન્ટ સ્થપાય તેવી શક્યતાઓ

**અબતક, રાજકોટ**

૧૪૬૦ કરોડના ખર્ચે સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૦૦ મેગાવોટનો સોલાર પ્લાન્ટ સ્થપાશે. ફ્રાન્સની એન્જી કંપનીના આ સોલાર પ્લાન્ટ માટે એશિયન ડેવલપમેન્ટ બેંકે લોન પણ પાસ કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ અમદાવાદ હાઈવે નજીકના વિસ્તારમાં પ્લાન્ટ સ્થપાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

સૌર પેનલ્સનું ઉત્પાદન સ્થાનિક રીતે ઉત્પાદિત બાયડાયરેક્શનલ ફોટોવોલ્ટેઈક પાવર મોડ્યુલ્સનો ઉપયોગ કરીને કરવામાં આવશે, જેનાથી સોલાર મોડ્યુલ સપ્લાય ચેઈનમાં વિવિધતા આવશે અને ભારત સ્થિત ઉત્પાદકોને ટેકો મળશે. આ પ્લાન્ટ આગામી ૨૫ વર્ષોમાં વાર્ષિક સરેરાશ ૮૦૫ ગીગાવોટ-કલાક વીજળી ઉત્પન્ન કરશે, દર વર્ષે આશરે ૬૬૨,૪૪૧ ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનને ટાળશે.

એન્જી વૈશ્વિક ઉર્જા અને સેવા પુરી પાડતું જૂથ છે જે ઓછા-કાર્બન પાવર જનરેશન, ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રાહક ઉકેલોના ત્રણ મુખ્ય



વ્યવસાયિક ક્ષેત્રોમાં કાર્ય કરે છે. એન્જી એનર્જી ઈન્ટરનેશનલ, જે અગાઉ ઈન્ટરનેશનલ પાવર તરીકે જાણીતી હતી, તે એક બહુરાષ્ટ્રીય પાવર જનરેશન કંપની છે જેનું મુખ્ય મથક ન્યુકેસલ અપોન ટાઈનમાં છે અને ફ્રેન્ચ કંપની એન્જી જીડીએફ સુએઝ ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.

એશિયન ડેવલપમેન્ટ બેંકે જાહેર કર્યું છે કે તેણે ગુજરાતના સુરેન્દ્રનગરમાં ૪૦૦ મેગાવોટનો સોલાર ફોટોવોલ્ટેઈક પાવર પ્લાન્ટ બનાવવા માટે એન્જી ગ્રુપ માટે રૂ. ૧,૪૬૦ કરોડની લોનની વ્યવસ્થા કરી છે. આ પ્રોજેક્ટ ૨૦૩૦ સુધીમાં ઓછામાં ઓછી ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઈંધણ ઊર્જા ક્ષમતા હાંસલ કરવાના ભારત સરકારના લક્ષ્યને સમર્થન આપશે.

એશિયા અને પેસિફિકમાં સ્વચ્છ ઉર્જા સંક્રમણ હાંસલ કરવા માટે ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈમાં ખાનગી ક્ષેત્રની સંલગ્નતા મહત્વપૂર્ણ છે,“ સુઝાન ગેબૌરી, ખાનગી ક્ષેત્રની કામગીરી માટે એડીબી ડિરેક્ટર-જનરલ જણાવ્યું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ એ ઉદાહરણ આપે છે કે કેવી રીતે એડીબી, પ્રદેશની આબોહવા બેંક તરીકે, સ્થાનિક મૂડી બજારોમાં સામાન્ય રીતે અનુપલબ્ધ લાંબા ગાળાના સ્થાનિક ચલણ ધિરાણ દ્વારા નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટ્સ

(અનુ. આઠમા પાને)

---------- સહકારથી સમૃધ્ધિ ----------


# અમિત શાહની ઉપસ્થિતિમાં કાલે સહકાર દિવસની ગાંધીનગરમાં ઉજવણી

## ગુજરાતમાં પ્રથમવાર ગાંધીનગરમાં યોજાશે રાષ્ટ્રીય કક્ષાનો ‘સહકાર સે સમૃધ્ધી’ કાર્યક્રમ: દિલીપ સંઘાણી

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આવતીકાલે માદરે વતન ગુજરાતની મૂલાકાતે આવી રહ્યા છે, તેઓ ગુજરાતમાં પ્રથમવાર યોજાનારા ‘સહકાર સે સમૃધ્ધી’ કાર્યક્રમમાં સામેલ થશે દરમિયાન રવિવારે અષાઢી બીજની રથયાત્રામાં પણ તેઓ જોડાય તેવી શકયતા હાલ જણાય રહી છે. ગુજરાતમા સરકાર અને સંગઠનમાં મોટાપાયે ફેરફારની અટકળો ચાલી રહીર છે. ત્યારે ગૃહમંત્રી અમિત શાહની આવતીકાલની ગુજરાતની મુલાકાત પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે તેઓ સી.આર. અને સીએમ સાથે બેઠક યોજે તેવી શકયતા પણ જણાય રહી છે.

૧૦૨મા ‘આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ’ નિમિતે આગામી ૬ જુલાઈના રોજ દેશમાં પ્રથમવાર ગુજરાતમાં



મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો ‘સહકાર સે સમૃદ્ધિ’ કાર્યક્રમ યોજાશે તેમ, સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું.

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કાલે સવારે ૧૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાનાર ‘સહકાર સે સમૃદ્ધિ’ કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ કરીને સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ સમીક્ષા બેઠક યોજી હતી જેમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન અજય પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ સહકાર સે સમૃદ્ધિની કાર્યક્રમની વધુ વિગતો આપતા કહ્યું હતું કે, સહકારથી સમૃદ્ધિ તેમજ આત્મનિર્ભર ભારતના સ્વપનને સાકાર કરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ત્રણ વર્ષ પહેલા દેશમાં પ્રથમવાર અલગ સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી છે. ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહને આ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. દેશમાં સહકારિતા મંત્રાલયના સફળતાપૂર્વક ત્રણ વર્ષ નિમિતે ગુજરાતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાનો સહકાર કાર્યક્રમની ઉજવણી કરાશે.

દિલીપ સંઘાણીએ કહ્યું હતું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સહકારિતામાં એક એકરૂપતા લાવીને એકસમાન કામ કરવાના હેતુથી વિવિધ ૧૭ ભાષાઓમાં મોડેલ બાય

(અનુ. આઠમા પાને)

# રાહુલ ગાંધીની આગેવાની નીચે અમદાવાદમાં કોંગી કાર્યકરોનો “જેલ ભરો” કોલ

## લોકસભના વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હિન્દુ સમાજ અંગેના નિવેદન બાદ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે તોડફોડની ઘટનાનો કરાશે ઉગ્ર વિરોધ: જેલ ભરો આંદોલન છેડાશે

**અબતક, રાજકોટ**

લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં હિન્દુ સમાજ અંગે કરેલા નિવેદન બાદ દેશભરમાં રોષ ફાટી નીકળ્યો છે. ગુજરાતમાં અલગ અલગ સંગઠનો દ્વારા રાહુલ ગાંધીના નિવેદનનો વિરોધ કરવામાં આવ્યો હતો અને અમદાવાદ સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પર તોડફોડ કરવામાં આવી હતી. આ ઘનાના વિરોધમાં આવતીકાલે કોંગ્રેસના કાર્યકરો રસ્તા પર ઉતરશે જેલ ભરો આંદોલનનો કોલ પણ આપવામાં આવ્યો છે. ખૂદ રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવે તેવી શકયતા છે. તેઓ તોડફોડમાં ઘવાયેલા કોંગ્રેસના કાર્યકરોને મળી તેઓનો ઉત્સાહ વધારશે. તેઓ રાજકોટ અગ્નિકાંડના પીડિત પરિવારને પણ મળે તેવી સંભાવના જણાય રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સંસદમાં લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હિન્દુ ધર્મ કેટલો મહાન અને ઉત્તમ એ અંગે વાત કરી હતી, હિંસક માણસ ક્યારેય હિન્દુ ના હોઈ શકે, શંકરાચાર્યએ પણ કહ્યું કે રાહુલ ગાંધીની વાત સાચી છે જેથી ભાજપના પેટમાં તેલ રેડાયું અને તેમણે અડધા વીડિયો ચલાવ્યા. ભાજપે જે કર્યું એ ભગવાન શિવનું અપમાન છે, તમામ ધર્મ મૂળ માનવતા છે તેની વાત રાહુલ ગાંધીએ કરી હતી. શિવજી દર્શન કરવાની પોતાની વાત કરી હતી. ડરો નહી અને ડરાવો નહિ. હિંસક માર્ગ હિન્દુનો હોય શકે નહિ.. ભાજપ મત માટે હિંસા કરી રહ્યા છે. રાહુલ ગાંધી વાત બાદ ભાજપમાં ડરથી હિંસા માર્ગ અપનાવ્યો છે.

લડાઈ હંમેશા વિચારધારાની હોય છે. ક્યારેય કોઈ રાજકીય પાર્ટી બીજી રાજકીય પાર્ટી ઓફિસ તોડફોડ કરી નથી. ભાજપ આ પ્રકારનું કૃત્ય કરીને ગુજરાતની અસ્મિતાની ખંડન કર્યું છે. કોંગ્રેસ ઓફિસના ચોકીદારની પ્રેગ્નન્ટ દીકરી પર પણ ભાજપના લોકોએ હુમલો કર્યો બપોરની ઘટના બાદ પણ પોલીસે સાંજની ઘટના થવા દીધી. ગોતા-ઘાટલોડિયાના ભાજપના ગ્રુપમાં ૪ વાગ્યે હુમલો કરવાના મેસેજ ફરતા થયા હતા. કોંગ્રેસ કાર્યાલય તરફથી પોલીસને પૂરતો બંદોબસ્ત રાખવા પણ માંગ કરવામાં આવી હતી એલિસબ્રિજ પોલીસ સ્ટેશન અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને આવી ઘટના બનવાની છે તેની કોંગ્રેસ તરફથી જાણ કરાઈ હતી. પોલીસે ભાજપના ગુંડાઓને મદદ કરવાનું કામ કર્યું. સેલ્ફ ડિફેન્સ એ કાયદાએ આપેલો અધિકાર છે, પોલીસ અધિકારી વાળંદની બાજુમાં ઉભા રહી ભાજપના ગુંડાઓ પથ્થર મારી રહ્યા છે, પોલીસ

(અનુ. આઠમા પાને)




# અર્થતંત્ર ટનાટન થતા રિયલ એસ્ટેટમાં તેજી યથાવત રહેશે

## છેલ્લા છ મહિનામાં દેશનું રિયલ એસ્ટેટ ક્ષેત્ર સતત આગળ વધતું રહ્યું,માંગ મજબૂત રહેવાને કારણે હાઉસિંગનું વેચાણ ૧.૭૩ લાખ યુનિટની ૧૧ વર્ષની ટોચે પહોંચ્યું

**અબતક, નવી દિલ્હી**

અર્થતંત્ર સતત મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે. જેને પગલે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં છેલ્લા છ મહિનાથી તેજી જોવા મળી રહી છે.હજુ આ તેજી અર્થતંત્રની આગેકૂચ સાથે યથાવત જ રહેવાની છે તેવું નિષ્ણાંતો જણાવી રહ્યા છે.

છેલ્લા અર્ધવાર્ષિક ગાળામાં દેશનું રિયલ એસ્ટેટ માર્કેટ વાઈબ્રન્ટ રહ્યું હતું. માંગ મજબૂત રહેવાને કારણે હાઉસિંગનું વેચાણ ૧.૭૩ લાખ યુનિટની ૧૧ વર્ષની ટોચે પહોંચ્યું હતું. રિયલ એસ્ટેટ કન્સલ્ટન્ટ નાઈટ



ફ્રેન્ક ગુરુવારે પોતાના લેટેસ્ટ રિપોર્ટમાં આ જાણકારી આપી છે. રિપોર્ટ અનુસાર, આ સમયગાળા દરમિયાન દેશના આઠ મોટા શહેરોમાં ઓફિસ ડિમાન્ડ રેકોર્ડ ૩.૪૭ કરોડ સ્કવેર ફીટ પર પહોંચી ગઈ છે. અહેવાલ અનુસાર, આઠ મોટા શહેરોમાં રહેણાંકનું વેચાણ ૧૧ ટકા વધીને ૧,૭૩,૨૪૧ યુનિટ થયું હતું, જ્યારે ઓફિસ સ્પેસની માંગ આ વર્ષે જાન્યુઆરીથી જૂન વચ્ચે ૩૩ ટકા વધીને ૩.૪૭ કરોડ ચોરસ ફૂટ થઈ હતી.

અહેવાલ અનુસાર, નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે જણાવ્યું હતું કે મજબૂત આર્થિક ફંડામેન્ટલ્સ અને સ્થિર સામાજિક-રાજકીય સ્થિતિને કારણે છેલ્લા કેટલાક ક્વાર્ટરમાં ભારતનું રિયલ એસ્ટેટ માર્કેટ ઝડપથી વિકસ્યું છે. તેમણે કહ્યું કે પરિણામે, રહેણાંક અને ઓફિસ સ્પેસની માંગ એક દાયકામાં સૌથી વધુ હતી. તેમણે કહ્યું કે ૨૦૨૪ ના પ્રથમ છ મહિનામાં (જાન્યુઆરી-જૂન) કુલ વેચાણમાં પ્રીમિયમ હાઉસિંગનો હિસ્સો ૩૪ ટકા હતો. મુંબઈમાં રહેણાંકનું વેચાણ જાન્યુઆરી-જૂન ૨૦૨૪માં વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધીને ૪૭,૨૫૯ યુનિટ થયું હતું, જ્યારે શહેરમાં

### રહેણાંક મિલકતોની માંગ મજબૂત

હૈદરાબાદ, કોલકાતા અને અમદાવાદમાં રહેણાંક અને ઓફિસ બંને જગ્યાની માંગમાં વધારો નોંધાયો છે. અહેવાલ પર ટિપ્પણી કરતા, ગુરુગ્રામ સ્થિત રિયલ એસ્ટેટ કંપની સિગ્નેચર ગ્લોબલના ચેરમેન પ્રદીપ અગ્રવાલે જણાવ્યું હતું કે વિવિધ કિંમતના મુદ્દાઓ પર રહેણાંક મિલકતોની માંગ મજબૂત રહે છે, જે ઉચ્ચ આર્થિક વૃદ્ધિ અને માળખાગત વિકાસને કારણે વધી છે. તેમણે કહ્યું કે ડેવલપર્સ આ માંગનો લાભ લેવા વ્યૂહાત્મક રીતે નવા પ્રોજેક્ટ્સ લોન્ચ કરી રહ્યા છે.

ઓફિસ સ્પેસની માંગ ૭૯ ટકા વધીને ૫૮ લાખ ચોરસ ફૂટ થઈ હતી.

દિલ્હી-એનસીઆરમાં રહેણાંકનું વેચાણ ચાર ટકા ઘટીને ૨૮,૯૯૮ યુનિટ થયું હતું, જોકે ઓફિસ સ્પેસની માંગ ૧૧.૫ ટકા વધીને ૫૭ લાખ ચોરસ ફૂટ થઈ હતી. બેંગલુરુમાં રહેણાંકના વેચાણમાં ચાર ટકાની વૃદ્ધિ ૨૭,૪૦૪ એકમો થઈ હતી જ્યારે ઓફિસની માંગ ૨૧ ટકા વધીને ૮૪ લાખ ચોરસ ફટ થઈ હતી. પુણેમાં રહેણાંકનું વેચાણ ૧૩ ટકા વધીને ૨૪,૫૨૫ યુનિટ થયું છે, જ્યારે ઓફિસ સ્પેસની માંગ ૮૮ ટકા વધીને ૪૪ લાખ ચોરસ ફટ થઈ છે. ચેન્નાઈમાં રહેણાંકની માંગમાં તેજી આવી અને આ સમયગાળા દરમિયાન ઓફિસની જગ્યાની માંગમાં ઘટાડો થયો.

# મંદિરોના શિખર ઉપર ધ્વજાનું શું છે મહત્વ ?

**૪ દિશા, ૧૩ રાશી, ૯ ગ્રહ અને ૨૭ નક્ષત્રો મળી કુલ બાવનનો આંક થતો હોવાથી ધ્વજાને મસ્તકે ચડાવવાથી ભકતજનને બાવન સંયોગોનો લાભ થાય છે**

**મંદિરમાં ખુલ્લા પગે ચાલવાથી ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે : મંદિર દેવ સ્વરૂપ ગણાય છે, પાયા તેના પગ અને ગર્ભગૃહ તેનું હૃદય છે**

**ધ્વજાનું આધ્યાત્મિક મહત્વ અનેરૂ છે, તે મંદિરના શિખર પર એક દંડમાં સતત ફરકતી રહે છેઃ જુદા-જુદા મંદિરોમા વિવિધ રંગોની ધ્વજાના દર્શન થાય છેઃ હિન્દુ ધર્મમાં ધ્વજા ચડાવવાનું પણ અનેરૂ મહત્વ છે**

મંદિરની ધ્વજા આધ્યાત્મિક ઉત્થાન અને ચેતનાનું પ્રતીક છે. મુખ્યત્વે હિન્દુ મંદિરોમાં લહેરાવવામાં આવતી ધ્વજા અનીતિ પર ધર્મની જીત અને સંસારિક પડકારો પર ભક્તોની આધ્યાત્મિક જીતનું પ્રતીક છે. મંદિરના શિખર પર હાજર ધ્વજા દેવી હાજરીનું પ્રતીક સાથે પવિત્ર મંદિર સંપૂર્ણ રીતે ભગવાનની પૂજા માટે સમર્પિત છે તેવી વાત કરે છે. ધ્વજા દેવતાઓનું ધ્યાન આકર્ષિત કરે છે અને તેમના આશીર્વાદ અને કૃપાને આમંત્રણ આપે છે. દરેક મંદિરની કેટલીક વિશેષતાઓ છે કે જેમ કે મંદિરનું શિખર , તેની રચના અને શિખર પણ લહેરાતી ધ્વજા, તમે દરેક મંદિર પર અલગ અલગ રંગો પ્રતિકોની લહેરાતી જોઈ હશે ધ્વજા વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં ઊંડો મહત્વ ધરાવે છે. સનાતન ધર્મમાં મંદિરની પૂજા સાથે વિજ્ઞાન આદિકાળથી જોડાયેલું છે. દ્વારકાના મંદિરની ધજા પવન ગમેતે દિશામાં હોય પણ તે હંમેશા પશ્ચિમથી પૂર્વ તરફ જ લહેરાય છે, તે ધજા મેઘધનુષ્યની જેમ સપ્તરંગી હોય છે. જગન્નાથપુરી મંદિરમાં પણ ધજા પવનની વિરુધ્ધ દિશામાં ફરકે છે.

દૂરથી પદયાત્રા કરીને ચાલ્યો આવતો ભકતજન મંદિર ઉપર ફરકતી ધજાના દર્શન કરી લે એટલે તેનામાં જોમ અને ઉત્સાહ સાથે શકિતનો સંચાર થઈ જાય છે. મંદિર ઉપર ધજા ચડાવવાનું આપણા ધર્મ શાસ્ત્રમાં અનેરૂ મહત્વ છે. આપણને પ્રશ્ન થાય કે મંદિર ઉપર ધજા કેમ ફરકાવાય છે. પણ ધજાનું આધ્યાત્મિક મહત્વ છે. મંદિર સાથે જોડાયેલી તમામ વસ્તુઓનું વૈજ્ઞાનિક મહત્વ છે. ફરકતી ધજા મંદિર માટે અને ભકતજનો માટે અગત્યની છે. તે શ્રધ્ધા-આસ્થા અને માનવીના વિશ્વાસનું ભકિતભાવનું પ્રતિક છે. મંદિરના શિખર ઉપર એક દંડમાં તે સતત ફરકતી જ રહે છે. વરસાદ કે પવન કે ટાઢ તડકો તે સતત ફરકતી જ રહે છે .આપણા મંદિરોમાં ધ્વજારોહણનું અનેરૂ મહત્વ હોવાથી લોકો ઉત્સવ સાથે ધ્વજા ઢોલ નગારા સાથે વાજતે ગાજતે ભકિતભાવથી પરિવાર સાથે ચડાવતા હોય છે.

જુદા જુદા મંદિરોમાં જુદા જુદા રંગો અને નાની મોટી સાઈઝની ધ્વજાના આપણને દર્શન થાય છે. તેને બનાવવા રેશમ કે સાટીનના કપડામાં તુઈ કે જરીની સજાવટ કરાય છે. આપણાં મંદિર નિર્માણ શાસ્ત્રમાં સોમપુરાએ તેની વિગતોમાં જણાવ્યું છે કે મંદિર દેવ સ્વરૂપ ગણાય છે. પાયા તેના પગ ને ગર્ભગૃહ તેનું હૃદય છે. મંદિરના પિલર ઘુંટણ અને બળતો દિવો આત્માનું પ્રતિક છે. બ્રહ્માંડમાંથી દેવી શકિત તથા સકારાત્મક ઉર્જા તરંગોને મંદિરમાં જીલવા ધજા એક રડાર જેવું કામ કરે છે.



દર્શન અવશ્ય કરવા જેને કારણે તેના મનોરથથી ભકતોમાં અનેરી ઊર્જાનો સંચાર થાય છે.

આપણા શાસ્ત્રોમાં ઘણા નિયમોનું પાલન કરીએ છીએ. જેમકે સ્નાન કરી પવિત્ર થઈ ને પ્રવેશ કરી એ છીએ, ચંપલ બહાર ઉતારી, દિવાને પ્રગટાવી છીએ, મંદિરમાં ઘંટ વગાડીએ છીએ અને પછી મૂર્તિના દર્શન સવાર સાંજ મંદિરે અચૂક દર્શન કરવા જઈએ છીએ. આપણા ઘરમાં પણ મંદિરમાં સવાર સાંજ પૂજન અર્ચન, આરાધના કરીએ છીએ.

મંદિરમાં ઉઘાડપગુ પ્રવેશવુંનો નિયમ વિશ્વભરનાં હિન્દુ મંદિરમાં છે તેનું કારણ મંદિરનું નિમાણ પ્રાચિનકાળથી એવી રીતે કરાયેલ હોય છે. જેમાં વિદ્યુત અને ચુંબકીય તરંગોનો સૌથી મોટો સ્ત્રોત હોય છે. જેથી ખૂલ્લા પગે ચાલવાથી આ ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. આ તમામ વિધિ રીત, રસમ પાછળ વૈજ્ઞાનિક સિધ્ધાંતો છુપાયેલા છે.

આરતી વખતે હાર્મની સાથે સંગીત પ્રાર્થના દ્વારકાધીશના મંદિરમાં ચડતી બાવનગજની ધજા ચડાવનાર ભકતજનને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તી થાય છે, તેથી જ ધજાને મસ્તકે ચડાવવાથી ચિંતા મુકિતનો અનુભવ સાથે ૪ દિશા, ૧૨ રાશી, ૯ ગ્રહ, ૨૭ નક્ષત્રોનો સરવાળો બાવન થાય છે. કોઈપણ મંદિરે જાવતો ધજાના કરીને પગે લાગીએ છીએ. બાદમાં મંદિરની ચારે દિશાએ પરિક્રમા કરીએ છીએ. આ બધાની પાછળ વૈજ્ઞાનિક સિધ્ધાંતો છપાયેલા છે. સૂર્યોદય સાથે મંદિરના ઘંટારવ સાથે ભકિત ભાવથી ભકતજનો આરતી કરે છે, અને સાંજે સંધ્યા આરતીનું પણ મહત્વ છે. હિન્દુ ધર્મમાં આપણે અને પ્રભુ ભકિતની એક સંવાદિતા રચાતી હોવાથી માણસમાં પવિત્રતા સાથે એક સકારાત્મક ઉર્જા પેદા થાય છે.

સમગ્ર વિશ્વમાં આપણો દેશ ધર્મ સંસ્કૃતિમાં બધા દેશોથી આગળ રહ્યો છે. હિન્દુધર્મમાં પ્રત્યેક દેવી-દેવતા સંબંધીત ધ્વજામાં તેવા વાહનના પ્રતિકો જોવા મળે છે, જેમકે વિષ્ણુજીની ધજાપર ગરૂડ તો બ્રહ્માજીની ધજા પર કમળ હોય છે.

## શું તમે બાવન ગજની ધ્વજા વિશે આ વાત જાણો છો?

દ્વારકાધીશની ધજાની લંબાઈ પર ગજની હોય છે.તી પાછળ એક લોક વાયકા મુજબ અહિ પક યાદવોએ શાસન કર્યુ હતુ. જેમાંથી કૃષ્ણ, બલરામ, અનિરૂધ્ધ અને પ્રદ્યુમનના અલગ અલગ મંદિરો બન્યા જયાં તેમની ધજા લહેરાય છે, બાકી રહેલા પર યાદવોના રૂપમાં આ ધર્મ ધજા લહેરાય છે. એવું પણ કહેવાય છે કે ૪ દિશા, ૧૨ રાશિ, ૯ ગ્રહો, ૨૭ નક્ષત્રોનો સરવાળો બાવન થતો હોવાથી આવડી ધજા ચડાવાય છે. આ ધજા ચડાવનારને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તી થાય છે. બ્રહ્માંડમાંથી દેવી શકિતને તથા સકારાત્મક ઉર્જા તરંગોને મંદિરમાં બોલાવવા માટે ધજાએ રડાર જેવું કાર્ય કરે છે. મંદિર પર લહેરાતી ધ્વજામાં સૂર્ય અને ચંદ્રના પ્રતિક લગાવેલા હોય છે.

## મંદિરની વિવિધ રંગોની ધ્વજા અને તેના પ્રતિકોનું મહત્વ

મંદિરનાં શિખર પર લગાવનારી દરેક રંગની ધજાનું અનોખુ મહત્વ છે, જેમાં લાલ રંગ ઉત્સાહ, સ્ફૂર્તિ, પરાક્રમ ધનધાન્યની વિપુલ સંપતિ અને સમૃધ્ધીનું પ્રતિક છે. લીલોકલર આધ્યાત્મિક પ્રેરણાનું પ્રતિક મનાય છે. મહાભારતમાં અર્જુનના રથ ઉપર ધજા સ્વરૂપે સ્વયં હનુમાન બિરાજતા હતા. મંદિરોમાં લગાવાતી ધજા માત્ર મંદિર નહી પણ ગામ કે શહેરની પણ રક્ષા કરે છે. હિંદુ ધર્મમાં પ્રત્યેક દેવી-દેવતા સંબંધીત ધજામાં તેના વાહનના પ્રતિકો હોય છે. જેમકે વિષ્ણુજીની ધજાપર ગરૂડ, શિવજીની ધજા પર વૃષભ, બ્રહ્માજીની ધજા પર કમળ, ગણપતિની ધજા ઉપર મુષક, સૂર્યનારાયણની ધજા પર વ્યોમ, દેવદુર્ગાની ધજા પર સિંહ, કાર્તિકિયની ધજા પર મોર તેમજ કામદેવની ધ્વજા પર મકરનું ચિન્હ અંકિત હોય છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

પ્રાચિન કાળમાં જ નાલંદા અને તક્ષશિલા જેવી વિશ્વ વિદ્યાલયો હતી. શેમ્પુની શોધ પણ પ્રથમ ભારતે કરી હતી, શતરંજ અને સાંપ-સીડી જેવી રમતોનો આવિષ્કાર ભારતે જ શોધ કરી છે. હીરાની ખાણમાંથી ખોદકામ કરીને હીરા ગોતવાનું કામ દુનિયામાં પહેલા આપણા દેશે જ શરૂ કરેલ. મેડીકલ ક્ષેત્રે સુશ્રુત અને ચરક જેવા વૈદ્યો એજ ભારતીય ચિકિત્સા પધ્ધતિને દુનિયાભરમાં પ્રસરાવી હતી. તમે જાણીને નવાઈ લાગશે કે ટાઈલ્સની શોધ ભારતે કરી છે. આર્ય ભટ્ટે શુન્યની શોધ ન કરી હોતતો અત્યારના જીવનની કલ્પના પણ ન થઈ શકે.

મંદિરમાં લગાવવામાં આવેલ ધ્વજના દરેક મંદિરના અલગ અલગ નિયમો અનુસાર બદલવામાં આવે છે. કેટલાક મંદિરોમાં ધ્વજા દિવસમાં ત્રણ વાર બદલવામાં આવે છે, તો કેટલાકમાં એક ચોક્કસ દિવસે બદલાવાની પ્રથા છે.

જગન્નાથપુરીમાં ધજા નિમિતપણે બદલાતી રહે છે. મંદિરમાં ધ્વજા લગાવવાથી તેની આસપાસ પવિત્રતાની આભા ઉત્પન્ન કરે છે, વાતાવરણ શુદ્ધ કરીને સમગ્ર મંદિરમાં આધ્યાત્મિક વાતાવરણમાં વધારો કરે છે. ધ્વજા વ્યક્તિના અહંકારનો ત્યાગ કરીને પરમાત્માને આત્મસમર્પણ કરવાનું શક્તિશાળી પ્રતીક છે.

---

સતદેવીદાસ અમરદેવીદાસની સેવા તપોભૂમિ

# પરબધામમાં અષાઢી બીજના લોકમેળાની તૈયારીઓ પૂર્ણ

**રવિવારે સવારે શાન પુજન ધ્વજારોહણ બાદ લોકમેળો શરૂ થશેઃ મહાપ્રસાદ માટે 3000 કાઉન્ટર મુકાયા રસોડાની સામગ્રી માટે ૧૦૦ ટ્રેકટર તૈનાત**






**અબતક, ચિરાગ રાજયગુરૂ, જુનાગઢ**

જૂનાગઢના ભેસાણ તાલુકાના જગવિખ્યાત એવા પરબધામ ખાતે અષાઢી બીજના લોક મેળાની મહોત્સવની ઉજવણીની ધામધુમ પૂર્વક તૈયારીઓ પૂર્ણતાને થઈ ગઈ છે.

ભેંસાણ નજીક આવેલા સુપ્રસિધ્ધ તિર્થક્ષેત્ર પરબધામ ખાતે આગામી તા.૭મીએ પરંપરાગત રીતે અષાઢી બીજ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. દર વર્ષે કરતાં આ વર્ષે ધારણાથી પણ વધુ જનમેદની ઉમટે તેવું જણાઈ રહ્યું છે. આ ધાર્મિક મહોત્સવનાં આયોજન માટે તડામાર તૈયારીઓ તૈયારીઓ પૂર્ણતાને આરે છે.

પરબધામનાં મહંત કરશનદાસ બાપુ ગુરૂ સેવાદાસ બાપુના સાંનિદયમાં યોજાઈ રહેલા અષાઢી બીજ મહોત્સવ અંતર્ગત તા.૭ જુલાઈના સવારે ૭:૩૦ વાગ્યે પૂ.બાપુના હસ્તે નિશાન પૂજન અને દ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ લોકમેળો ખુલ્લો મુકવામાં આવશે. જોકે માનવ મહેરામણ તો તા.૬ થી જ આવવાનો શરૂ થઈ જશે. સવારે પૂજન-અર્ચન, યજ્ઞ સહિતના ત્રિવિધ કાર્યક્રમો યોજાશે.



ભોજન પ્રસાદ માટે ૫૦૦ બાય ૫૦ ફૂટના મહાકાય પાંચ રસોડામાં રસોઈ તૈયાર કરવામાં આવે છે. ૩૦૦૦ કાઉન્ટર મુકાયા છે. એક પગંતે ૧ લાખ લોકો બેસીને પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ખાદ્ય-સામગ્રી લાવવા-લઈ જવા માટે ૧૦૦ ટ્રેક્ટરનો ઉપયોગ થશે. પ્રસાદમાં શુદ્ધ ઘીનો શીરો, રોટલી, શાક, ગાંઠિયા, દાળ- ભાત, સંભારો પીરસવામાં આવશે.

સ્વયંભુ યોજાતા આ લોકમેળામાં આવતા બાળભાવિકોને ધર્મની સાથે મનોરંજન મળી રહે તે માટે અવનવી રાઈડસ પણ પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ આવી ચૂકી છે. આ વખતે નવી રાઈડસ પણ જોવા મળશે.

પરબધામ ખાતે યોજાનાર લોકમેળા માટે સરકારી અધિકારીઓ પણ મહોત્સવમાં ખડે પગે મામલતદાર આઈ.આર. પારગી, પીએસઆઈ એસ.એન. .કાતરીયા, વીજ ઈજનેર ડી.એમ.ચોચા સહિતના અધિકારીઓ ઉપરાંત જિલ્લા પોલીસ વહિવટી દ્વારા પોલસી તેમજ મહિલા પોલસી તેમજ જી.આર.ડીના જવાનો ખડે પગે ફરજ બજાવશે. આ મહોત્સવમાં આવનાર ભાવિકોને કંઈ તકલીફ ન પડે તેની તકેદારીના ભાગરૂપે સુસજ્જ આયોજન કરી રહ્યા છે.

# ઓખા-વેરાવળ-ઓખા ટ્રેન સોમવાર સુધી ડાયવર્ટ

**બંને ટ્રેનો રિશેડ્યુલ કરાયેલા સમય પર દોડશે**

**અબતક, રાજકોટઃ** ટેકનિકલ કારણોસર, ઓખા-વેરાવળ અને વેરાવળ-ઓખા એક્સપ્રેસ ટ્રેનો તાત્કાલિક અસરથી ૮ જુલાઈ સુધી ડાઈવર્ટ કરાયેલા રૂટ પર રિશેડ્યુલ કરાયેલ સમય પર દોડશે. ઓખા-વેરાવળ એક્સપ્રેસ તાત્કાલિક અસર થી ૮ જુલાઈ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા કાનાલુસ-વાંસજાળીયા-જેતલસર-વેરાવળ થઈને દોડશે. આ સમયગાળા દરમિયાન, આ ટ્રેન ઓખાથી તેના નિર્ધારિત સમય કરતાં ૫ કલાક ૪૫ મિનિટ મોડી એટલે કે ૦૨.૦૦ વાગ્યે ઉપડશે તેમજ વેરાવળ-ઓખા એક્સપ્રેસ તાત્કાલિક અસરથી ૮ જુલાઈ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા જેતલસર-વાંસજાલિયા-કાનાલુસ થઈને દોડશે. આ સમયગાળા દરમિયાન, આ ટ્રેન વેરાવળથી તેના નિર્ધારિત સમય કરતાં ૩ કલાક ૫૫ મિનિટ મોડી એટલે કે ૦૩.૦૦ વાગ્યે ઉપડશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www. enquiry.indianrail.gov.inની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## મુસાફર

એમ અમથું જ હવા ની જેમ શું ભટકવાનું,
ને બધાંને હવે શું ખટકવાનું..

ને હવે તો ડાળ નેય લાગ્યો જ હશે થાક,
એટલે જ પાન ને કહ્યું કે હવે તું પાક..

ચલાવી ને તો હવે રસ્તો ય થાક્યો,
એટલે જ ડગ એ વિસામો એક માગ્યો..

થાકેલ ડગ ને તો તોયે મળ્યો એક બાગ,
પણ આ હૃદય ને કોણ પૂછે કે તુંય હવે વિસામો એક માગ..

તું કર ધગ - ધગ, ને સતત ભાગ,
કામ થાય, જો આવે વરસાદ ને છતાંયે નો બુજે આગ...!

**- પાયલ મહેતા**

## આજનું રાશિફળ

**તા.૫.૭.૨૦૨૪ શુક્રવાર, સંવંત ૨૦૮૦ જેઠ વદ અમાસ, આર્દ્રા નક્ષત્ર, ધ્રુવ યોગ, ચતુષ્પાદ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે,અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાય નું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે,વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય, કાર્યને પૂર્ણ કરી શકો , પ્રગતિકારક દિવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે, લોકચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી,બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૫-૦૭-૨૦૨૪ શુક્રવાર**
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (પાસપોર્ટ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોર્ન ફ્રિટર્સ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા (હેન્ડ એનાલિસિસ નું ગૂઢ રહસ્ય)
૦૪:૩૦ થી ૦૪:૪૦ સ્પે.સ્ટોરી (સ્કિન સ્ટોરી)
૦૪:૪૦ થી ૦૫:૦૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેવડા ના ડંખ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૬-૦૭-૨૦૨૪ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

**તા.૬-૭-૨૦૨૪ શનીવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | અષાઢ શુદ એકમ નવરાત્રી પ્રારંભ |
| નક્ષત્ર | પુનવર્સુ |
| યોગ | વ્યાઘાત **કરણઃ** કિસ્તુઘ્ન |
| સુર્યોદય | ૬.૦૯ **સુર્યાસ્તઃ** ૭.૩૪ |
| ચંદ્ર રાશી | મિથુન રાત્રે ૧૦.૩૫થી કર્ક |
| રાશિ અક્ષર | ક.છ.ઘ/ડ.હ |
| દિશાશૂળ | પૂર્વ દિશાતરફ |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૪ થી ૧.૧૭ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| ૨ | ૭ | | | ૧ | ૪ | ૫ | ૬ | |
| ૪ | | | | | | ૧ | | ૨ |
| | ૮ | | ૨ | | | ૪ | | |
| ૭ | | | ૫ | ૪ | | | ૨ | ૧ |
| ૫ | | ૪ | | ૮ | ૯ | | | |
| | ૩ | | ૪ | | | | | |
| ૮ | | ૬ | | ૨ | ૭ | | | |
| ૯ | | | | | | | ૭ | ૪ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૭ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૩ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ |
| ૧ | ૫ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૮ | ૨ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૨ | ૬ | ૧ | ૯ | ૭ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૫ | ૮ | ૭ | ૨ | ૧ | ૪ | ૯ | ૩ | ૬ |
| ૯ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૭ | ૨ | ૧ |

# ટી-૨૦ વિશ્વકપની ‘સરતાજ’ ટીમ ઈન્ડિયા






## શિસ્ત અને ગેરશિસ્ત



ટી-૨૦ વિશ્વકપની ઉજવણી બાદ શિસ્ત અને ગેરશિસ્ત વચ્ચેનો એક તફાવત જોવા મળ્યો હતો. જેમાં એક વીડિયો વાયરલ થયો કે રોહીત ટી-૨૦ની ટ્રોફી ટીશ્યુ પેપરથી સાફ કરી રહ્યો છે જે સુચવે છે એ ટ્રોફીની મહત્વતા અને ગૌરવ શું હોય ત્યારે એવું જ એક ચિત્ર ગયા વર્ષે વિશ્વકપમાં જોવા મળ્યું જયારે ઓસ્ટ્રેલીયાનો ખેલાડી મીચલ માર્શ વિશ્વકપ ટ્રોફી ઉપર પગ મુકીને ફોટો પડાવ્યો જે તેની ગેરશિસ્ત છે. રોહિત શર્માનો ટ્રોફી સાફ કરતો વીડિયો વાયરલ થતા જ ચોમેર પ્રશંસા થઇ રહી છે.



## સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ શસ્ય શ્યામલા માતરમ્ વંદે માતરમ્

વાનખેડે સ્ટેડીયમમાં ભારતીય ખેલાડીઓએ વંદે માતરમ્ ગાઇ દેશદાઝ દાખવી. આ એક એવો પ્રસંગ હતો કે જેને સાંભળીને અને જોયા પછી માત્ર ચાહકો જ નહીં પરંતુ દરેક ભારતીયોના રોમ રોમ પુલકિત થઇ ઉઠયા હતા. કારણ કે ભારતીય ટીમના ખેલાડીઓએ સાથે મળીને વંદે માતરમનું ગાન ગાયું હતું. બીસીસીઆઇ દ્વારા એવોર્ડ વિતરણ કર્યા બાદ ભારતીય ટીમના ખેલાડીઓએ સાથે મળીને સમગ્ર મેદાનનો પ્રવાસ કર્યો હતો અને એ દરમિયાન વર્લ્ડ ચેમ્પિયન ખેલાડીઓએ માઁ તુજે સલામ ગાઇને તેમની દેશભકિત દર્શાવી હતી.

## ટીમ ઈન્ડિયાને મળ્યો ૧૨૫ કરોડનો ચેક




## જશ્ન બાદ કોહલીનું લંડન તરફ પ્રયાણ



દેશને ૧૩ વર્ષ બાદ વિશ્વકપની ભેટ આપ્યા બાદ મુંબઇના વાનખેડે ખાતે એક ગૌરવવંતો કાર્યક્રમ યોજાયો હતો જેમાં દરેક ભારતીય ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ પુર્ણ થતા જ કિંગ કોહલી લંડન જવા રવાના થઇ ગયો હતો. વિરાટની પત્ની અનુષ્કા તથા તેના બંન્ને બાળકો લંડનમાં છે અને તે તેના પરિવાર સાથે આ જીતની ઉજવણી કરવા લંડન પહોંચ્યો જેની એક ઝલક ગઇકાલે મુંબઇ એરપોર્ટ પર જોવા મળી હતી.

## રનરેટ નહીં બ્રાન્ડના ભાવ વધી જશે

સ્પોટ્ર્સ માર્કેટિંગ નિષ્ણાતો કહે છે કે આઇસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં ઐતિહાસિક જીત બાદ ટોચના ભારતીય ક્રિકેટરો દ્વારા સમર્થન કરાયેલ બ્રાન્ડ્સનો પોર્ટફોલિયો વધવાની શક્યતા છે કારણ કે જે સોદાઓ વાટાઘાટ હેઠળ હતા તે ઝડપી ગતિએ આગળ વધશે. ભારતની અગ્રણી સ્પોટ્ર્સ માર્કેટિંગ એજન્સી, રાઇઝ વર્લ્ડવાઇડ, જે રોહિત શર્મા, જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પંડ્યાનું સંચાલન કરે છે, તેણે ઝ૨૦ વર્લ્ડ કપ પહેલા લગભગ ૧૦ જાહેરાત સોદાઓ પર હસ્તાક્ષર કર્યા હતા અને આગામી દિવસોમાં આ સંખ્યામાં વધારો થવાની ધારણા છે. ચાર ક્રિકેટરો વચ્ચે, તેઓ ૩૫-૪૦ કેટેગરીમાં ૮૯ બ્રાન્ડ્સનું સમર્થન કરે છે. ઑડિયો, વેરેબલ, ન્યુટ્રિશન, ઇન્શ્યોરન્સ, ઓટોમોબાઇલ, ગ્રૂમિંગ, હોમ ડેકોર અને બ્યુટી એપ્સ એ કેટલીક મુખ્ય શ્રેણીઓ છે જેના પર રાઇઝ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. રાઈઝ વર્લ્ડવાઈડના વડા નિખિલ બરડિયાએ જણાવ્યું હતું કે ટી૨૦ વર્લ્ડ કપ જીત ઘણા સોદાઓને વેગ આપે છે જે વાટાઘાટ હેઠળ હતા. તેણે કહ્યું કે સોદાનું મૂલ્ય બજારની ગતિશીલતા અને ક્રિકેટરો પોતાના માટે જે બ્રાન્ડ બનાવે છે તેના દ્વારા નક્કી કરવામાં આવશે. ઈન્ડસ્ટ્રીના સૂત્રોનું કહેવું છે કે શર્મા અને વિરાટ કોહલી જેવા ટોચના ખેલાડીઓ ડીલ દીઠ રૂ. ૩.૫ કરોડથી રૂ. ૭ કરોડ ચાર્જ કરે છે. બુમરાહ, યાદવ અને પંડ્યા જેવા અન્ય ટોચના ખેલાડીઓના કિસ્સામાં, સોદો ૨-૩ કરોડ રૂપિયાની વચ્ચે છે. ક્રિકેટરો અને ક્રિકેટ ક્યારેય ફેશનની બહાર નથી જતા. તે સંબંધિત છે, અને અમે સારી વૃદ્ધિ જોઈ રહ્યા છીએ કારણ કે હવે દર વર્ષે આઇસીસી ઈવેન્ટ થાય છે. અમે બ્રાન્ડ પોર્ટફોલિયોમાં બે-અંકની ટકાવારી વૃદ્ધિની અપેક્ષા રાખીએ છીએ, અને જાહેરાત ફીના સ્તરને પણ પ્રોત્સાહન મળી શકે છે. એકંદરે, તેમના બ્રાન્ડ મૂલ્યોના વર્તમાન સ્તરોને જોતાં, ૧૫-૨૦% ની વૃદ્ધિ વાજબી ધારણા હોઈ શકે છે,‘‘ તેમણે જણાવ્યું હતું કે જાહેરાત બજારમાં સુસ્તી હોવા છતાં, જૈન માને છે કે આગામી તહેવારોની સીઝન દરમિયાન જ્યારે બ્રાન્ડ્સ તેમની જાહેરાતો ઢીલી કરશે.









વાનખેડે સ્ટેડીયમમાં ઉજવણીમાં મશગુલ અને તેનો લ્હાવો લેતા ભારતીય ખેલાડીઓ. હાર્દિક,વિરાટ કે અન્ય કોઇ ખેલાડી તમામ મન મુકીને નાચ્યા હતા અને પ્રેક્ષકોનું અભિવાદન ઝીલ્યું હતું.

# ઈસ્કોન મંદિર દ્વારા જગન્નાથ રથયાત્રાની તડામાર તૈયારી

## ફૂલોથી સુશોભિત તેમજ લાઈટોના જગમગાટ સાથે ભવ્ય રથમાં ભગવાન જગન્નાથ અને ભાઈ બલદેવ અને બહેન સુભદ્રા નગરચર્યાએ નીકળશે




**અબતક, રાજકોટ**

રવિવારે શહેર માં ઈસ્કોન મંદિર દ્વારા અષાઢી બીજએ દર વર્ષ ની માફક આ વર્ષે પણ જગન્નાથ રથયાત્રા કાઢવામાં આવશે. આ વર્ષે રથયાત્રા ને લઈને રાજકોટવાસીઓ માં અનેરો ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા ઈસ્કોન મંદિર રાજકોટ ના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે વામન પુરાણ માં જણાવાયું છે કે ''જે કોઈ વ્યકિત ભગવાન જગન્નાથના રથનું દોરડું ખેંચે છે અથવા દોરડાને સ્પર્શ પણ કરે છે તો તેના જન્મો જન્મના પાપ નષ્ટ થાય છે. જે કોઈપણ રથ પર બિરાજેલા ભગવાન શ્રી જગન્નાથના એક વાર પણ દર્શન કરે છે તેનો પુનર્જન્મ થતો નથી'' આ વર્ષે રથયાત્રા ની ઉજવણી ખૂબ જ ધામધૂમથી અને હર્ષોઉલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે. ઉજવણીની તૈયારી ના ભાગ રૂપે મંદિર ને આકર્ષક લાઈટથી શણગારવામાં આવેલ છે. ભગવાનના રથને ફૂલોની લારથી શણગારવામાં આવશે અને રાત્રે ભગવાનના રથ પર દર્શન સારી રીતે થઈ શકે એ હેતુથી રથને વિશેષ લાઈટ દ્વારા રોશનીયુક્ત કરવામાં આવશે. રથયાત્રા જયારે શહેરના રાજમાર્ગો પરથી પસાર થાય ત્યારે શહેરીજનોને પ્રસાદના ભાગ રૂપે બુંદીનું વિતરણ કરવા માટે ૫૦૦૦ સલ બુંદી તૈયાર કરવામાં આવેલ છે જે બુંદી ના આશરે ૮૦ હજાર પેકેટ ભક્તો તેમજ સ્વયંસેવકો દ્વારા તૈયાર કરવામાં આવશે અને આ ૮૦ હજાર બુંદીના પેકેટનું વિતરણ શહેરના રાજમાર્ગો પર રથના દર્શન કરતા દર્શનાર્થીઓ માં કરવામાં આવશે.

તદ્ ઉપરાંત પ્રભુજી જણાવે છે કે અષાઢી બીજ ના કાર્યક્રમની શરૂવાત સવારે ૪:૩૦ વાગે વિશેષ મંગળા આરતી થી કરવામાં આવશે.



**પ્રસાદ માટેની ૫૦૦૦ કિલો બુંદી તૈયાર કરવામાં આવશે**

૯:૦૦ વાગે વિશેષ શ્રુંગાર દર્શન અને ૧૦ વાગે ભગવાન જગન્નાથ ને ૫૬ ભોગ અર્પણ કરવામાં આવશે. સવારે ૧૧ વાગે ઈસ્કોન મંદિર સિંગાપોરના પ્રમુખ દેવકીનંદન પ્રભુજી દ્વારા દ્વારા જગન્નાથ કથા પર પ્રવચન આપવામાં આવશે. રથયાત્રાની શરૂવાત બપોરે ૫ કલાકે રામકૃપા ડેરી કોટેચા ચોક ખાતે થી શરુ થશે અને ઈન્દિરા સર્કલ, પંચાયત ચોક, આકાશવાણી ચોક, જે. કે. ચોક, પુષ્કરધામ ચોક થઈ કાલાવડ પર આવશે જ્યાં એજી ચોક, જ્યુસ રેસ્ટોરન્ટ થી કટારીયા સર્કલ થઈ ઈસ્કોન મંદિર એ આવશે. ઉપરોક્ત દર્શાવેલ દરેક મુખ્ય ચોક પર ભગવાન જગન્નાથની આરતી કરવામાં આવશે. રથયાત્રા દરમિયાન સંપૂર્ણ માર્ગમાં હરે કૃષ્ણ મહામંત્ર નું કીર્તન કરવામાં આવશે અને વાજતે ગાજતે અને નાચતે ભગવાન જગન્નાથ ને નગરચર્યા કરાવવામાં આવશે. રાત્રે ૮ વાગ્યાં થી મંદિર માં સૌ દર્શનાર્થીઓ ભંડારા પ્રસાદ શરુ થઈ જશે.

વધુમા પ્રભુજી જણાવે છે કે રથયાત્રા દરમિયાન રથયાત્રામા આવનાર ભક્તોની સલામતીની પણ વિશેષ તકેદારી રાખવામાં આવશે. રથયાત્રા દરમિયાન

(અનું. આઠમાં પાને)

### સમસ્ત ચારણીયા સમાજ દ્વારા

# નાગબાઈમાંની ૧૪ ફૂટ ઉંચી વિરાટ પ્રતિમા સાથે રવિવારે શોભાયાત્રા



**અબતકની શુભેચ્છા મુલાકાતે ચારણીય સમાજના સભ્યો**

**અબતક,રાજકોટ**

આઈશ્રી નાગબાઈ માતાજીનાં બીજ મહોત્સવ નિમિતે રાજકોટમાં તા. ૭ જૂલાઈ, ૨૦૨૪નાં રવિવારે અષાઢી બીજનાં પાવન દિવશે દિવ્ય શોભાયાત્રા અને મહાપ્રસાદનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ધાર્મિક પ્રસંગમાં પધારવા રાજકોટ, અમદાવાદ, હાલાર, પાંચાળ, શોરઠ, કચ્છ ઉપરાંત છેક રાજસ્થાન સુધી ગામડે-ગામડે ચારણીયા સમાજનાં ઘરે ઘરે આમંત્રણ પાઠવાયા છે. પરીણામે ચારણીયા સમાજમાં પણ જબરો ઉત્સાહ છવાયો છે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં પ્રવિણભાઈએ જણાવ્યુ હતુ કે, રાજકોટમાં ચારણીયા સમાજ આયોજીત ભવ્ય શોભાયાત્રા સવારે ૯.૩૦ વાગ્યે કિસાનપરા ચોકથી પ્રારંભ થશે. જેમાં નવઘણભાઈ ડી. મુંધવા (નાગલધામ ગૃપ, અમદાવાદ)નાં પરિવાર દ્વારા આઈશ્રી નાગબાઈ માતાજીની શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. ભવ્ય શોભાયાત્રામાં પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માતાજીની ફણીધર નાગ સાથેની ૧૪ ફૂટ ઉંચી વિરાટ અને દિવ્ય પ્રતિમા અનેરૂ આકર્ષણ જમાવશે. શોભાયાત્રામાં સૌથી આગળ વિરાટ ધર્મધ્વજ સાથે ચારણીયા પહેરવેશમાં યુવાનો રહેશે. તેમની પાછળ સુશોભિત ભવ્ય રથમાં પૂ. શ્રીનાગબાઈ માતાજીની ૧૪ ફૂટ ઉંચી દિવ્ય પ્રતિમા બીરાજમાન રહેશે. આ રથયાત્રામાં શાનદાર ડી.જે.નાં સુર-તાલે આદ્યશકિત જગદંબાની ગરબાવલીની સંગાથે ચારણીયા સમાજ જબરૂ આકર્ષણ જમાવશે. આ સાથે રથયાત્રા ફરતે યુવાનો ભગવી ધ્વજા સાથે તૈનાત રહી વ્યવસ્થા સંભાળશે. આ ઉપરાંત કેટલાક નાના બાળકોને હિન્દુ ધર્મનાં દેવી-દેવતાઓની વેશભૂષામાં તૈયાર કરીને ભવ્ય શોભાયાત્રાને દિવ્ય બનાવાશે.

કિસાનપરા ચોક ખાતે પુ. શ્રીનાગબાઈ માતાજીની ૧૪ ફૂટ ઉંચી વિરાટ પ્રતિમાનાં પુજન-અર્ચન બાદ ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન પામીને જિલ્લા પંચાયત ચોકથી ડો. યાજ્ઞિક રોડ થઈ માલવિયા ચોકથી ત્રિકોણભાગ થઈને જયુબેલી ચોકથી આગળ આર.ડી.સી. બેન્ક રોડ થઈ ચૌધરી હાઈસ્કૂલ ચોકથી બહુમાળી ભવન થઈ રેસકોર્સમાં કિસાનપરા પાસે બપોરે ૧૨.૩૦ વાગ્યે સમાપન થશે. જયાં રેસકોર્સ ખાતે ભવ્ય શોભાયાત્રાનું સમાપન થયા બાદ સમુહ મહાપ્રસાદ યોજાશે.

(અનું. આઠમાં પાને)

# સુજોક થેરાપીના ૨૫માં સ્થાપના દિવસે યોજાય રાજયકક્ષાનો પરિસંવાદ





**અબતક,રાજકોટ**

ફકત હાથના પંજામાં જ એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, કલર, મેગ્નેટ, વિવિધ અનાજના દાણા દ્વારા સારવાર વડે શારીરિક અને માનસિક રોગોમાં પણ અસરકાર પરિણામ આપતી સુજોક થેરાપી ખૂબ પ્રચલિત બની રહી છે. સુજોક થેરાપીની માતૃસંસ્થા ઈન્ટરનેશનલ સુજોક એસોસિએશન દ્વારા આ પધ્ધતિને લોકો સુધી પહોંચાડવા સતત પ્રયાસો થઈ રહ્યા છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે રાજકોટમાં આ થેરાપીની રાજય કક્ષાની પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૭૦ જેટલા નિષ્ણાતોએ ભાગ લીધો હતો. સુજોક થેરાપીના રાજકોટમાં ૨૫ વર્ષ પૂરાં થતાં તેની ઉજવણી કરવામાં આવી હતી.

આ પરિષદમાં ડો. ધારા દોશી (સાયકોલોજી ડિપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) એ સાયકોલોજી વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત વિવિધ વિષય પર કેસ પ્રેઝન્ટેશન, તેમજ ગેસ્ટ સેશનમાં જાણીતા તબીબ ડો. કમલભાઈ પરીખ અને પૂર્ણ તંત્રી કૌશિકભાઈ મહેતા હાજર રહ્યા હતા. જયારે સંસ્થાના વડા ડો. મિન ચુલ પાર્કે ઓનલાઈન જોડાઈ મેમ્બરોને પ્રોત્સાહન આપ્યું હતું.

રાજકોટના સુજોક એક્યુપંક્ચર નિષ્ણાત અને સંસ્થાના મેમ્બર

(અનું. આઠમાં પાને)

# એચ.વી. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ ફોરેન્સિક કામગીરીથી થયા માહીતગાર




**ફિંગરપ્રિન્ટની ઓખળ, ઝેરી પદાર્થોના વિશ્લેષણ, પુરાવા પ્રકિયા શોધખોળ સહિતની બાબતોનું અપાયું તલસ્પર્શી માર્ગદર્શન**

**અબતક, રાજકોટ**

ગાર્ડી વિદ્યાપીઠ સાથે સંકળાયેલ એચ.વી.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ કોલેજ દ્વારા તાજેતરમાં ફોરેન્સિક પ્રક્રિયાની સમજ કેળવવા અને અત્યાધુનિક સંશોધનોની જાણકારી મેળવવાના હેતુથી નર્સિંગ કોલેજના પાંચમા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાથીઓ માટે રાજકોટની પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફોરેન્સિક વિભાગની મુલાકાત દરમિયાન નર્સિંગના વિદ્યાર્થીઓએ ફોરેન્સિક પ્રક્રિયામાં મૂલ્યવાન દ્રષ્ટિકોણ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત લેબલિંગ, સીલિંગ, એર ડ્રાયિંગ અને પેકેજીંગ સહિત હોસ્પિટલોમાં કાનૂની નમૂનાઓ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેની જાણકારી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત બાયોલોજી વિષય અંર્તગત ડીએનએ પૃથ્થકરણ અને જૈવિક પુરાવાની સમજ મેળવી હતી. ટોકિસકોલોજી વિષયમાં ઝેર અને ઝેરી પદાર્થના વિશ્લેષણ વિશે જાણ્યું હતું. ફિંગરપ્રિન્ટ અને હસ્તાક્ષર વિભાગમાં ફિંગરપ્રિન્ટની ઓળખ અને ચકાસણી માટે

(અનું. આઠમાં પાને)

### સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત

# સ્વચ્છ શાળા કેટેગરીમાં સરસ્વતિ શિશુ મંદિર સ્કુલનો દબદબો



**મેયર અને મ્યુનિ. કમિશનરે શાળાના ચેરમેન અપૂર્વ મણિયારને પાઠવ્યા અભિનંદન**

**અબતક, રાજકોટ**


રાજકોટ મહાનગરપાલિકાના સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ અંતર્ગત સ્વચ્છ શાળા કેટેગરીમાં સરસ્વતી શિશુમંદિરે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. શહેરના મારુતિનગર ખાતે આવેલા પ્રવીણકાકા મણીઆર કેમ્પસમાં કાર્યરત સરસ્વતી શિશુમંદિરે સ્વચ્છ શાળામાં બીજો નંબર મેળવતા મ્યુનિ. કમિશનર ડી.પી. દેસાઈ અને મેયર નયનાબેન પેઢડિયાના હસ્તે સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર તથા મેનેજીંગ ટ્રસ્ટી ડો. બળવંતભાઈ જાનીને મોમેન્ટો એનાયત કરાયો હતો.

સ્વચ્છતા સર્વેક્ષણમાં સરસ્વતી શિશુમંદિરે દ્વિતીય નંબર મેળવતા શાળાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે જણાવ્યું હતું કે, શહેરના હાર્દ સમાં વિસ્તાર મારૂતિનગરમાં જૂના એરપોર્ટ ફાટક પાસે ૫૩ હજારથી વધુ ચોરસ ફૂટ જગ્યામાં પ્રવીણકાકા મણીઆર કેમ્પસ આવેલું છે. આ કેમ્પસમાં સરસ્વતી શિશુમંદિર નર્સરીથી ધો. ૧૨ સાયન્સ-કોમર્સ ગુજરાતી-અંગ્રેજી માધ્યમની શાળા છે. ગત વર્ષે જ આ શાળાનું પુનઃનિર્માણ કરી હરિયાળું કેમ્પસ બનાવવામાં આવ્યું છે. આ વિશાળ કેમ્પસમાં બાળકો માટે ગ્રાઉન્ડ અને પ્લે એરિયા ઉપરાંત તમામ પ્રકારના શૈક્ષણિક સાધનો છે. શાળાના સ્વચ્છ, શાંત વાતાવરણ અને સુવ્યવસ્થિત સંચાલન બદલ મળેલા એવોર્ડનો શ્રેય અમારી સંસ્થાના દરેક સભ્યને ફાળે જાય છે એવું તેમણે જણાવ્યું હતું.

આ તકે રાજકોટ મહાનગરપાલિકા સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક

(અનું. આઠમાં પાને)

# કિશોરસિંહજી શાળાના પ્રવેશોત્સવના દાતા અરવિંદ વોરાનું મ્યું. કમિશ્નરના હાથે કરાયું સન્માન




**અબતક,રાજકોટ**

કિશોરસિંહજી પ્રાથમિક શાળા નો પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં દેવાંગભાઈ દેસાઈ, કમિશનર રાજકોટ મહાનગરપાલિકા તથા ગોવિંદભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય હસ્તે દાતા અરવિંદ વોરા નું સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવેલ હતું. અરવિંદભાઈ વોરા છેલ્લા ૧૬ વર્ષ થી તેમના જન્મદિન નિમિત્તે પોતે અભ્યાસ કરેલ કિશોરસિંહજી શાળા નંબર ૧ માં શાળાના વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરે છે.

# મહંત સ્વામી મહારાજના પ્રાતઃ પૂજા દર્શને પદયાત્રા દ્વારા ભકિત અર્ધ્ય અર્પણ કરતા હરિભકતો

## વિવિધ વિસ્તારોમાંથી ૩૦૦૦ થી વધુ હરીભકતો ભજન ભકિત કરતા પદયાત્રામાં જોડાયા





**અબતક, રાજકોટ**

છેલ્લા સતત ૨૦ દિવસોથી રાજકોટ બી.એ.પી.એસ.સ્વામિ નારાયણ મંદિરે પ.પૂ. મહંત સ્વામી મહારાજ દર્શન આશીર્વાદનો લાભ આપી રહ્યા છે.

જેઓ આવતા બુધવારે રાજકોટથી વિદાય લેશે. ત્યારે હવે ફક્ત ૬ દિવસ તેઓના દર્શન આશીર્વાદનો લાભ મળનાર હોઈ ભક્તો વિશેષ ભક્તિ અર્ધ્ય અર્પણ કરી રહ્યા છે.

પ.પૂ.મહંત સ્વામી મહારાજનું સ્વાસ્થ્ય નિરામય રહે, તેઓની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે માટે આજે રાજકોટના વિવિધ વિસ્તારોમાં રહેતા હરિભક્તો વહેલી સવારે પદયાત્રા કરીને કાલાવડ રોડ બી.એ.પી.એસ. સ્વામિ નારાયણ મંદિરે દર્શન માટે પધારી ભક્તિ અર્ધ્ય અર્પણ કર્યું હતું. આ પદયાત્રામાં રાજકોટ શહેરના વિવિધ ૩૬ જેટલા વિસ્તારોમાંથી ૧૨૫૦ પુરુષો અને ૧૭૫૦ બહેનો જોડાયા હતા.

પદયાત્રા દરમિયાન હરિભક્તો ધૂન ભજન કરતા, શિસ્તબદ્ધ રીતે ટ્રાફિકના નિયમોનું પાલન કરતા જોડાયા હતા. મંદિરે પહોંચતા પ્રત્યેક હરિભક્તે મંદિર ફરતે પ્રદક્ષિણા કરી પદયાત્રા પૂર્ણ કરી હતી. પ્રાતઃપૂજા બાદ પ.પૂ.મહંત સ્વામી મહારાજે પદયાત્રામાં જોડાનાર તમામ હરિભક્તો પર અમિ દ્રષ્ટિ દ્વારા આશીર્વાદ વરસાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે હજુ તા. ૮ જુલાઈ, સોમવાર સુધી વહેલી સવારે ૬:૩૦ થી ૮:૦૦ સુધી પ.પૂ.મહંત સ્વામી મહારાજના પ્રાતઃપૂજા દર્શન આશીર્વાદનો લાભ મળનાર છે.

તંત્રી લેખ

# આર્થિક મહાસત્તા બનવાનું સપનું ઉર્જા ક્ષેત્ર પૂરું કરાવશે

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારત હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહ્યું છે ત્યારે વિકાસ દર ને વેગવાન બનાવવા માટે મહત્વના પરિબળ એવા દેશના કૃષિ ક્ષેત્ર અને કૃષિકારોના વિકાસ માટેના પગલાં અનિવાર્ય બન્યા છે ભારત કૃષિ પ્રધાન દેશ ગણાય છે દેશની વસ્તી ના ૮૦% લોકો ગ્રામ્ય વિસ્દતારોમાં વસે છે અને ગ્રામ્ય વિસ્તારોની વસ્તીના ૮૦% થી વધુ લોકો ખેતી સાથે જોડાયેલા હોવા છતાં ખેતીને ઔધોગિક દરજ્જો અપાયો નથી કારણ કે ભારતની ખેતી સંપૂર્ણપણે ચોમાસાના વરસાદ આધારિત હોવાથી વિશાળ ભૂખંડ ધરાવતા દેશમાં વરસાદની અનિમિત્તાના કારણે ક્યાંક અતિવૃષ્ટિ ક્યાંક અનાવૃષ્ટિ વાવાઝોડા ગરમીના વાયરા જેવી ઋતુ આધારિત વિસંગતતાના કારણે કૃષિ આવક નિશ્ચિત ન રહેતા ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવતો નથી.

વિકાસદર માટે ઔધોગિક ઉત્પાદનની જેમ જ કૃષિ ઉત્પાદન સંજીવની જેવું બની રહે છે આ વર્ષે વર્ષ ૧૬ આની પાકે તેવી આગાહી કરવામાં આવી રહી છે ભારતના અર્થતંત્રને પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલરનું કદ આપવાનું વડાપ્રધાન નું સપનું સાકાર કરવા માટે જરૂરી આર્થિક પગલાઓમાં દેશ માટે અનિવાર્ય એવી આયાત નિયંત્રણ અને વિકાસદર માં વૃદ્ધિ માટે કૃષિ ઉત્પાદન વધવું અનિવાર્ય છે છેલ્લા ચાર વર્ષમાં કૃષિ ક્ષેત્ર ની ઉત્પાદન ક્ષમતા વધવાથી આયાતની અવેજીમાં ઘર આંગણે ઉત્પન્ન થતી વસ્તુઓનો વપરાશ વધતાં ટેક્સટાઈલ ફાર્માસ્યુટિકલ ઓટોમોબાઈલ ક્ષેત્રે ચીન જાપાન જર્મન અને અમેરિકા જેવા ટેકનો ટેક દેશ પરનું અવલંબન ઘટ્યું છે પેટ્રોલિયમ પેદાશોની જગ્યાએ સૂર્ય ઉર્જા ના વપરાશથી હૂંડિયામણ ખર્ચ ઘટવા પામ્યું છે આમ સારા વરસના અણસાર ભારતના આર્થિક મહાસત્તા બનવાના સપનાને જલ્દીથી સાકાર કરનારું બની રહેશે

# સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટના સંસ્થાપક મહારાજ ધર્મજીવનદાસજીનો રવિવારે જન્મદિવસ

## સ્વામીજીએ જુનાગઢ, અમદાવાદ સહિતના શહેરોમાં ગુરૂકુલના ''તોરણ'' બંધાવ્યા


**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના તરવડા ગામે તા.૧૮ જૂન ૧૯૦૧, મંગળવાર, સંવત ૧૯૫૭ રથયાત્રાના પવિત્ર દિવસે લાખાણી પરિવારમાં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના સંસ્થાપક સદગુરૂ શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મ થયો.. અરજણ નામ રાખ્યું. ભણવામાં હોંશિયાર, તેજસ્વીને ચપળ અરજણે સાત ધોરણ સુધીનું શિક્ષણ તરવડામાં જ લીધું.

સ્વામિનારાયણ સંપ્રદાયને નવી દિશા આપવા જેમનો જન્મ થયો છે એવા અરજણે ૧૪ વર્ષની વયે વૈરાગ્યના વેગે ઘર છોડ્યું. જૂનાગઢનાં વચન સિધ્ધ મહાપુરૂષ બાલમુકુંદદાસજી સ્વામી પાસે પાર્ષદ થયા. તેમના વિદ્વાન શિષ્ય પુરાણી ગોપીનાથદાસજી સ્વામીએ વડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદીપીઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે દીક્ષા અપાવી. અરજણમાંથી 'ધર્મજીવનદાસ' નામ ધરાવ્યું.

સાત વર્ષ તીર્થધામ વરતાલ ગામે સંસ્કૃત પાઠશાળામાં રામાનુજ વેદાંતનો અભ્યાસ કર્યો. એ દરમ્યાન રોજ ૪૦-૫૦ કિલો લોટની રોટલી વણતા, રોટલા ઘડતા, સવારમાં વૃદ્ધ સંતોને કૂવામાંથી પાણી સીંચીને નવરાવતા, છાણાં થાપતાં, મંદિરમાં ૧૦૮ પ્રદક્ષિણા કરતા. તેમને નિત્ય ૪૨ કીર્તન-પદો બોલવાનો નિયમ હતો, રજાના દિવસે સંતો-હરિભકતો માટે બાજુના ગામડાઓમાંથી છાશ માંગી લાવતા.

ગિર પ્રદેશનાં અંતરિયાળ ગામડાઓમાં વિચરણ કર્યું. તેઓ નાના નેહડા તથા પશુ બાંધવાના કોઢિયામાં રોકાયા. અંધશ્રદ્ધા અને વ્યસનોમાં ડૂબેલા લોકોને નિર્વ્યસની અને સદ્ગુણ



જીવન જીવતા કર્યા. અભણને પણ કીર્તનો કંઠસ્થ કરાવ્યા.

નર્મદા કિનારે 'સ્વામિનારાયણ' મહામંત્રના સાડા ત્રણ કરોડ જપ કરવા સંકલ્પ કર્યો. દસ વર્ષમાં દસ કરોડ ઉપરાંત મંત્રજપ કર્યા. સને ૧૯૪૩માં પૂ.સ્વામી જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત નિમાયા. ૧૯૪૫માં જૂનાગઢમાં બીજા વિશ્વયુદ્ધના શમન અને ભગવત પ્રસન્નતાર્થે ૨૧ દિવસનો મહાવિષ્ણુયાગ કર્યો.

સને ૧૯૪૮ ઉગતી આઝાદી સાથે સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ ખાતે કવિ ત્રિભુવનભાઈ વ્યાસને ગુરૂકુલ અંગે વાત કરી. તેઓએ 'ચાલો કરીએ' એમ કહેતાં બાવા અને બ્રાહ્મણની જોડ થઈ. ઢેબરભાઈ પાસે ૮૦,૦૦૦ વાર જમીન માંગી. ૫ રૂપિયે વારના છેવટે ૦:૨૫ પૈસે વાર લેખે ૨૭,૭૦૦ વાર જમીન મળી. મુંબઈના ખોજા પરિવારનું દાન મળ્યું.

ભાડાના મકાનમાં ૭ વિદ્યાર્થીઓથી શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, રાજકોટનો શુભારંભ કર્યો. રોજના એક રૂપિયા લવાજમમાં હજારો વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરાવ્યો. રાજકોટ ઉપરાંત જૂનાગઢ અને અમદાવાદમાં ગુરુકુલો સ્થાપ્યા. આજે ગુજરાત ઉપરાંત હૈદરાબાદ, બેંગ્લોર, વિજયવાડા, વિશાખાપટનમ, નાગપુર, રાયપુર, મુંબઈ સોલાપુર, ગુલબર્ગા વગેરે શહેરોના ૪૦ ઉપરાંત ગુરૂકુલોમાં ૪૦,૦૦૦ બાળકો, વિદ્યા, સદવિદ્યા અને બ્રહ્મવિદ્યા મેળવી રહ્યા છે.

ગુરુદેવની મુમુક્ષુતા, નિયમિતતા, સજાગતા, નિડરતા, નિપુણતા, ગુણગ્રાહકતા, ઉપકારકતા, સહનશીલતા, સાધુતા, કરૂણતા, ક્ષમાશીલતા, અનાસક્તતા, વિચારશીલતા, વ્યવહારિકતા તથા શ્રીજીની આજ્ઞા, ઉપાસના અને ધર્મપાલનની દ્રઢતા વગેરે સદ્ગુણોની ટેકને તેઓ જીવનના છેલ્લા શ્વાસ ૮૭ વર્ષ સુધી દ્રઢપણે વગળી રહેલા, રથયાત્રાના પાવન પર્વે પૃથ્વી પર પધારેલા શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસજી સ્વામીના ૧૨૩મા જન્મ દિવસે કોટિ કોટિ દંડવત પ્રણામ સહ વંદન.

# પશ્ચિમ બંગાળમાં મહિલાઓ ઉપર અત્યાચારના વિરોધમાં શકિત પ્રતિષ્ઠાન ટ્રસ્ટનું કલેકટર તંત્રને આવેદન



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક,રાજકોટ**

પશ્ચિમ બંગાળમાં મહિલાઓ સાથે અન્યાય અને અસભ્ય વર્તન સામે વિરોધમાંશકિત પ્રતિષ્ઠાન ટ્રસ્ટ દ્વારા જિલ્લા કલેકટર તંત્રને આવેદન અપાયું છે.આવેદનમાં જણાવાયું હતુ કે,પશ્ચિમ બંગાળમાં મહિલાઓની દિવસે ને દિવસે બગડતી સ્થિતિ એ ગંભીર ચિંતાનો વિષય લાગે છે કે કાયદો અને વ્યવસ્થા માત્ર શબ્દકોષ પુરતી સીમિત બની ગઈ છે. સંદેશખાલી, કૂચિબહાર અને ઉતર દિનાજપુર (ચોપરા) ની ઘટનાઓ સંસ્કારી સમાજ માટે શરમજનક બાબત છે. નિર્દોષ નાગરિકો અને ખાસ કરીને મહિલાઓનું શોષણ અને પીડાદાયક ઉત્પીડન તદ્દન નિંદાને પાત્ર છે. ભારતીય બંધારણનો ભંગ કરતી આ ઘટનાઓ આપણને તાલીબાન શાસનની યાદ અપાવે છે.

મહિલા મુખ્ય મંત્રી હોવા છતાં મહિલાઓ સાથે થતા અન્યાય અત્યાચાર અને અપમાનથી અમે તમામ મહિલાઓ ખુબજ વ્યથિત અને ચિંતિત છીએ. આપ આ સમગ્ર ઘટનામાં પ્રત્યક્ષ હસ્તક્ષેપ કરી ઘટના વિશે કાયદાકીય તપાસ કરાવો તમામ દોષિતો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

# ઓલ ઈન્ડીયા મોઢવણિક સમાજ ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલનો જન્મદિવસ



જસદણના વતની મોઢ વણિક સમાજના અગ્રણી અશ્વિનભાઈ પટેલનો જન્મ ૫ જુલાઈ ૧૯૫૫ માં જસદણ મુકામે ચંદુભાઈ પટેલને ત્યાં થયેલ. અશ્વિનભાઈ ૧૯૬૯ ના વધુ અભ્યાસ અર્થે રાજકોટ મોઢ બોર્ડીંગમાં રહી અભ્યાસ પૂર્ણ કર્યો. છેલ્લા ૫૬ વર્ષથી રાજકોટને કર્મભૂમિ બનાવી ૧૯૭૧ માં કિરીટ એન્જીનીયરીંગ કોર્પોરેશનનો પ્રારંભ કરેલ અને એક દશકાના સફળ સંચાલન બાદ પરિવારનો વ્યાપ વધતા ૧૯૮૧ માં સ્વતંત્ર રીતે ગીતા એન્જીનીયરીંગ કોર્પોરેશનની શરૂઆત કરેલ અને હાલમાં એક નવી પેઢીમાં નવું સાહન માય જી.ઈ.સી. વી-બેલ્ટ એન્ડ હાર્ડવેર પ્રાઈવેટ લીમીટેડનું સફળ નેતૃત્વ કરી રહયા છે.

સોશ્યલ એકટીવીટીમાં ખુબ જ રસ ધરાવતા અને જીવનમાં દરેક કાર્ય અગત્યના હોય છે તેમ એક સામાજીક કાર્ય પણ આપણી જવાબદારીઓ છે તે સમજીને બધી સંસ્થાઓમાં સેવા આપી રહયો છું. ભાડલા વૈષ્ણવ સમાજ-રાજકોટના પ્રમુખસ્થાને, મુંબઈના ઓલ ઈન્ડીયા મોઢ વણિક સમાજ, મુંબઈના ઉપપ્રમુખ પદે, રાજકોટ મશીનરી ડીલર્સ એસોસીએશનના સેક્રેટરી પદે, સેરેનીટી ગાર્ડન લાફીંગ કલબ-સેક્રેટરી પદે, દિકરાનું ઘર વૃધ્ધાશ્રમ, ઢોલેરાના એડવાઈઝરી કમીટી મેમ્બર, અને રાજકોટ જિલ્લા કન્વીનર પદે, રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝના આમંત્રિત કમીટી મેમ્બર,

વહાલુડીના વિવાહ આયોજનમાં કોર કમીટી મેમ્બર પદે, તરીકે સેવા આપી રહયા છે. ઉપરાંત જુદી જુદી ૧૯ સંસ્થાના પૂર્વ હોદેદાર રહીને સેવા કરવાની તક સાપડી હતી

૬૯ વર્ષ પુરા કરી ૭૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે. તેમના મોબાઈલ નંબર ૯૮૨૫૧ ૯૫૯૫૫ ઉપર જન્મ દિનની ખુબ ખુબ અભિનંદન વર્ષા થઈ રહી છે.

# રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા અશ્વિન જીવાણીનું વિશેષ વ્યાખ્યાન

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રભાષા વ્યાખ્યાન તા. ૧૩-૭ ને સાંજના ૬ કલાકે રાષ્ટ્રભાષા પ્રચાર સમીતી (વર્ધા) રાજકોટ કેન્દ્ર દ્વારા નિયમીત રીતે દરેક માસના બીજા શનિવારે રાષ્ટ્રભાષા વ્યાખ્યાન માળા અંતર્ગત તા. ૧૩ ને સાંજે ૬ કલાકે ભારત સેવક સમાજ, નહેરુ ઉધાન રેસકોર્સ રાજકોટના પરિસરમાં ભારતીય સામાજીક જનજીવન ઔર હિન્દી સાહિત્ય વિષય પર અશ્વિન જીવાણી વિશેષ વ્યાખ્યાન આપશે.અશ્વિન જિવાણી ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારી પદ પરથી સ્વૈચ્છીક નિવૃત થયેલ છે. તેઓ સ્વય હરતું ફરતું સમાજ સેવા સંસ્થાન, સાહિત્ય પ્રેમી અને આપણી આધ્યાત્મિક સાંસ્કૃતિક વિરાસત મર્મજ્ઞ રહ્યા છે. ખુબ સરસ વાકકલા અને લેખનકલાના અભ્યાસુ રહ્યા છે. ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય પરંપરાના વાહક રહ્યા છે.

ઉપરોકત વ્યાખ્યાન મૌસમી વાતાવરણને ધ્યાનમાં રાખીને અનુકુળ પરિસ્થિતિમાં યોજવામાં આવશે. આ કાર્યકમમાં પધારવા આપ સૌને નિમંત્રણ પાઠવીએ છીએ.

# ફેમીલી પ્લાનીંગ એસોસીએશન દ્વારા યોજાયો બહેનો માટે નિદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

ફેમીલી પ્લાનીંગ એસો. રાજકોટ દ્વારા બહેનો માટેના એક રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમા ડો. એસ.એચ. વીસાવડીયા દર્દીઓને તપાસી તેમનું નિદાન કરી સારવાર તેમજ સલાહ સુચનો બહેનોને આપ્યા હતા.બહોળા પ્રમાણમાં બહેનોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

આ કેમ્પને સફળ બનાવવામાં મેનેજર મહેશભાઈ રાઠોડ તેમજ નીખીલભાઈ, નીતીનભાઈ અને જયરાજસિંહ રહેવર તથા સોનલબેન અને દક્ષાબેન હાજર રહ્યા હતા. કેન્દ્રના સ્ટાફ નર્સ બહેનો સોનલબેન દવાઓ આપી હતી. આ કેમ્પમાં ડો. એસ.એચ. વીસાવડીયાએ ચોમાસાની ઋતુમાં આરોગ્યની કાળજી અંગે બહેનોને વિસ્તૃત સમજણ આપી હતી.

# ગીતા વિધાલય ટ્રસ્ટ દ્વારા પુષ્પ નક્ષત્રમાં બાળકોને પીવડાવાશે સુવર્ણપ્રાશનના ટીપા

**અબતક, રાજકોટ**

જંકશન પ્લોટ ખાતે ગીતા વિદ્યાલય ટ્રસ્ટ ગીતા મંદિર દ્વારા તબીબી સહાય અર્થે સંસ્કૃતિ આર્ય ગુરુકુળના સહયોગથી તા. ૭ ને રવિવારે પુષ્પ નક્ષત્રમાં સવારે ૧૦ થી ૧૧ દરમિયાન ૧ થી ૧૦ વર્ષની વયના બાળકોને નિઃશુલ્ક ધોરણે સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે.

સુવર્ણપ્રાશન સંસ્કાર ઋષિમુનિઓની હજારો વર્ષો પૂર્વેની દેન છે. જે રોગ પ્રતિકારક શકિતની સાથે માનસિક અને બૌધ્ધિક ક્ષમતા વધારે તથા શરીર, મન અને બુધ્ધિનું તેજ વધારનાર તેજસ્વી ધાતુ છે. જે બાળકને વાઈરલ અને બેકટેરિયલ ઈન્ફેકશનથી થતાં રોગોથી બચાવે છે. બાળકના શારીરિક અને માનસિક વિકાને વૃધ્ધી આપે છે. આ લાભ લેવા ઈચ્છતા લોકોને જંકશન પ્લોટ, પોલીસ ચોકી પાસે ગીતા વિદ્યાલય ટ્રસ્ટ ગીતા મંદિરમાં ઉપસ્થિત રહેવા સંચાલક ડો. કૃષ્ણકુમાર મહેતાની યાદીમાં જણાવાયું છે.

# કલેકટર પ્રભવ જોશીના હસ્તે ૧૦૦ અનાથ બાળકોને આજે એજયુકેશન કીટનું વિતરણ

**અબતક,રાજકોટ**

કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી - રાજકોટ હેઠળની ''મિશન શક્તિ'' યોજનાની પેટા યોજના ''બેટી બચાઓ બેટી પઢાઓ'' અંતર્ગત આજરોજ સાંજે ૫:૦૦ કલાકે રાજકોટ શહેર/જિલ્લામાં જેજેએકટ અને સીએનસીપી હેઠળ નોંધાયેલ સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ,ગોંડલ રોડ,રાજકોટમાં આશ્રય લઈ અને અભ્યાસ કરી રહેલ અનાથ/સીએનસીપીના ૧૦૦ જેટલા બાળકોને એજ્યુકેશન કીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંકલન જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની કચેરી રાજકોટ દ્વારા કરવામાં આવશે.

# ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે રવિવારે ઉજવાશે ધ્યાનોત્સવ

**અબતક, રાજકોટ**

ઓશો સત્યપ્રકાશ ધ્યાન મંદિરે છેલ્લા ૩૯ વર્ષથી અવાર નવાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનું સંચાલન સ્વામી સત્યપ્રકાશ કરી રહ્યા છે. રવિવારે અષાઢી બીજ નીમીતે સાંજના ૬.૩૦ થી ૮ દરમિયાન ઓશો ધ્યાનોત્સવના કાર્યક્રમનું આયોજન ઓશો સત્યપ્રકાશ મંદિર, ગોંડલ રોડ, વિવેકાનંદ ઓવરબ્રીજ પાસે, ૪ વૈદવાડી, ડી. માર્ટ પાછળ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. આ તકે લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહીતી માટે સ્વામી સત્યપ્રકાશ મો. નં. ૯૪૨૭૨ ૫૪૨૭૬, સંજીવ રાઠોડ મો. નં. ૯૮૨૪૮ ૮૬૦૭૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# એક વૃક્ષ પ્રકૃતિ રક્ષણના ધ્યેય સાથે શબરી આશ્રમ દ્વારા કરાયું વૃક્ષારોપણ



**અબતક,રાજકોટ**

રાજકોટમાં શબરી આશ્રમમાં શબરી મહિલા મંડળ, ભાવેશ્વર મંડળ, ભુમંગલ એજયુકેશન ટ્રસ્ટના વિદ્યાર્થીઓ તથા આદિવાસી ગુજરાત આદિવાસી ભીલ સંગઠનના પ્રેસિડન્ટ રંજનબેન ચૌહાણ દ્વારા એક વૃક્ષ એક જીવન, એક વૃક્ષ પ્રકૃત રક્ષણના ધ્યેય સાથે વૃક્ષારોપણ અને છોડનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં મોડેલ સ્કુલના પ્રિન્સીપાલ ભાવનાબેન શબરી મંડળના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# આર.કે.જૈન ફાઉન્ડેશનના સિનીયર સિટીઝનો માટેના ચશ્મા વિતરણનો અવિરત ચાલતો સેવાયજ્ઞ

**અબતક, રાજકોટ**

આર.કે. જૈન ફાઉન્ડેશનના સિનીયર સિટીઝનો માટેના ચશ્મા વિતરણનો અવિરત ચાલતો સેવાયજ્ઞ રૂ. ૧૦ ના રાહતદરે સાંજે ૪ થી ૬ સુધી ગૌતમ કોમર્શિયલ સેન્ટર, ૨૦૮ બોમ્બે હોટલની સામે, ગોંડલ રોડ, રાજકોટએ લાત લેવા જણાવાયું છે. તેમજ આધાર કાર્ડ સાથે લાવવું જરુરી છે. અને બુધવારે રજા રહેશે જેની નોંધ લેવી.

## કાલથી અષાઢી નવરાત્રીનો પ્રારંભ

# અષાઢી નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવાયઃ પૂજા અર્ચનાથી ધાર્યુ ફળ પ્રાપ્ત થાય

**અબતક, રાજકોટ**

એક વર્ષમાં ચાર નવરાત્રી આવે છે તેમાં અષાઢ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવામાં આવે છે આ વર્ષે અષાઢ નવરાત્રીનો પ્રારંભ અષાઢ સુદ એકમને શનિવાર તા ૬.૭.૨૪ થી થશે જ્યારે નવરાત્રી તારીખ ૧૫ જુલાઈ અષાઢ શુદ નોમના દિવસે પૂર્ણ થશે આ વર્ષે અષાઢી નવરાત્રી ત્રીજ તિથિની વૃદ્ધિ હોવાથી નોરતા નવ ને બદલે દસ દિવસ ચાલશે પરંતુ નોરતું વધે તે શુભ ગણવામાં આવે છે જ્યારે અષાઢી નવરાત્રી દરમિયાન અષાઢી બીજના દિવસે રવિ પુષ્યમૃત યોગ છે

આ પણ માતાજીની ઉપાસના કુળદેવીની ઉપાસના માટે શુભ અને ઉત્તમ છે આ દિવસે શ્રી યંત્રની પૂજા કરવી શ્રી સૂક્તના પાઠ કરવા કુળદેવીની પૂજા કરવી જપ કરવા ઉત્તમ ફળ આપનાર બનશે અષાઢી નવરાત્રી ખાસ કરીને આસામમાં મા ઉજવવામાં આવે છે કામેરુ દેશ આસામને કહેવામાં આવે છે અને કામાખ્યા મા માતાજી મા કામાક્ષી પૂજા કરવામાં આવે છે ખાસ કરીને અષાઢી નવરાત્રી દરમિયાન તંત્ર પૂજા તુરંત ફળ આપનાર બને છે ..

# ગુજરાત રાજય કલા શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોની ભરતી કરવા મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક,રાજકોટ**

ગુજરાત સરકારે તાજેતરમાં રાજયની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ૨૪૭૦૦ જેટલા શિક્ષકોની. કાયમી ભરતી કરવાનું નકકી કરેલ છે અને તે માટેની જાહેરાત પણ કરી દીધેલ છે શિક્ષણના હિતમાં હકારાત્મક નિર્ણય લઈ ગુજરાત સરકારે જે નિર્ણય થીધો તે આવકારદાયક છે તેને અમે આવકારીએ છીએ પરંતુ રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં છેલ્લા ૧૫ વર્ષથી ચિત્રશિક્ષકોની ભરતી થયેલ નથી તે બાબતે ગુજરાત રાજય કલાશિક્ષક સંઘ દ્વારા ૧૫ વર્ષથી વારંવાર રજુઆત કરવામાં આવે છે કે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મૂળભૂત અને પાયાના જે વિષયો છે કે જે વિષયોમાંથી વિદ્યાથી પોતાની સર્જન શક્તિ ખીલવી શકે, કટપના શકિત વિકસાવી શકે, પોતાની સ્કીય બહાર લાવી શકે તેવા વિષયનો સરકારે છેલ્લા ૧૫ વર્ષથી શાળાઓમાં ભરતી નહી કરીને આ વિષયને હોંસીયામાં ધકેલી દીધો છે. ભાજપ સરકાર ગુજરાતમાં સત્તા પર આવી ત્યારથી રાજયમાં કલા મહાકુંભ અને કલા મહોત્સવ જેવા મોટા આયોજન કરવામાં આવે છે પરંતુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના છેવાળાના ગામડાઓની શાળાઓમાં આ વિષયના શિક્ષકો જ નથી ગામડાઓમાં જે વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે તે વિદ્યાર્થીઓમાં ઘણી બધી શક્તિઓ રહેલી છે પરંતુ તેઓને માર્ગદર્શન આપનાર કોઈ નથી, રાજ્ય લેવય ે કલા મહાકુંભ અને કથા મહોત્સય બાળકોને આ લાભ મળતો નથી તેનું કારણ શાળામાં ચિત્રકલાના વિષયનું જ્ઞાન આપનાર, માર્ગદર્શન આપનાર કોઈ નથી.

ગુજરાત સરકાર દવારા આગામી સમયમાં ટેટ - ટાટ વાળા ૨૪૭૦૦ શિક્ષકોની ભરતી કરવામાં આવનાર છે

ત્યારે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ટેટ અને ટાટ પાસ થયેલ ચિત્રકલાના વિષયની ૫ ટકા ભરતી કરવામાં આવે તેવી ગુજરાત રાજય કલાશિક્ષક સંઘ દ્વારા રાજય અને કેન્દ્રનાં શિક્ષણમંત્રીથી લઈને કમિશ્નર શિક્ષણ વિભાગ તેમજ મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવેલ છે.

# બજરંગ ગ્રુપ દ્વારા ચકલીના માળા,કુડા,છોડનું નિઃશુલ્ક વિતરણ

**અબતક,રાજકોટ**

બજરંગ ગૃપ, રાજકોટ, વનવિભાગ રેંજ કચેરીના સહયોગથી અંકિત એસ્ટેટના સંચાલક દિલીપભાઈ સોમૈયા-બીપીનભાઈ નથવાણીના આર્થિક સૌજન્યથી, ''પ્રભુદાસભાઈ-ભવાનભાઈ સોમૈયાના પાવન સ્મૃતિમાં દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ પંચમુખી હનુમાનજીના મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ રાજકોટ ખાતે નિઃશુલ્ક ચકલીના, લાકડાના, માટીના માળા, ચણ, ફીડર, વિવિધ પ્રકારના રોપા અને છોડનું વિતરણ સંસ્થાના કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા, હરેશભાઈ દવે , મનુભાઈ મકવાણા, મનુભાઈ ભગત, જતિનભાઈ ભીંડોરા, બી.કે. જાડેજા, ભગીરથસિંહ જાડેજા, હર્ષદસિંહ જાડેજા, દિનેશભાઈ તન્ના, ભરતભાઈ માણેક, વિજયભાઈ કે. ભટ્ટ, જયોતિબેન કે. ભટ્ટના હસ્તે કરવામાં આવશે.

આ સેવાકીય કાર્યોમાં પંકજભાઈ ડી. કારીઆ, સુનિલભાઈ મજેઠીયા, બટુકભાઈ રાચ્છ, ચંદ્રેશભાઈ ગણાત્રા એ યોગદાન આપેલ છે.

# ડો.શ્યામા પ્રસાદ મુખજીને જન્મદિવસે કાલે શહેર ભાજપ અર્પણ કરશે પુષ્પાંજલી

**અબતક, રાજકોટ**

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભક્ત ડો.શ્યામાપ્રસાદ મુખરજીનો આવતીકાલે જન્મ દિવસ છે ત્યારે ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક રાજનિતિજ્ઞ, વિચારક અને દેશભક્ત હતા. દેશની એક્તા અને અખંડિતતા બધાથી પર છે અને સમાજના વિવિધ તબકકાઓ વચ્ચે અલગ-અલગ માપદંડ અપનાવવામાં ડો. શ્યામાપ્રસાદ મુખરજી માનતા ન હતા. ડો. શ્યામાપ્રસાદ મુખરજી તેના વચન પર હંમેશા અડગ રહયા કે, જમ્મુ-કાશ્મીર ભારતનું એક અવિભાજય અંગ છે, તેમણે સિંહગર્જના કરતાં કહ્યું હતું કે એક દેશમાં બે વિધાન, બે નિશાન અને બે પ્રધાન નહી ચાલે- નહી ચાલે. ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક અચ્છા શિક્ષણશાસ્ત્રી, ઉતમ વહીવટકર્તા, ઉતમ વકીલ, શ્રેષ્ઠ પાર્લામેન્ટેરીયન, આમૂલ દેશભક્તિનું પ્રતિક હતા.



તેમનાં જીવનમાંથી પ્રેરણા મળે તેવી યુવાનોને શીખ આપી હતી.આવતીકાલે તેમના જન્મ દિવસ નિમિતે સવારે ૯:૩૦ કલાકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની અધ્યક્ષતામાં શહેર ભાજપ દ્વારા સ્પેશિયલ હોમ ફોર બોયઝ, જામનગર રોડ, સાંઢીયા પુલ પાસે, પેટ્રોલ પંપની સામે, રાજકોટ ખાતે પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ રાજકોટ વોર્ડના તમામ બુથમાં સવારે ૧૦.૩૦ કલાકે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજાશે.

### તમામ વોર્ડમાં કાલે વકતવ્યનો કાર્યક્રમ યોજાશે

પ્રખર રાષ્ટ્રભક્ત ડો.શ્યામાપ્રસાદ મુખરજીનો આવતીકાલે જન્મ દિવસ છે ત્યારે ડો.શ્યામાપ્રસાદ મુખરજીના જીવન-કથન, બલિદાન તથા વર્તમાનમાં તેમના બલિદાનની અસર કલમ-૩૭૦ નાબુદી વિગેરે વિષય અંગેનો વકતવ્યનો કાર્યક્રમ રાજકોટના તમામ વોર્ડમાં આવતીકાલે સાંજે દરેક વોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના હોદેદારો દ્વારા વોર્ડમાં વકતવ્યનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ તેમના વોર્ડમાં તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે


આમ આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ અંતમાં જણાવેલ હતું.

# ખાદ્યતેલના પેકીંગમાં જૂના ડબ્બાનો વપરાશ ચાલુ રાખવા સમીર શાહની માંગ

## જૂના તેલના ડબ્બાનો વપરાશ રોજગારી સાથે ભાવમાં રાહત આપે છે, સમીર શાહની આરોગ્ય મંત્રીને રજૂઆત

**અબતક, રાજકોટ**

ખાદ્યતેલમાં જૂના ડબ્બાનો વપરાશ, ભાવમાં રાહત અને રોજગારી માટે નિમિત બનવાની સાથે આરોગ્ય માટે કોઈ જ નુકશાનકારક ન હોવાથી ખાદ્યતેલમાં જૂના ડબ્બાના વપરાશ પર પ્રતિબંધ લાગૂ કરવો ન જોઈએ. તેમ ગુજરાત રાજ્ય તેલ અને તેલીબીયા એસો.ના પ્રમુખ સમીરભાઈ શાહે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલને પત્ર પાઠવી ખાદ્ય તેલ પેકીંગમાં જૂના ડબ્બાના ઉપયોગના ચલણ કાયમ રાખવા સમીરભાઈ શાહે મંત્રી ઋષિકેશભાઈ પટેલને પાઠવેલા પત્રમાં વિસ્તૃત રજૂઆત કરી છે કે ખાદ્યતેલને માત્ર નવા ડબામાં જ ભરવાની વાતો ચાલે છે. જે બિનજરૂરી અને કસમયની છે. ખાલી જુના ડબા Recycled tins'માં ખાદ્યતેલનું પેકીંગ દાયકાઓથી થતું આવે છે. તેમાં આરોગ્ય પર કોઈ વિપરીત અસરો પડી નથી. Recycled tins માં તેલ પેક કરાતા પહેલ સ્વચ્છતાની ચોકસાઈ થયા બાદ જ તેમાં ખાદ્યતેલ ભરવામાં આવે છે. તેમજ તેલના સંપર્કમાં આવવાથી ડબામાં કાટ લાગવાની કોઈ શક્યતા નથી. માત્ર નવા ડબામાં જ ખાદ્યતેલ પેક કરવામાં આવે તો આ વેપાર મહદ અંશે મોટી કંપનીઓના હાથમાં જતો રહે અને અંદરો અંદરની સ્પર્ધા ઓછી થતા ખાદ્યતેલના ભાવ વધે અને જનતાને સહન કરવાનું આવે. આ ઉપરાંત અત્યારે ખાલી નવા ડબાનો ભાવ રૂ.૮૫ છે ત્યારે Recycled જુના tins નો ભાવ રૂ.૩૫ થી ૪૫ જેટલો છે. આમ ગ્રાહકો પર રૂ.૪૦ થી ૫૦ જેટલો અતિરિક્ત બોજ આવે અને ખાલી નવા ડબાની માંગ વધતા તેમના ભાવમાં ઉછાળો આવે તે સરવાળે તો વપરાશકારોને જ ભોગવવાનો આવે. જુના ડબાનો ઉપયોગ મહદઅંશે bulk consumer માં થતો હોય, ત્યાં આ તેલનો શીઘ્ર વપરાશ થઈ જતો હોઈ, તેલની ગુણવત્તા નબળી પડવાની શક્યતા નથી. ઘરે ઘરેથી ખાલી ડબા ઉઘરાવતા ફેરિયાઓ, ડબાની ધોલાઈ કરનાર ફેરિઆ, તેમને ખાલી ડબાના વેપારીઓને વેચાણ કરી, ઉત્પાદકો પેકર્સો સુધી પહોચાડતા ટ્રાન્સપોર્ટરો વગેરે મળી હજારો લોકોની રોજી આમાં સંકળાએલ છે. તે લોકો બેરોજગાર થવાની પુરી શક્યતા રહે. ખાલી જુના ડબા Recycled tins નો મહત્તમ વપરાશ કપાસિયા તેલ અને પામોલીન તેલ ભરવામાં થાય છે. અને એમનો વપરાશ એટલો મોટો છે કે એટલા ખાલી નવા ડબ્બાઓ મળવા જ અશક્ય છે. આપણા રાજ્યની જ વાત કરીએ તો માત્ર પામોલીન તેલનું પેકીંગ કરતા ૪૦૦ જેટલા યુનિટો છે. તેમનું રોજીંદુ માત્ર ૫૦૦ ડબાનું વેચાણ કરી એ તો પણ રોજના બે લાખ ડબા તેમાં જ જોઈએ. આ ઉપરાંત કપાસિયા રિફાઈન્ડ અને અન્ય તેલોમાં વપરાતા જુના ડબાઓ અલગ. આ સાથે જોડેલ ટેબલમાં રાજ્યમાં વપરાતા જુના ડબાનો tentative વપરાશ બતાવ્યો છે. તે મુજબ રોજના ઓછામાં ઓછા ૨૬૦૦૦૦ ડબાઓ ભરાઈ છે. આપણા રાજ્યમાં ખુલ્લા બજારમાં ખાલી નવા ડબા વેચતા ઉત્પાદક એકમો માત્ર ૮ થી ૧૦ જેવા છે. તેઓ તેમની મહત્તમ ક્ષમતામાં ચાલે તો પણ માંડ ૫૦૦૦૦ થી ૬૦૦૦૦ ડબા બનાવી શકે તેમ છે.



આ ઉપરાંત જે મોટા યુનિટોને આયાતકારો પોતે ડબા બનાવે છે તે થોડા બજારમાં વેચે તો પણ તેમની મળતર ૨૦૦૦૦ થી ૨૫૦૦૦ ડબાથી વધે નહી. આમ રોજના ૧૫૦૦૦૦ ખાલી ડબાની ખાધ રહેને મહિનાના ગણો તો ૪૦ થી ૪૫ લાખ ખાલી ડબાની ખાધ રહે. તેનાથી અંધાધુંધી સર્જાય જાય ને ખાદ્યતેલની shortage દેખાય અને અસહ્ય ભાવ વધારો થાય. શીંગતેલ, sunflower, corn oil જેવા premium તેલો જે હાલ નવા ડબામાં જ ભરાય છે તેમાં પણ ડબાની ઉંચી કીમતને કારણે ભાવ વધારો જણાય. આતો માત્ર આપણા રાજ્યની વાત થઈ.

માત્ર નવા ડબામાં જ ખાદ્ય તેલ ભરવાની અમલવારી અછત, ભાવ વધારો સર્જનારી બની શકે.

---

**તમામ શાખાઓમાં બદલીનો ફાયર વિભાગમાં કેમ નહી?**

# ફાયર શાખાના કર્મચારીઓની બદલી કરવા કોંગ્રેસની મ્યુનિ.કમિશનરને રજુઆત



**અબતક, રાજકોટ**

અગ્નિકાંડ બાદ આપની રાજકોટમાં નિમણુંક થતા આપ દ્વારા ટાઉન પ્લાનીંગ બ્રાંચનું વિભાજન કરી ૯૦ થી વધુ ઈજનેરો અને એટીપીઓની સામુહિક બદલીઓના હુકમો કરીને સમગ્ર ટાઉન પ્લાનીંગ બ્રાંચને વિખેરી નાખી હતી પરંતુ આપના દ્વારા ફાયર બ્રિગેડ સ્ટાફની સામુહિક બદલીઓ કેમ કરવામાં ન આવી ? ભ્રષ્ટાચારી ફાયર બ્રિગેડ સ્ટાફ પ્રત્યે મ્યુનિ. કમિશ્નરને સોફ્ટ કોર્નર શા માટે છે?રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની ફાયર બ્રિગેડ બ્રાંચમાં છેલ્લા ૧૦-૧૦ વર્ષથી સામુહિક બદલીઓ થઈ નથી. જેના લીધે સ્ટાફ પેધી ગયો છે. આ રીઢા સ્ટાફને સુધારવા અને ભવિષ્યમાં અગ્નિકાંડ જેવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ ટાળવા માટે ફાયર બ્રિગેડ બ્રાંચમાં મોટા પાયે સાફ સુફી કરવી જરૂરી છે અને તે માટે જડમુળથી સામુહિક બદલીઓના હુકમ કરવામાં આવે તેવી રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની રાજકોટની ૨૦ લાખની જનતા વતી માંગણી છે.ફાયર બ્રિગેડ સ્ટાફ ભુતકાળમાં ફાયર એનઓસી માટે લાંચ-રૂશ્વત લેતા, જુગાર રમતા તેમજ પીધેલી હાલતમાં ઝડપાયા હોવાના અનેક દાખલા મૌજુદ છે. ફાયર એનઓસી મામલે ફાયર બ્રિગેડ સ્ટાફ દ્વારા કરાતા ભ્રષ્ટાચારનું વાર્ષિક ટર્નઓવર કરોડો રૂપિયામાં છે. તેવો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિનો ખુલ્લો આક્ષેપ છે. રાજકોટમાં અનેક બિલ્ડર્સ અને ડેવલપર્સએ ભ્રષ્ટાચારના નાણા ચુકવીને ફાયર એનઓસી મેળવ્યા છે અને આ કામ માટે પણ આર્કિટેક્ટસ અને કન્સલ્ટીંગ સિવિલ એન્જીનિયર્સ દલાલની ભૂમિકા ભજવતા હોવાનું સર્વવિદિત છે.હાલ ચોમાસાની ઋતુમાં આપની જેવા મ્યુનિ. કમિશનર કે જેઓ ક્લાસ-૧ આઈ.એ.એસ. ઓફિસર છે. તેમણે ફિલ્ડ વર્કમાં નીકળવુ પડે છે. શું ફાયર બ્રિગેડનો ભ્રષ્ટાચારમાં મશગુલ બનેલો સ્ટાફ ચોમાસુ કામગીરી કરવા નીકળતો નથી? વૃક્ષ ધરાશાયી થાય કે પાણી ભરાય તેવી ફરિયાદો ઉકેલવા ખુદ કમિશનરે જવું પડે તો હવે રાજકોટ મ્યુનિ.કોર્પોરેશનનું ફાયર બ્રિગેડ તંત્ર કેટલી હદે ખાડે ગયું છે? તે કહેવાની જરૂર રહેતી નથી. વહેલી તકે ફાયર બ્રિગેડ સ્ટાફની સામૂહિક બદલી કરવા કોંગ્રેસ સમિતિએ કમિશનરને આવેદન પાઠવ્યું છે.

---

# પડવલામાં સરકારી જમીન ઉપર ખડકાયેલ કારખાનાનું ડીમોલેશન

## અંદાજે ૧ કરોડની બજાર કિંમતની સરકારી જમીન ઉપરથી દબાણ હટાવાયું : મામલતદાર ગુમાનસિંહ જાડેજાની ટીમનું સફળ ઓપરેશન





**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણી મામલતદાર ટિમ દ્વારા પડવલામાં સરકારી જમીન ઉપર ખડકાયેલ કારખાનાનું ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. અંદાજે ૧ કરોડ જેટલી બજાર કિંમતની સરકારી જમીન મામલતદાર ટીમે ખુલ્લી કરાવી છે.

કોટડા સાંગાણી મામલતદાર ગુમાનસિંહ જાડેજા દ્વારા પડવલા ખાતે ૧૨૦૦ ચો.મી. સરકારી જમીનમાં ગેરકાયદે ખડકાયેલા એન્ટિક ઈન્સ્ટ્રીઝના કારખાનાને નોટિસ ફટકારી હતી. આ નોટિસ પિરિયડ પૂર્ણ થતાં આજે મામલતદાર અને સર્કલ માધવભાઈ મહેતા સાથે પોલીસ સ્ટાફ દબાણ સ્થળે પહોચ્યું હતું. જયાં જેસીબીની મદદથી મામલતદાર ટિમ દ્વારા આ દબાણનો કડુસલો બોલાવી દેવામાં આવ્યો હતો. આ જમીનની બજાર કિંમત અંદાજે રૂ. ૧ કરોડ આંકવામાં આવી રહી છે.

---

# પંચનાથ શેરી નં.૧૬માં અન્ય ધર્મના વ્યક્તિને મકાનના વેંચાણ સામે સ્થાનિકોનો વિરોધ

## વિસ્તારમાં સુલેહ-શાંતિ જાળવવા મિલ્કતના સાટાખત-વેંચાણ દસ્તાવેજ ન નોંધવાનો હુકમ જારી કરવા કલેક્ટર તંત્રને આવેદન



**અબતક, રાજકોટ**

પંચનાથ પ્લોટ શેરી નં.૧૬માં એક વ્યક્તિ દ્વારા અન્ય ધર્મના વ્યક્તિને મકાન વેંચાણ કરવામાં આવી રહ્યું હોય તે અંગેના સાટાખત-વેંચાણ દસ્તાવેજ ન નોંધવા દેવા સ્થાનિકોએ જીલ્લા કલેક્ટર તંત્રને આવેદન પાઠવ્યું હતુ સાથે આ વિસ્તારને અશાંત ધારામાં સમાવવાની માંગ પણ કરી હતી.

આવેદનમાં જણાવાયું હતું કે અમારી શેરીમાં મગનભાઈ પટેલ નામની વ્યક્તિ રહે છે અને તેઓએ તેમનું મકાન ધર્મ/સમુદાયના ઈસમ-વ્હોરા જ્ઞાતિનાં વ્યક્તિને વેચાણ કરવા માટે સોદો કરેલ છે તે અંગેની અમોને જાણ થતાં અમે લોકો તેમને મળવા જતા અને આ મકાન અન્ય ધર્મનાં લોકોને ન વેચાણ કરવા માટે સમજાવવા જતાં તેમણે જણાવેલ કે, ''આ મકાન મારૂ છે, મારે જેને વેચવું હોય તેને હું વેચીશ, તમારાથી થાય તે કરી લ્યો'' તેમ કહી અમોને જતા રહેવા કહેલ છે. અમારી શેરીમાં વર્ષોથી બધા હિન્દુ જ્ઞાતિનાં લોકો જ રહે છે, જો આ રીતે અમારી શેરીમાં અન્ય ધર્મ/સમુદાયની વ્યક્તિ રહેવા આવશે તો અમારી મીલ્કતોનાં ભાવ સાવ પડી ભાંગે તેમ છે તેમજ અન્ય ધર્મ/સમુદાયનું વર્ચસ્વ વધી જશે અને યેનકેન પ્રકારે અમો હિન્દુ જ્ઞાતિનાં લોકોને હેરાન-પરેશાન કરશે અને નાછૂટકે અમારે હિઝરત કરવાની ફરજ પડશે.

અગાઉ મગનભાઈ પટેલએ આ શેરીમાં કોઈ લઘુમતિ કોમનાં કે અન્ય ધર્મ/સમુદાયની વ્યક્તિને મીલ્કત વેચાણ કરે નહિ તે મતલબની અરજી પોલીસ સ્ટેશનમાં કરેલ અને હવે આ વ્યકિતએ જ અમારી સાથે વિશ્વાસઘાત કરી અશાંતધારા માટે અમારી સાથે આપેલ અરજી તેના નામની પરત ખેંચી અને પોતે પોતાની મિલ્કત અન્ય ધર્મ/સમુદાયની વ્યક્તિને પોતાની મિલ્કત વેચાણ કરવા પ્રેરવી કરી રહેલ છે તેમજ જો અમારી શેરીમાં લઘુમતિ કોમનાં કે અન્ય ધર્મ/સમુદાયની વ્યક્તિ રહેવા આવે તો વિસ્તારની શાંતિ ડહોળાઈ તેમ છે અને કજીયા-કંકાસ ઉભા થાય તેમ છે તેમજ અમારી બહેન દિકરીઓને બહાર નીકળવું મુશ્કેલ થાય તેમ છે. આ મિલ્કતના સાટાખત-વેંચાણ દસ્તાવેજ ન નોંધવા દેવા સબ-રજીસ્ટ્રારને હુકમ કરવાની માંગ છે.

---

# અગ્નિકાંડમાં સંડોવાયેલ અધિકારી-પદાધિકારીની તપાસ ઈડી-સીબીઆઈને સોંપોઃ આપ

## ટીપી સ્કિમ, રીંગ રોડ, એઈમ્સ, એરપોર્ટના લાગુ સર્વે નંબરોના છેલ્લા ૧૦ વર્ષના રેકોર્ડ તપાસવામાં આવે તો ગેરરીતીનો પર્દાફાશ થઈ શકેઃ કલેક્ટર તંત્રને આવેદન

**અબતક, રાજકોટ**

ટીઆરપી અગ્નિકાંડની તપાસમાં સંડોવાયેલા અધિકારીઓ અને પદાધિકારીઓની તપાસ ઈડી તથા સીબીઆઈને સોંપવાની માંગ સાથે આમ આદમી પાર્ટીએ જીલ્લા કલેક્ટર તંત્રને આવેદન પાઠવ્યું છે.



આવેદનમાં જણાવાયું હતું કે ટી.આર.પી. ગેમ ઝોનમાં ભોગ બનેલા આશરે ૨૭ જેટલા નિર્દોષ ભૂલકાઓ સહિતના ઓને ન્યાય અપાવવા માટે જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ વિવિધ વિભાગો દ્વારા જે તપાસ ચાલી રહેલ છે. અને આ તપાસમાં અઢળક ધન સંપતિ, તેમજ મિલ્કતોને લગતુ સહિત્ય મળેલ છે જે ગુજરાત પ્રશાસન અને સામાજને લાંછન લાગે તેવી ઘટના હોય પરંતુ આ તપાસમાં જેમ જેમ આગળ વધવામાં આવે તેમ તેમ ખૂબ જ ચોકાવનારી વિગતો બહાર આવે છે તેમજ આમા ફાયર વિભાગ તેમજ અન્ય વિભાગોના અધિકારીઓ સુધી તપાસમાં ત્રુટી રહી જતી હોય તેવુ લાગે છે. અને અધિકારી પાસેથી મળેલ અપ્રમાણસર મિલ્કત કોઈ કાળે તેમના એકલાથી ગેરરીતી આચરીને આ કાર્યવાહી કરી હોય તેવુ માની શકાય તેવુ શક્ય નથી. માટે ટી.પી.ઓ દ્વારા વિવિધ વિસ્તારની ટાઉનપ્લાનીંગ સ્કીમો ડ્રાફ્ટ અને અમલવારી કરેલ છે ત્યારે ટી.પી સ્કીમમાં લાગુ પડતા જરૂરી પ્લોટો જેવા કે કોમન પ્લોટ, સ્કુલ, બાગ-બગીચા, ઈ.ડબ્લ્યુ એસ., વિગેરે જેવા પ્લોટો ડ્રાફ્ટ સ્કીમમાં દર્શાવી અને નાણાંકીય ગેરરીતી કરીને ખાતેદારો પાસેથી નાણાંકીય વહીવટ કરીને ખૂબ જ મોટા પ્રમાણમાં ફેરફાર કરેલ હોય શકે આ તમામ ટી.પી. સ્કીમોનો મુસ્સદો જાહેર થયા બાદથી મંજુર થયા સુધી કેટલી વાર પ્લોટોમાં ફેરફાર કરવામાં આવ્યો અને કોના ઈશારેથી, કે કોના લાભ માટે, શું ગેરરીતી કરી આ બધી તપાસ સી.બી.આઈ. દ્વારા અને ઈ.ડી. દ્વારા તપાસ કરવી ખૂબ જ જરૂરી છે તેમજ રાજકોટના પ્રપોઝ રીંગરોડની ડિઝાઈન જાહેર થયાના સમયે તેની આજુબાજુના સર્વે નંબરોના સબ રજીસ્ટારના દસ્તાવેજી તપાસની કામગીરી સી.બી.આઈ. તેમજ ઈ.ડી.ને સોંપવામાં આવે તો ભ્રષ્ટ અધિકારી તેમજ પદાધિકારીઓની સાંઠ-ગાઠ ખુલી શકે માટે આ તપાસ વિવિધ ટી.પી.સ્કીમો અને રીંગ રોડ, એઈમ્સ અને નવા એરપોર્ટના લાગુ સર્વે નંબરોના છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તપાસવાથી ભ્રષ્ટ અધિકારીઓ અને પદાધિકારીઓની ગેરરીતીનો પર્દાફાશ થઈ શકે માટે આ બાબતે ઈ.ડી. તથા સી.બી.આઈ.ને તપાસ સોંપવામાં આવે.

---

**જીસીસીઆઈ દ્વારા આયોજીત**

# ગૌકુલમ વેબીનાર સિરીઝમાં પશુમાં આર્યવૈદીક સારવારનો યોજાયો વેબીનાર

## વેબીનારમાં ડો. એસ.કે. કુમાર દ્વારા અપાયું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

ગૌકુલમ વેબીનાર સિરીઝ ગૌ જાગૃતિ અને ગૌ ઈકોનોમી દ્વારા સામાજિક-આર્થિક વૃદ્ધિ માટેની તકોને હાઈલાઈટ કરે છે. રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ અને જીસીસીઆઈ ના ફાઉન્ડર ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ જીસીસીઆઈ દ્વારા એથનો વેટરનરી મેડિસિન - પશુ આયુર્વેદ પ્રેક્ટીસ વિષયની વધુ સમજણ અને ઉપયોગને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે, ડો.એસ. કે.કુમાર ના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.







આ વેબિનારમાં ડો. એસ. કે.કુમારએ જણાવ્યુ હતું કે એથનો વેટરનરી મેડિસિન એ વિશ્વભરના ગૌપાલકો, કિસાનો સમુદાયો દ્વારા તેમના પશુધન અને પ્રાણીઓના સ્વાસ્થ્યની સારવાર અને સંભાળ માટે ઉપયોગમાં લેવાતા પરંપરાગત જ્ઞાન અને પદ્ધતિઓનો સંદર્ભ આપે છે. ઘણા ગ્રામીણ અને સ્વદેશી સમુદાયોમાં, એથનો વેટરનરી મેડિસિનનું જ્ઞાન પ્રાણીઓની આરોગ્ય સંભાળની કરોડરજ્જુ બનાવે છે. જે ગ્રામીણ અને સ્વદેશી સમુદાયો માટે આજીવિકા અને નિર્વાહના નિર્ણાયક સ્ત્રોત છે. એથનો વેટરનરી પ્રેક્ટિસ દ્વારા, સમુદાયોએ ચેપ, ઘાથી લઈને પ્રજનન સંબંધિત સમસ્યાઓ અને પોષક તત્ત્વોની ખામીઓ સુધી, પ્રાણીઓને અસર કરતી વિવિધ બિમારીઓ માટે અસરકારક સારવાર વિકસાવી છે.

જીસીસીઆઈ દ્વારા પશુ આયુર્વેદ અને એથનો વેટરનરી મેડિસિન માટે યુવાનો અને વેટરનરી અથવા તો અન્ય ચિકિત્સા પદ્ધતિના ડોક્ટરો પોતાની રીતે આ વેટરનરી મેડિસિન ફાર્મા કંપની બનાવવાના વ્યવસાયમાં આગળ આવે સાથે આયુર્વેદ વેટરનરી મેડિસિન, હોમીયોપેથિક અને ટ્રેડીશનલ મેડિસિન ના નવા સ્ટાર્ટ - અપ, ફાર્માસ્યુટીકલ કંપની પણ આ ક્ષેત્રમાં સ્થાપિત કરી શકાય છે. જેથી સસ્તી અને સારી દવાઓ પશુઓના આરોગ્ય માટે મળી શકે. દરેક ગૌશાળા અથવા તો ગૌપાલકો, ખેડૂતો મેડિશનલ, હર્બલ પ્લાન્ટના પ્લોટ બનાવી આવી આયુર્વેદિક વનસ્પતિઓનો પણ ઉછેર કરે જેથી કરીને તેનું મોટું માર્કેટ છે તેઓ તેનો લાભ લઈ શકે. આ માટે જરૂરી સમગ્ર માર્ગદર્શન જીસીસીઆઈ ટીમ દ્વારા પુરું પાડવામાં આવશે,

સમગ્ર વેબિનારનું સંચાલન સહકાર ભારતીના રાષ્ટ્રીય પદાધિકારી અને જીસીસીઆઈના રાષ્ટ્રીય કારોબારી સભ્ય શતાબ્દી પાંડે દ્વારા કરવામાં આવ્યું હતું.

એથનો વેટરનરી મેડિસિન - પશુ આયુર્વેદ પ્રેક્ટીસ અને આગામી પહેલ વિશે વધુ માહિતી માટેજીસીસીઆઈ ના જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી અને તેજસ ચોટલીયા મો. ૯૪૨૬૯ ૧૮૯૦૦ પર સંપર્ક કરવા યાદી માં જણાવ્યુ છે.

---

# ખાનગી બેંકના કર્મચારીનું વીજશોકથી મોત

## પાણીની મોટર ફેરવતી વેળા સર્જાય દુર્ઘટના, યુવકના અકાળે મૃત્યુથી પરિવારમાં કલ્પાંત

**અબતક,રાજકોટ**

કોઠારીયા રોડ પર ખોડિયાર સોસાયટીમાં રહેતા યુવકને પાણીની મોટર ફેરવતી વખતે વીજ શોક લાગતા બેભાન હાલતમાં જ મોત નીપજ્યું હતું.

શહેરના કોઠારીયા રોડ પર નંદા હોલ નજીક ખોડિયાર સોસાયટીમાં રહેતા રાજેશ અરવિંદભાઈ બારડ નામના ૩૦ વર્ષીય યુવક સવારે નવેક વાગ્યે ઘરે પાણીની મોટર ફેરવતો હતો ત્યારે વીજ કરંટ લાગતા ચીસ પાડી અર્ધ બેભાન થઈ પડી જતા પરિવારજનો દોડી આવ્યા હતા



અને તાકીદે યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવ્યો હતો પરંતુ ત્યાં નિષ્પ્રાણ દેહ જ પહોંચ્યો હતો. મૃત્યુ પામનાર રાજેશ બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતા પોતે કોટક બેંકમાં નોકરી કરતો હતો.

પરિવારજનોના કહેવા મુજબ ફળિયામાં રહેલી મોટર ફેરવવાની હોવાથી સ્વિચ પણ બંધ કરી હતી એમ છતાં ભેજ હોવાના કારણે શોક લાગ્યો હોવાનું જણાવ્યું હતું, આશાસ્પદ યુવકના મોતથી પરિવારમાં શોકનું મોજુ છવાયું છે. બનાવ અંગે આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# પીપળીયા ગામમાં નકલી ગૌરી પ્રિ-પ્રાયમરી સ્કૂલ પકડાઈ!

## રાજ્યમાં નકલી અધિકારીઓ, નકલી સરકારી કચેરી, નકલી ટોલનાકા બાદ હવે નકલી સ્કૂલ પકડાતા શિક્ષણબેડામાં ખળભળાટઃ સ્કૂલને સીલ કરવામાં આવી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં નકલી અધિકારીઓ, નકલી સરકારી કચેરી, નકલી ટોલનાકા બાદ હવે નકલી સ્કૂલ પકડાઈ છે. રાજકોટના કુવાડવા તાલુકાના માલિયાસણ પીપળીયા ગામમાં નકલી પ્રિ-પ્રાયમરી સ્કૂલ પકડાઈ છે. ચોંકાવનારી વાત એ છે કે આ નકલી સ્કૂલ દુકાનમાં ચાલતી હતી. શિક્ષણ વિભાગના અધિકારીઓ ઊંઘતા રહ્યાં અને આવી રીતે દુકાનમાં નકલી સ્કૂલ કાર્યરત થઈ જતા મોટા સવાલો ઉભા થયા છે. માલિયાસણ પીપળીયા ગામમાં કોઈ પણ જાતની માન્યતા વગર ગૌરી પ્રિ-પ્રાયમરી સ્કૂલના નામે દુકાનમાં વર્ગખંડ બનાવીને બાળકોને ભણાવવામાં આવી રહ્યા હતા. જો કે આ ઘટનાની જાણ થતા શિક્ષણ વિભાગના અધિકારીઓ પોતાનું નાક બચાવવા ઊંઘમાંથી ઉભા થઈને દોડી આવ્યાં હતા અને આ નકલી સ્કૂલને સીલ કરી દીધી છે. તો આ નકલી સ્કૂલના શાળા સંચાલક પણ સામે આવ્યા છે. પ્રિ-પ્રાયમરી સ્કૂલ આર.સી.ધડુકે કહ્યું કે શાળા અને અમે ટ્યુશન ક્લાસ ચલાવી રહ્યા હતા. જો કે નકલી સ્કૂલના પરિણામ વિષે તેમણે કોઈ જવાબ આપ્યો નથી. આ નકલી સ્કૂલને શિક્ષણ વિભાગે સીલ કરી દીધી છે અને આ મામલે પોલીસને પણ જાણ કરવામાં આવી છે. પણ સૌથી મોટો સવાલ એ છે કે આ શાળામાં પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓના ભવિષ્યનું શું થશે?

### તમામ ૩૩ વિદ્યાર્થીઓને સરકારી શાળામાં ટ્રાન્સફર કરાશેઃ વિમલ ગઢવી (તાલુકા પ્રા. શિક્ષણ અધિકારી)

રાજકોટ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિમલ ગઢવીએ જણાવ્યુ હતું કે,પીપળીયા ગામે ગેરકાયદેસર ગૌરી નામથી ચાલતી શાળા સિલ કરાઈ છે.ધોરણ ૧ થી ૧૦ સુધી વિદ્યાર્થીઓ મળી આવ્યા છે.કુલ ૩૩ વિદ્યાર્થીઓ શાળામાં અભ્યાસ કરતા હતા રોડ થી અંદર શાળા હોવાથી ધ્યાને આવી ન હતી.નકલી શાળામાં અભ્યાસ કરતા તમામ વિધ્યાર્થીઓને સરકારી શાળામાં ટ્રાન્સફર કરાશે.અમારા ધ્યાને હવે આવતા ફરિયાદ દાખલ કરાવીશું અને સ્કૂલમાંથી ગેરકાયદેસર ૭ જેટલા એલસી પણ કબ્જે કરાયા છે.

# નવયુગપરામાં અગાઉના મનદુઃખના કારણે બે પરિવાર વચ્ચે બઘડાટી

### ઈંટ અને સોડા બોટલોના ઘા કરાયાઃએ ડિવિઝન પોલીસે સામ-સામે ગુનો દાખલ કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના નવયુગપરામાં અગાઉના મનદુઃખના કારણે બે પરિવાર વચ્ચે બોલાચાલી થયા બાદ બંને પરિવાર વચ્ચે ઝઘડો થતા ઈંટો તથા સોડા બોટલોના સામસામાં ઘા કરતા એ-ડીવીઝન પોલીસમં સામસામી ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ નવયુગપરા શેરી નં. ૨ માં રહેતી સંગીતા રવજીભાઈ મુછળીયા (ઉ.વ. ૨૫) એ એ-ડીવીઝન પોલીસ મથકમાં ઘર પાસે રહેતા ભરત ઉર્ફે બાબુ કેશુભાઈ વાઘેલા નીરંજન ઉર્ફે હપુ કેહુભાઈવાઘેલા કિશોર વાઘેલા અને રાહુલ કિશોરભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી છે. સંગીતાએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે ઘરેથી ઈમીટેશનનું કામ કરે છે. પરમદિવસે પોતે ઘરની બહાર કચરો નાખવા માટે નીકળી ત્યારે પોતાની શેરીમાં રહેતો નિરંજન ઉર્ફે બાબુ પોતાના ઘર પાસે નીકળીને ગાળો બોલતો હોઈ તેથી પોતે ઘરમાં જતી રહી બાદ રાત્રે પોતાનો ભાઈ પ્રદિપ કામ પરથી ઘરે આવતા પોતે તેને વાત કરી હતી. બાદ પોતાના માસી શોભનાબેન અને તેનો દીકરો જયદીપ રાઠોડ પોતાના ઘરે બેસવા આવ્યા હતા. ત્યારે પોતાના ભાઈ પ્રદિપને માસીના દીકરા જયદીપનો ફોન અવેલ કે હું મારા મમ્મીને ઘરે ઉતારીને નાસ્તો લેવા ગુંદાવાડીમાં ગયો ત્યારે તમારી શેરીમાં રહેતો નીરંજન ઉર્ફે હપુ વાઘેલા તેનો ભાઈ ભરત ઉર્ફેબાબુ બંને મારી પાસે આવીને મને ઝાપટ મારીને કહેલ કે તારા માસીનો દીકરો પ્રદિપ અમારી સાથે અવાર-નવાર શું ઝઘડો કર્યા કરે છે. તેમ કહી મને ગાળો આપવા લાગતા હું ત્યાંથી નીકળી ગયો હતો. તેમ વાત કરતા પોતાનાભાઈ પ્રદિપે માસીના દીકરા જયદીપને પોતાના ઘરે બોલાવતા જયદીપ ઘરે આવી ને બનાવ બાબતે વાત કરી હતી.

અગાઉ આ નીરંજન એકાદ મહિના પહેલા શેરીમાં ગાળો બોલતો હોઈ ત્યારે તેને ગાળો બોલવાની ના પાડતા તે બાબતનો ખાર રાખી માસીના દીકરાને ઉભો રાખી ઝાપટ મારી હતી. આ બાબતે પોતાના પિતા રવજીભાઈ ભાઈ પ્રદિપ તથા મોટાબાપુ પ્રેમજીભાઈ અને માસીનો દીકરો જયદીપ રાઠોડ નીરંજન ઉર્ફે હપુ વાઘેલાના ઘરે સમજાવવા જતા હતા.

ત્યારે ભરત ઉર્ફે બાબુ વાઘેલા તેનો ભાઈ નિરંજન ઉર્ફે તેના કાકા કિશોર વાઘેલા અને રાહુલ વાઘેલા તેના ઘરના ત્રીજા માળે અગાશી પર ચડીને ગાળો બોલી સોડા બોટલના શેરીમાં ઘા કરવા લાગ્યા હતો. અવાજ થતા પોતે તથા માતા અને નાની બહેન વૈશાલી ઘરની બહાર શેરીમાં નીકળતા શેરીમાં આ લોકો સોડા બોટલના ઘા કરતા હોઈ તેમાં કાચ ઉડીને વૈશાલીના પગમાં લાગતા ઈજા થઈ હતી. બાદ વૈશાલીને ૧૦૮ મારફતે સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

જયારે સામાપક્ષે ભરત ઉર્ફે બાબુ કેશુભાઈ વાઘેલા (ઉ.વ. ૨૭)એ પ્રદિપ રવજી મુછડીયા, રવજી માવજીભાઈ મુછળીયા, પ્રેમજી માવજીભાઈ મુછળીયા અને જયદીપ મોહનભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં ગઈકાલે રાત્રે પોતે નાસ્તો લેવા માટે એકટીવા લઈને ગુંદાવાડીમાં ગયો હતો ત્યારે બલદેવ હોટલ પાસે પહોંચતા પોતાની શેરીમાં રહેતો પ્રદિપ રવજીભાઈ મુછળીયાના માસીનો દીકરો જયદીપ રાઠોડ તેનું એકસેસ લઈને પોતાની પાછળ આવતો હોઈ અને હોર્ન મારતો હોઈ તેથી પોતે તેને કહેલ શા કારણે હોર્ન મારે છે. તેમ કહેતા આ જયદીપ ઉભા રહી ગાળો આપી ઝઘડો કરવા લાગ્યો જેથી પોતે પોતાના ઘરે જતો રહયો હતો.

ત્યારબાદ પોતાનાભાઈ નીરંજનને તથા કાકા કિશોરભાઈ અને તેનો દીકરો રાહુલ ઉર્ફે કારો વાઘેલા ઘરની અગાશી પર જોવા માટે ચડતા શેરીમાં પોતાના ઘર પાસે પ્રદિપ તેના પિતા સહિત ચારેય ગાળો બોલતા બોલતા ઘરપાસે આવતા હોઈ અને જયદીપને ગાળો આપી ઝઘડો કરી તુ અને તારો ભાઈ અમારી સાથે અવાર-નવાર ઝઘડો કરો છો કહી ગાળો આપતા તેને ગાળો આપવાની ના પડતા ચારેયે ઘર પાસે ઈંટો-સોડા બોટલના ઘા કરતા પોતે પોલીસ કંટ્રોલમાં ફોન કરતા પોલીસની ગાડી આવી જતા ચારેય ભાગી ગયા હતા બાદ પોતે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### સોલાર પ્લાન્ટ...

વિકસાવવામાં ખાનગી ક્ષેત્રને ટેકો આપે છે. ૨૦૨૦માં દેશમાં ગ્રુપના ફ્લેગશિપ પ્રોજેક્ટના ધિરાણ બાદ, એડીબી એ ભારતમાં એન્જી ગ્રૂપ માટે ધિરાણ કર્યું હોય તેવો આ બીજો પ્રોજેક્ટ છે, અને ભાગીદાર સંસ્થાઓ પાસેથી લાંબા ગાળાના ધિરાણને એકત્ર કરવા પર અમારા ધ્યાન કેન્દ્રિત છે.

### અમિત શાહ...

લોઝ તૈયાર કરવામાં આવ્યા છે જેનો તમામ રાજ્યોએ સહર્ષ સ્વીકાર કર્યો છે જેના પરિણામે દેશના તમામ રાજ્યો સહકારિતા ક્ષેત્રમાં નવા નવા આયામો શરૂ કરવામાં આવ્યા છે. આજે સહકારિતાના અનેક ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે દેશના યુવાનો માટે રોજગારીની નવી તકો ઉપલબ્ધ થઈ રહી છે.

તેમણે કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી અંદાજે ૫,૦૦૦થી વધુ પ્રાઈમરીથી એપેક્ષ બોડીના સભ્યો, ૨૦૦થી વધુ રાષ્ટ્રીયકક્ષાના સહકારના પ્રતિનિધિઓ, દૂધ મંડળીઓ-સંઘો, સહકારી બેંકો, એપીએમસી સહિત વિવિધ સહકારી ક્ષેત્રો સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે.

### રાહુલ ગાંધી...

અધિકારી ડંડો ફટકારી પથ્થરબાજી રોકી શકતા હતા પોલીસની ફરિયાદમાં એકપણ ભાજપના નેતાના નામ નથી. કોંગ્રેસની બે હિન્દુ મહિલાઓના નામ પોલીસ ફરિયાદમાં છે.

કોંગ્રેસ ઓફિસમાં તોડફોડ કરનાર લોકો વિડિયો વાયરલ કરી રહ્યા છે. વિડિયો વાયરલ થાય બાદ પણ પોલીસ દ્વારા કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી ? પોલીસને કોંગ્રેસ ઓફિસ દ્વારા પહેલા જાણ કરવા છતાં પોલીસ પગલાં લીધા નથી. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, સહિતના વરિષ્ઠ નેતાઓએ પોલીસ જાણ કરવામાં છતાં કાર્યવાહી નથી. મંજૂરી વિના ભાજપના લોકો કોંગ્રેસ ઓફિસ આવ્યા છે. પોલીસ દ્વારા ભાજપના લોકો મદદ કરી છે. સૂત્રોચ્ચાર બાદ પથ્થરમારો ભાજપના લોકો શરૂ કર્યો હતો. પોલીસ જનતા નહિ પણ ભાજપ મદદ કરી રહી હોવાના આક્ષેપ પોલીસની ફરિયાદમાં ભાજપના નેતાનું નામ કેમ નહિ ? કોંગ્રેસના મહિલા નેતાઓનું નામ લખવામાં આવ્યું છે. નવો કાયદો બહુ સ્પષ્ટ છે કે ફરિયાદી પહોંચે તો તેની ફરિયાદ લેવી જોઈએ. કાયદા મુજબ ઋઈછ લેવી ફરજિયાત છે તેમ છતાં કોંગ્રેસના નેતા કલાકો સુધી બેસાડવામાં આવ્યા છે અને હજુ સુધી ફરિયાદ નહિ પણ માત્ર અરજી લેવામાં આવી.

કોંગ્રેસ અન્યાય સહન નહિ કરે. કોંગ્રેસનો કાર્યકર બબ્બર શેર છે. પોલીસ અધિકારીઓ સામે જરૂર પડશે તો સુપ્રીમ કોર્ટ સુધી જઈશું. જો પોલીસ દ્વારા નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેના જવાબમાં ૬ જુલાઈએ કોંગ્રેસનો કાર્યકર પ્રદેશ કાર્યાલયથી રસ્તા પર ઉતરશે અને જેલભરો સુધીનો કોલ આપવામાં આવશે, અમે ઈચ્છતા તો રથયાત્રાના દિવસે પણ આ કોલ આપી શકતા હતા. પરંતુ રથયાત્રાના પાવન પર્વમાં સુપેરે પુર્ણ થાય અને ભાવી ભક્તોને તકલીફ ના પડે તે માટે કોંગ્રેસ પક્ષ કાલે કાર્યક્રમ યોજશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ગુજરાત પ્રદેશ કાર્યાલય આવવા માટે વિનંતી કરી છે, રાહુલ ગાંધી પ્રદેશ કાર્યાલય કાર્યકરોને મળવા માટે આવશે. શિવભક્ત ગુજરાતીઓ ભાજપને ઓળખી ગયા છે. ૨૦૨૭ માં ગુજરાત ભાજપને જવાબ આપશે.

(ચોથા પાનાનું ચાલુ)

### ઈસ્કોન મંદિર

માર્ગમા ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે ટે હેતુ થી સ્વયં સેવકોની એક ટીમ બનાવવા મા આવી છે તદુપરાંત રથયાત્રા દરમિયાન રસ્તામા આવતા ઈલેકિટ્રક વાયરો થી કોઈ અકસ્માત ના થાય તે હેતુ થી ટીમ પણ રથયાત્રાની સાથે તૈનાત રહે તે માટે પણ વિનંતી કરવામાં આવેલ છે. પોલીસ પ્રશાસનમાંથી પણ રથયાત્રા ની સલામતી જાળવવા માટે રથયાત્રામા પોલીસ નો કાફલો પણ તૈનાત રહેશે.

આમ, રાજકોટ ની ધર્મ પ્રેમી અને ઉત્સવ પ્રેમી જનતા ને રથયાત્રામાં જોડાવાનું અને સાંજે ભંડારા પ્રસાદનો લાભ લેવા માટે મંદિરે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. આપ સૌ ને રથયાત્રા માં ઉપર જણાવેલ માર્ગમાંથી આપના નિવાસની નજીક પડતા માર્ગે થી જોડાઈ ને ભગવાનના દર્શનનો લાભ લેવાનો ભાવભર્યું આમંત્રણ છે

### નાગબાઈમાંની ૧૪ ફૂટ ઉંચી વિરાટ

સમસ્ત ચારણીયા સમાજનાં યુવાનો છેલ્લા બે મહિનાથી પૂ. જગદંબા આઈશ્રી નાગબાઈ માઁનાં પ્રાગટ્ય મહોત્સવની તૈયારી માટે ભારે જહેમત ઉઠાવી રહયા છે. ચારણીયા સમાજનાં વડીલોનો પણ સહકાર અને માર્ગદર્શન મળી રહયા છે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં પ્રવિણ ગોવિયા, સુરેશ ગર, પ્રવિણ મોખરા, દિનેશ ચૌહાણ, કિશોરભાઈ ચૌહાણ, યાજ્ઞિક ગોગીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### સુજોક થેરાપી

તેમજ આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા તપન પંડયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ થેરાપીના નિશુલ્ક સારવાર તેમજ અવેરનેસ સેમિનાર માટે મો. નં. ૯૮૭૯૮ ૪૧૦૪૮નો સંપર્ક કરવા જણાવાયું છે.

### એચ.વી. મહેતા ઈન્સ્ટીટયુટ

ઉપયોગમાં આવતી આધુનિક તકનીકોની સમજ મેળવી હતી અને રાસાયણિક વિશ્લેષણ અને પુરાવા પ્રક્રિયાની શોધખોળ જેવી મહત્વની બાબતો વિશે તલસ્પશી માહિતી મેળવી હતી. આ મુલાકાતે નર્સિંગના વિદ્યાથીઓની ફોરેન્સિક સાયન્સ એપ્લિકેશન્સની વ્યાપક અને યોગ્ય સમજ પૂરી પાર્ડી હતી.

આ વિજ્ઞાન પ્રયોગશાળાની સફળ મુલાકાતના આયોજન બદલ ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડીં.વી મહેતા અને મેનેજિંગ ડિરેકટર જય મહેતાએ નર્સિંગ વિભાગના પ્રિન્સિપાલ ડૉ. આશિષ ગૌતમને અભિનંદન પાઠવ્યા હતા.

### સ્વચ્છ શાળા કેટેગરીમાં સરસ્વતિ શિશુ મંદિર સ્કુલ

મનીષભાઈ રાડિયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુ ઉપરાંત સરસ્વતી શિશુમંદિરના ટ્રસ્ટીઓ પલ્લવીબેન દોશી, રક્ષિતભાઈ પટેલ, ખંતીલભાઈ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં દાખવેલી સ્વચ્છતા અને સુવિધા બદલ મનપાના અધિકારી અને પદાધિકારીઓએ સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી શિશુમંદિરના સંચાલકોને બિરદાવ્યા હતા.

(અગીયારમા પાનાનું ચાલું)

### રાજકોટ...

રાજકોટનું નામ માસૂમાબાદ કર્યું હતું. ત્યારબાદ અંગ્રેજોનું શાસન આવતા રાજકોટને ફરી રાજ પરિવાર મળ્યો.

રાજકોટના રાજવીઓએ ધર્મેન્દ્રસિંહજી લો કોલેજ, રાજકુમાર કોલેજ,ધર્મેન્દ્રસિંહજી કાપડ માર્કેટ, બાવાજીરાજ સ્કૂલ, ધર્મેન્દ્રસિંહજી કાપડ માર્કેટ, લાખાજીરાજ લાઈબ્રેરીનું નિર્માણ કર્યું. તત્કાલીન દુકાળને પહોંચી વળવા લોકોને રોજગારી મળી રહે તે માટે રાજવી દ્વારા રણજીત વિલાસ પેલેસનું પણ નિર્માણ કરાયું હતું.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પિતા કરમચંદ ગાંધી તત્કાલીન રાજવી બાવાજીરાજના દીવાન હતા અને આ સંબંધના નાતે રાજકોટનું રાજપાટ તત્કાલીન રાજવી ધર્મેન્દ્રસિંહજીએ લોકશાહીને મજબૂત બનાવવા સરળતાથી ગાંધીજીને સોંપી દીધું હતું. રાજાશાહી સમયમાં ટ્રેન સેવા માટે રાજવીઓએ મોટું દાન પણ આપ્યું હતું.જે તે સમયે મચ્છરોનો ત્રાસ પણ ખૂબ વધતા રાજવીએ સૌપ્રથમ પોતાના મહેલમાંથી મચ્છર જાળી કાઢી લોકોને સુરક્ષિત કરવા આપી દીધી હતી. આમ પ્રજા વત્સલ રાજવી તરીકેનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું હતું.

રાજકોટને પ્રજા વત્સલ અને લોક ખેવનાવાળા રાજવીઓ મળ્યા તેના કારણે રાજકોટનો અવિરત વિકાસ થતો રહ્યો જે લોકશાહીમાં પણ આગળ વધતો જ રહ્યો છે.આઝાદી પછી સૌરાષ્ટ્ર રાજ્ય બન્યું અને ઉચ્છરંગરાય ઢેબર જેવા લોકપ્રિય મુખ્યમંત્રી પણ રાજકોટને મળ્યા જેણે રાજકોટના વિકાસને આગળ વધાર્યો.

# કટારીયા ચોકડી ખાતે ફ્લાયઓવર સંદર્ભે સ્થળની મુલાકાત લેતા મ્યુનિ.કમિશનર

## નાનામવા આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડીની મુલાકાત લઈ દર્દીઓ સાથે પરામર્શ પણ કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈએ આજે કાલાવડ રોડ કટારીયા ચોકડી ખાતે ૩-લેયર મલ્ટીલેવર ફ્લાયઓવર બ્રિજ બનાવવા અંગે સ્થળની મુલાકાત કરી હતી તેમજ નાનામવા આરોગ્ય કેન્દ્ર અને નજીકમાં આવેલ આંગણવાડીની પણ મુલાકાત કરી આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલ દર્દીઓ સાથે સુવિધા અને ઉપલબ્ધતા અંગે પરામર્શ કરી હતી.મ્યુનિસિપલ કમિશનરએ, વોર્ડ નં.-૧૧માં કટારીયા ચોકડી ખાતે ૩-લેઅરમાં મલ્ટીલેવલ ફ્લાય ઓવર બ્રિજ બનાવવાના કામની સ્થળ મુલાકાત કરતા જણાવ્યું હતું કે, ૪૫ મીટર પહોળા ટીપી કાલાવડ રોડ પર ૨૫ મીટર પહોળો ફ્લાયઓવર (૧૮ મીટર વાહનો ૭ મીટર રાહદારી પુલ), કાલાવડ રોડ પર ૪ લેન ૮૫૦ મીટર લાંબો ફ્લાયઓવર, ફ્લાયઓવરની કુલ ૮૫૦ મીટર લંબાઈમાં ફરજિયાત (મુખ્ય) સ્પેનઆઉટમાં વચ્ચેનાં ભાગમાં ૧૬૦ મીટર લાંબો આઈકોનિક એક્સ્ટ્રા ડોઝ બ્રિજ ભાગ, અવિરત અને સલામત ટ્રાફિક અને રાહદારીઓની અવરજવરના આયોજન સાથે આ પ્રકારનો ગુજરાતમાં પ્રથમ વાહન ક્રમ પેડેસ્ટ્રિયન ફ્લાયઓવર બ્રિજ બનવા જઈ રહ્યો છે.

આ બ્રિજ બનાવવા માટે અંદાજીત રકમ રૂ.૧૫૮.૦૦ કરોડનો ખર્ચ થશે. આ બ્રિજ બનવાથી અંદાજીત ૩ લાખ નાગરિકો સરળતાથી પરિવહન કરી શકશે. ફ્લાય ઓવર બ્રિજની બંને બાજુ ૭.૫૦ મીટરનો સર્વિસ રોડ, રીંગ રોડ-૨ પર બીઆરટીએસ બસની અવર જવર માટે ૭.૫ મીટર, ગ્રાઉન્ડ કોરીડોર, પેડેસ્ટ્રીયન માટે ફુટપાથની વ્યવસ્થા, વરસાદી પાણીનાં નિકાલ માટે સ્ટ્રોમ વોટર લાઈન, સર્વિસ યુટીલીટી ડકટ, અંડરપાસની શરૂઆતમાં, ફ્લાયઓવર અંડરસ્પેસની નીચે જંકશનની મધ્યમાં સોફ્ટ લેન્ડસ્કેપ, ફ્લાયઓવર અંડરસ્પેસ ડેવલપમેન્ટના વિવિધ મલ્ટિયુઝ વિકલ્પો - પાર્કિંગ / બાળકોના રમવા / બહુવિધ ઉપયોગ, પ્લેટફોર્મ / હોકર્સ સ્ટેન્ડ / બેઠક / શૌચાલય. - ફ્લાયઓવરની ઉપર ૧.૩૫ મીટર પહોળો લેન્ડસ્કેપ / પ્લાન્ટેશન, સમગ્ર લંબાઈ માટે ફૂટપાથ તેમજ ફ્લાયઓવરની ટોચ પર ૧.૨ મીટર પહોળી ફૂટપાથ અને વાહનોની અવરજવર માટે બંને બાજુ વધારાનો પહોળો ૨ લેન કેરેજ-વે ૮.૫ મીટરનો બનાવવામાં આવશે.કાલાવડ રોડ કટારીયા ચોકડી પર બ્રિજની કામગીરી શરૂ થાય તે પહેલા એલઓપીમાં આવતી કપાતની જગ્યા મેળવવાની તેમજ યુટીલીટી શિફટીંગની કામગીરી પૂર્ણ કરવા મ્યુનિસિપલ કમિશનરએ સંબંધિત અધિકારીને સુચના આપી હતી.નાનામવા આરોગ્ય કેન્દ્ર ખાતેની મુલાકાત દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરએ આરોગ્ય કેન્દ્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓ.પી.ડી. બાબતે મેડીકલ ઓફિસર અને સ્ટાફ સાથે ઉપલબ્ધ સુવિધાઓ બાબતે ચર્ચા કરી હતી. ઉપરાંત આરોગ્ય કેન્દ્રમાં હાજર દર્દીઓ સાથે ખાસ કરીને આજે નિરામય દિવસની ઉજવણી હોઈ ત્યાં આવેલ ડાયાબીટીસ અને હાયપર ટેન્શન લગત દર્દીઓ સાથે દવાની ઉપલબ્ધતા અને લેબોરેટરી ટેસ્ટ બાબતે ચર્ચા કરી હતી. મ્યુનિસિપલ કમિશનરએ આરોગ્ય કેન્દ્રની લેબોરેટરી અને ફાર્મસીની પણ મુલાકાત લઈ દવાના સ્ટોક અને રસીકરણ અને ખાસ કરીને રેબીસ રસીકરણના સ્ટોક બાબતે માહિતી મેળવી હતી.

નાનામવા આરોગ્ય કેન્દ્રની બાજુમાં આવેલ આંગણવાડીની મુલાકાત દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ તેમાં કુપોષિત બાળકો, સગર્ભા અને ધાત્રી બહેનોને આપવામાં આવતું પોષણ આહારની રૂબરૂ તપાસણી કરી હતી. આંગણવાડી ખાતે ચાલતા મમતા દિવસની પણ મુલાકાત કરી જેમાં ૧ વર્ષ સુધીના બાળકોને રસીકરણ ઉપરાંત સગર્ભાની તપાસ બાબતે ફીમેઈલ હેલ્થ વર્કર બહેનોને પ્રોત્સાહન કરી માર્ગદર્શન આપ્યું હતું.મ્યુનિસિપલ કમિશનરની વિઝિટ દરમ્યાન નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી.કુંતેશ મેતા, આરોગ્ય અધિકારી જયેશ વકાણી, ડી.ઈ.ઈ. આઈ.યુ.વસાવા અને એ.ટી.પી. શૈલેષ સીતાપરા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટ માર્કેટીંગ યાર્ડ...

આજે બપોરે ૧૨ કલાકે ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તી માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. છેલ્લા અઢી વર્ષ દરમિયાન રાજકોટ માર્કેટીંગ યાર્ડને વિકાસની નવી ઉંચાઈએ પહોંચાડનાર, વેપારીઓ, ખેડૂતો અને મજૂરોના મોટાભાગના પ્રશ્નો હલ કરી દેનાર જયેશભાઈ બોઘરાને અઢી વર્ષ માટે ફરી રિપીટ કરવામાં આવ્યા છે. જ્યારે વાઈસ ચેરમેન ફર્યા છે. વસંતભાઈ ગઢીયાના સ્થાને ભાજપ કિસાન મોરચાના પ્રદેશ હોદ્દેદાર વિજયભાઈ કોરાટને વાઈસ ચેરમેન બનાવવામાં આવ્યા છે. ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુકતીમાં બળવો જવાની સંભાવના પણ અમૂક હિત શત્રુઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ આવું કશું જ થયું ન હતું. શિસ્તબધ્ધ ભારતીય જનતા પાર્ટીના યાર્ડના તમામ ડિરેક્ટરોએ હાઈકમાન્ડ મેન્ડેટને વધાવી લીધું હતું. ચેરમેન તરીકે જયેશભાઈ બોઘરા અને વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ કોરાટની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. બંનેએ યાર્ડના વિકાસને વધુ વેગ આપવાનું વચન આપ્યું હતું.

હાલ સાળંગપુર ખાતે પ્રદેશ ભાજપની કારોબારી બેઠક ચાલી રહી છે. જેમાં જિલ્લા ભાજપના પ્રમુખ સહિતના મુખ્ય આગેવાનો સામેલ થયા હોવાના કારણે આજે યાર્ડની ચૂંટણીમાં પક્ષનું મેન્ડેટ લઈને રા.લો. સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા આવ્યા હતા.

(બારમા પાનાનું ચાલું)

### માતાજીની ભાવવંદના..

ભેળયા ચરજ રજૂ કરાશે.

મોગલ ધામ આજીડેમ ખાતે આઈ શ્રી લક્ષ્મીબાઈ પાવન પગલાં કરશે રવિવારે રાત્રે ૯:૦૦ વાગે જગદંબા આઈ નાગબાઈ માં ના તમામ છોરુ ભાવ વંદનામાં ઉપસ્થિત રહેશે.

છેલ્લા દસ વર્ષથી રાજકોટ ખાતે ચારણીયા સમાજ દ્વારા શોભાયાત્રા નું સમાપન આઈ શ્રી નાગબાઈ માં ના વિશામાં ખાતે થવાની એક પરંપરા છે આ શોભાયાત્રા સવારે ૯:૦૦ વાગ્યે કિસાનપરા ચોક થી પ્રસ્થાન થઈ રાજકોટના વિવિધ વિસ્તારોમાં ફરીને માધાપર ચોકડી થી માધાપર આવશે.

સાંજે ૬:૦૦ વાગે શોભાયાત્રા વિસામાસ્થળે આવશે ઠેર ઠેર શોભાયાત્રા નું સન્માનને સ્વાગત કરવામાં આવશે ક્ષત્રિય સમાજના વાળા રાજપુત પૃથ્વીરાજ સિંહ વાળા ,શિવદીપસિંહ વાળા ,છત્રપાલસિંહ વાળા ની આગેવાનીમાં ક્ષત્રિય વાળા રાજપુત દ્વારા શીતલ પાર્કમાં સન્માન કરવામાં આવશે .

અવધ સોસાયટીમાં ડોડીયા પરિવાર દોલુભા ડોડીયા પરિવાર ગજુભા ગઢવી જસુભા ગઢવી સહિત આગેવાનો સ્વાગત કરશે આગેવાનીમાં માધાપર ગામમાં સમસ્ત ગ્રામજનો યાત્રાનું સ્વાગત કરશે

આ મહોત્સવમાં ભાવવંદના અને મહાપ્રસાદનો લાભ લેવા માય ભક્તોને ઈજન આપવામાં આવ્યું છે આ કાર્યક્રમમાં સફળ બનાવવા માટે ઘોઘુભા જાડેજા દોલુભા ડોડીયા , કિરીટસિંહ ડોડીયા ના માર્ગદર્શન હેઠળ ચારણ ગઢવી સેવા સમાજના પ્રમુખ નીતુભાઈ જીબા, પ્રકાશ ભા કવલ ભુપતભાઈ ગઢવી ક્ષત્રિય સમાજના આગેવાન પૃથ્વીરાજસિંહ વાળા ચારણીયા સમાજના આગેવાન પ્રવીણભાઈ ચારણીયા અને ભાવિકો જેમાં ઉઠાવી રહ્યા છે

(છેલ્લા પાનાનું ચાલુ)

### મેઘકૃપા.....

સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. ઉત્તર ગુજરાતના ચાર અને દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લામાં ભારે વરસાદનું હવામાન વિભાગનું અનુમાન છે તો કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી છે. આગામી ચાર દિવસ અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

### સ્વનિર્ભર...

જાહેર કરવામાં આવશે. હાલમાં આ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ ફી લેવામાં આવી રહી છે. ફી કમિટી દ્વારા નવી ફી જાહેર કરવામાં આવ્યા બાદ કેટલીક કોલેજોમાં વિદ્યાર્થીઓએ વધારાના તફાવતની ફી ભરવી પડશે. બીજીબાજુ કેટલીક કોલેજોમાં વિદ્યાર્થીઓએ ભરેલી પ્રોવિઝનલ ફી કરતાં ઓછી ફી નક્કી થાય તો વિદ્યાર્થીઓને તફાવતની રકમ પરત આપવી પડશે.

### માસૂમના મોત...

વર્ષથી અહીં રાવકીમાં પ્રશાંત પોલિમરમાં કામ અર્થે રહેતો હતો. જ્યારે મૃતક બાળકી કાજલનો પરિવાર છ માસ બાદ વતનથી હજુ ગઈ કાલે જ રાવકી ગામે આવેલો હતો. બાળક બે ભાઈ ત્રણ બહેનમાં નાનો છે અને બાળકી કાજલ તેના બે ભાઈઓની એકની એક બહેન છે. બનાવથી પરપ્રાંતિય પરિવારમાં ઘેરો કલ્પાંત છવાયો છે.

### પ્રદેશ પ્રમુખ.....

લોકસભાની તમામ ૨૬ બેઠકો જીતવાનો પક્ષનો લક્ષ્યાંક અધૂરો રહ્યો છે. બનાસકાંઠા બેઠક ભાજપ પાસેથી કોંગ્રેસ આંચક લીધી છે. ૨૬ બેઠકો પાંચ લાખથી વધુ મતોની લીડ સાથે જીતવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. માત્ર પાંચ બેઠકો જ પાંચ લાખની લીડથી ભાજપ જીતી શકયું છે. ચૂંટણી પરિણામની સમીક્ષાનો રિપોર્ટ સંગઠન મહામંત્રી રત્નાકરે કારોબારીમાં રજૂ કર્યો હતો. સાથોસાથ પક્ષના આગામી સંગઠાત્મક કાર્યકરોની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ દ્વારા વિશેષ ટીપ્પણી કરવામાં આવી હતી. જયારે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે સમાપન સંબોધન કર્યુ હતુ.આગામી દિવસોમાં જિલ્લા તથા મહાનગર કક્ષાએ ભાજપની કારોબારી બેઠકો યોજાશે જેમાં પ્રદેશ ભાજપની કારોબારી બેઠકમાં પસાર થયેલા ઠરાવોને અનુમોદના આપવામાં આવશે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ટંકારાવાળા હાલ રાજકોટ ગુર્જર સુતાર રમાબેન બેચરલાલ ભાલારા તે બેચરભાઈ વાઘજીભાઈ ભાલારાના પત્ની, ગોપાલભાઈના ભાભી, કિશોરભાઈ, રંજનબેન કિરીટકુમાર ભાડેશીયા, અનીલભાઈ, પરેશભાઈના માતા, નેહા, રવીના, એષા, વિશ્વના દાદીમા, સ્વ. દેવરાજભાઈ ખીમજીભાઈ વડગામાના દીકરી, સ્વ. રમણીકભાઈ, નટુભાઈ વડગામાના બેનનું તા. ૪ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૫ ને શુક્રવાર સાંજે ૪.૩૦ થી ૬ કલાક પંચશીલ સોસાયટી હોલ, એચ.દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. વિનોદભાઈ છગનભાઈ ભટ્ટી (ઉ.વ.૭૨) તે રમેશભાઈ કાંતિભાઈના મોટાભાઈ, મુકેશભાઈ, જીગ્નેશભાઈના પિતાનું તા. ૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૬ ને શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે ચંદ્રમૌલેશ્વર મંદિર, જનકપુરી સોસાયટી, ગંગોત્રી ડેરીવાળી શેરી, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલઃ** સ્વ ગુણવંતભાઈ કાબાભાઈ આંબલીયા તે મહેશભાઈ હરેશભાઈ રાજેશભાઈ અશોકભાઈ વિનોદભાઈ ના પિતાશ્રી તથા મુકેશભાઈ ઉર્ફે ટેમુભાઈ તથા પરેશભાઈ ઉર્ફે પિન્ટુભાઈ ના મોટા બાપુ તથા નૈમિષ વિશાલ મિલન વૈભવ ઉદીત મીત હિમાંશુ મેહુલ નક્ષના દાદાનું તા.૪/૭/૨૦૨૪ના ગુરૂવાર ના રોજ અવસાન પામેલ છે. સતગતનું બેસણું તા ૬/૭/૨૦૨૪ શનિવારના રોજ સાંજે ૪ થી ૬ અમારા નિવાસ સ્થાને મારુતિનગર જેતપુર રોડ ગોંડલ રાખેલ છે.

**રાજકોટઃ**ગૌ.વા ચંદુલાલ ગોપીનાથભાઈ તન્ના (રૂપાવટી વાળા) તે ગૌ.વા. ગોપીનાથ મણીલાલ તન્નાના પુત્ર,ગૌ.વા. પ્રફુલ્લભાઈ તન્નાના નાનાભાઈ તથા રાજુભાઈના મોટાભાઈ તેમજ કેતન તથા સાગરના પિતાશ્રી તથા ગૌ.વા. પરસોતમભાઈ અમરસીભાઈ જોબનપુત્રાના જમાઈનું તા. ૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા.૫ જુલાઈને શુક્રવારના રોજ તેમના નિવાસ સ્થાન શિલ્પન ઓનિક્સ, ગંગોત્રીપાર્ક મેઈન રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૫ શ્રસુરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# બંગલામાં માંસાહારી કુકડો આવ્યા બાદ ફોજદાર રાવ, પોપટ, બીલાડી અને કુતરાના ભેદી મોત...!


## ફોજદાર રાવના મૃત્યુ પછી કુકડો ગુમ થયા બાદ જયદેવે ભૂત બંગલામાં જ સુવાનો નિર્ણય કર્યો !

**ભૂત બંગલો-૨**

ફોજદાર જયદેવે જમદાર પાટીલને વિશ્વાસમાં લઈ ફોજદારી બંગલાની થતી ભૂતપ્રેતની વિચિત્ર વાતો કરવા તૈયાર કર્યો

અને પાટીલે વાત ચાલુ કરી ...

ફોજદાર વલીચાચા પહેલા રાવસાહેબ કરીને લોધિકાના ફોજદાર હતા. તેઓ ફોજદારી કવાર્ટરમાં એકલા જ રહેતા હતા. લગભગ તમામ કુટેવો તેઓ ધરાવતા હતા. નોનવેજ, આલ્કોહોલ તથા જે ઉપલબ્ધ હોય તે તમામ ! સીમ વગડે, એકલ-દોકલ વાઘરીનો કુબો હોય તો તેમાં પણ ઘુસી જતા અને પછી નાહવાનું પણ નહિં. અઠવાડિયે એકાદ વખત નાહવાનું! પોતે કવાર્ટરમાં એક પીંજરું રાખેલ તેમાં એક સરસ પોપટ પાળેલ હતો તથા એક બિલાડી અને એક પોમેડિયન કુતરુંપણ પાળેલું, કોન્સ્ટેબલો અને ઓર્ડરલી મામદને આ બધું કામ જવધી જતું. ખાસ તો નોનવેજ અને આલ્કાહોલની વ્યવસ્થાની લોધિકામાં ખૂબ મુશકેલી પડતી.




ગામડાઓમાં કોઈ ગુનાની તપાસ કે અરજીની તપાસમાં ફોજદાર રાવ મોટર સાયકલ લઈને જતા પણ તેમની જોખમી આદતોને કારણે કોઈ પોલીસ મનથી સાથે જવા રાજી નહિ અને રાવ પોતે પણ મોટરસાઈકલ લઈને એકલા જ નીકળી પડતા, રસ્તામાં જે કાંઈ શિકાર મળે અને ન મળે તો શોધીને પણ શિકાર કરી નાખતા ! એક વખત મોટરસાઈકલ લઈને સવારે નીકળેલા. તે સમયે વૈશાખ મહિનો, ભર ઉનાળાનો મહિનો ચાલુ હતો. તે દિવસે ધોમધખતા તડકામાં બપોરે બે વાગ્યે મોટરસાઈકલ લઈને રીબડા બાજુથી આવ્યા. સાથે એક જીવતો વિચિત્ર રીતે મોટા કદનો કૂકડો પણ લાવ્યા હતા. જેથી મે પૂછયું કે કયાંથી લાવ્યા? તો રાવ સાહેબ કહે કે કોઈ પાસેથી નથી લાવ્યો, આ તો જમીને રીબડાથી લોધિકા આવતો હતો અને રસ્તામાં ખાંભાની બંગલી પાસે આ કૂકડો મળ્યો એટલે લઈ લીધો. ખાંભાની બંગલી એટલે રોડ ઉપર ખાંભાના પાટિયે આવેલું નાનું ખુલ્લું બસ સ્ટેન્ડનું છાપરું. જયદેવે તે જોયેલું તેથી પાટીલને પૂછયું, 'ત્યાં તો બધું ઉજજડ છે. કોઈ ઝાડ, વાડી કે મકાન પણ નથી અને વૈશાખ મહિનાના ધોમધખતા તડકામાં બપોરે બે વાગ્યે કૂકડો કયાંથી આવે?' પાટીલે કહ્યું; 'તે તો વાત હતી, પરંતુ રાવ સાહેબે કહેલ કે ખરેખર કૂકડો ત્યાંથી જ એટલે કે ખાંભાની બંગલીએથી જ મળેલો હતો અને રાવ સાહેબને આવી નાની અમથી વાતમાં ખોટું બોલવાનું કોઈ કારણ ન હતું કેમ કે તે તો જો કોઈ મોટી બાબત હોય તો પણ ખુલ્લે ખુલ્લું કહી દેતા હતા.

પાટીલ અને પોલીસ સ્ટાફે માન્યું કે આજે કૂકડાની ખાસ પાર્ટી (હલાલ) થઈ જશે. પરંતુ રાવ કૂકડાને લઈને ક્વાર્ટર ઉપર ગયા અને પાળેલા બીજા પ્રાણીઓ સાથે રાખ્યો. તમામ સ્ટાફના આશ્ચર્ય સાથે તે કૂકડાની પાર્ટી એટલે કે હલાલ થયો નહિ, પણ જે ત્રણ પાળેલા પોપટ, બિલાડી અને કૂતરા સાથે કૂકડાનો પણ વધુમાં ઉમેરો થયો. પોલીસ સ્ટાફ અને ખાસ તો ઓર્ડરલી મામદની ઉપાધિ વધી ગઈ. આવેલ કૂકડો અનાજના દાણા કે જીવડાં ખાતો નહિ. દરરોજ પીરસેલું માંસ (નોનવેજ) જ ખાતો હતો. રાવ તો અઠવાડિયામાં એક-બે દિવસ નોનવેજ ખાતા પરંતુ કૂકડાને તો ત્રણે ટાઈમ નોનવેજ જોઈતું. તે સિવાય કોઈ ખાતો નહી એટલે પોલીસે ખાટકી વાડામાંથી નિયમિત કાપેલા પશુઓના ફેંકી દીધેલ અવયવો આંતરડા વગેરે લેવા જવું પડતું. આ કૂકડો એવો પેધી ગયેલો હતો કે બિલાડી અને પોમેડિયન કૂતરા ઉપર પણ રોફ જમાવતો અને તેઓ બંને કૂકડાથી ડરતા પણ હતા !

એકાદ મહિનો થયો હશે અને પાળેલો પોપટ પાંજરામાં કોઈ કારણ વગર જ મરી ગયો. પોલીસ સ્ટાફે રાવને કહ્યું; સાહેબ આ કૂકડો વિચિત્ર લાગે છે તેને પાછો મૂકી આવો. રાવે કહ્યું; 'ના, બીજા રહે ના રહે, કૂકડો તો રહેશે જ. પોપટ મરી ગયાના બરાબર એક મહિને પાળેલી બિલાડી પણ મરી ગઈ. સ્ટાફે ફોજદાર રાવને કહ્યું; 'સાહેબ, આ કૂકડો કાં તો બાદવાળો છે અને કાં તો કાંઈક કારણ લાગે છે. આને હવે કાઢી મૂકીએ. રાવે કહ્યું; 'ના, તે તો રહેશે જ.' આમને આમ દિવસો જતાં બરાબર ત્રીજા મહિને પાળેલું પોમેડિયન કૂતરું પણ કોઈ કારણ વગર જ મરી ગયું. હવે તો પોલીસ સ્ટાફ ઉપરાંત ગામના અમુક પ્રતિષ્ઠિત માણસોને આખા બનાવની ખબર પડતાં રાવને કૂકડો પાછો મૂકી આવવા અથવા કાઢી મૂકવા સલાહ આપી. પરંતુ ફોજદાર રાવે કહ્યું; 'આ તો મારો જિગરી દોસ્ત છે અને તે અહીં જ રહેશે.' આથી પોલીસ સ્ટાફે રાવ ગામડામાં તપાસમાં ગયા ત્યારે મામદની મદદ લઈ કૂકડાને કાઢી મૂકવા દરવાજા ખોલી પાછળ થયા પરંતુ કૂકડો ફળિયામાંથી બહાર જ નીકળે નહિ. ફરી ફરીને દીવાલ ઉપર બેસી જાય. આથી કોથળો મગાવી તેની ઉપર નાખી કોથળામાં પૂરી મોટરસાઈકલ લઈ ગામના બીજે છેડે પાદરમાં મૂકી આવ્યા. પરંતુ અડધી જ કલાકમાં કૂકડો પાછો આવીને દિવાલ ઉપર બેસી ગયો. મામદ બોલ્યો; 'આ પણ ગયા જનમનો લેણિયાત લાગે છે.

આમને આમ ચોથો મહિનો પૂરો થયો અને હંમેશની માફક ઓર્ડરલી મામદ એક દિવસ સવારે ફોજદારી કવાર્ટર ઉપર ગયો પરંતુ હજુ સુધી ફોજદાર રાવ જાગેલા ન હતા. મામદ ઘર બહાર એકાદ કલાક બેઠો. બાદ પોલીસ સ્ટેશને આવીને વાત કરી કે આજે ય મોડું થઈ ગયું છે તો પણ રાવ સાહેબ હજુ ઊઠયા નથી અને દરવાજો ખખડાવું છું તો જવાબ પણ આપતા નથી. દરવાજા બધા અંદરથી બંધ છે. આથી બે ત્રણ જણા ફોજદારી કવાર્ટર ઉપર ગયા અને દરવાજા ખખડાવી સાદ પાડયા, પરંતુ અંદરથી કાંઈ જવાબ મળ્યો નહિ. દરમિયાન પુષ્કળ માણસો ભેગા થઈ ગયા અને સુથારને બોલાવી દરવાજા ખેડવીને ખોલ્યા. રૂમમાં પલંગમાં પથારી કરેલ હતી પણ પલંગ ખાલી હતો. પશ્ચિમ દીવાલ બાજુનાં રૂમનો દરવાજો હતો તે ખુલ્લો હતો. તે રૂમમાં વચ્ચેના ભાગે ફોજદાર રાવની લાશ પડેલ હતી! શરીર ઉપર કોઈ ઈજા જરા સરખી પણ ન હતી....

આ રૂમની પશ્ચિમ દિશાએ ફળિયા તથા સંડાસ બાથરૂમ તરફ જવાનો દરવાજો પણ અંદરથી જ બંધ હતો. રૂમમાં કૂકડો આંટા મારતો હતો પરંતુ કાંઈ બોલતો ન હતો. સ્ટાફને કૂકડા ઉપર ખૂબ જ ગુસ્સો આવ્યો પરંતુ તેને મારવાની કે કાઢી મૂકવાની કોઈની હિંમત જચાલી નહિ. પરંતુ થોડી વારે કૂકડો પોતાની મેળે રૂમ તથા ઘરમાંથી બહાર ચાલ્યો ગયો કયાં ગયો કોઈને ખબર નથી. તે પછી કવાર્ટર ઉપર ક્યારેય પાછો આવ્યો નહિ અને ગામ તથા સીમમાં કયાંય તેનો પત્તો લાગેલો નહિ. રાવની લાશનું પોષ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું. કોઈ ઝેર કે દવાની હાજરી પેટમાં જણાયેલ નહિ પોસ્ટ મોર્ટમ નોટમાં મોતનું કારણ 'કુદરતી મોત-હાર્ટફેલ્યોર'નું જ આવ્યું. રાવને કોઈ બીમારી હતી નહિ. તેમની લાશને શબવાહિનીમાં તેમના વતનમાં મોકલી આપી.

તે સમયથી આ ફોજદારી કવાર્ટર ખાલી હતું. કોઈ ફોજદાર તેમાં રહેવા જવાને બદલે ગામમાં ગમે તેવા મકાનમાં ભાડે રહેતા પછી ફોજદાર ચૌધરી આવ્યા અને તેમણે આ મકાન ચાલુ કર્યું. આ મકાન પણ તે અને ઓર્ડરલી મામદ પણ તે જ હતો.

જયદેવે વચ્ચે પાટીલને પૂછી લીધું કે ચૌધરી હાજર થયા પછી આ રાવ તથા તેના કૂકડાવાળી વાત કોઈએ તેને કરેલી કે કેમ?



**એસ. બી. ગોહિલ**
મદદનીશ પોલીસ અધિક્ષક (નિવૃત્ત)
મો.9925500067

તે પાટીલે કહ્યું; 'ના સાહેબ, ચૌધરી સાહેબને તો કાંઈ ખબર જ ન હતી. આ તો તમે કયાં-કયાંથી જાસૂસી કરીને જાણી આવ્યા અને મને પણ વાત કરવા મજબૂર કર્યો. ચૌધરી અરધી રાત્રે બેગ-બીસ્તરા સાથે પોલીસ સ્ટેશને આવ્યા પછી લોધિકાથી વતન ગયા તે હજુ હાજર જ થયા નથી. કોઈક સાથે કહેવરાવ્યું છે કે હવે લોધિકા ગામમાં જ જવું નથી.

આમ વાત કરીને જમાદાર પાટીલ ચૂપ, શાંત અને ગંભીર થઈ ગયો અને એકદમ ધીમા અવાજે જયદેવને વિનંતી કરી કે સાહેબ આ વાત મેં તમને કરી છે તે મહેરબાની કરી ને બીજા કોઈને કહેતા નહિ કેમ કે બધા સ્ટાફ વાળાએ ભેગા થઈને નક્કી કર્યું હતુ કે આ નવા ફોજદાર સાવ નાની ઉંમરના અને એકલા છે, વળી સ્વભાવ સારો છે. બીજી કોઈ 'લપ' નથી. જો થોડો સમય લોધિકામાં રહે તો બધાને સારું, કોઈએ કાંઈ વાત કરવી નહિ. પરંતુ તમે મને ખૂબ આગ્રહ કર્યો એટલે વાત કરી દીધી હવે કવાર્ટરમાં ડર લાગે તો ગામમાં કાલે જ બીજુ મકાન શોધી લઈશું. જયદેવે કહ્યું; 'ના, હું એમ કાંઈ ડરપોક નથી' પરંતુ જયદેવને મનમાં આખી વાત સાંભળ્યા પછી થોડો ડર અને શંકા પેસી ગયેલી. રાતના સાડા નવ થઈ ગયા હતા. બંને જણા પોલીસ સ્ટેશન આવ્યા. જયદેવનું ટિફિન આવી ગયું હતું.

ઓર્ડરલી મામદ તૈયાર જ હતો. પરંતુ આજે તે કાંઈક વિચિત્ર રીતે જયદેવ સામે જોઈને નીચું જોઈ જતો હતો. તેથી જયદેવે કહ્યું; 'શું છે, મામદભાઈ?'

મામદ કહે; 'કાંઈ નહિ. ટિફિન લઈ આવ્યો છું, ચાલો' અને બંને જણા કવાર્ટર ઉપર આવ્યા. મામદે દરવાજા ખોલી સ્ટોર રૂમમાં જઈ ટિફિન ખોલી થાળી તૈયાર કરી ટિપોય ઉપર મૂકી અને જયદેવ હાથ-પગ ધોઈ વાળુ કરવા બેસી ગયો. વાળુ કર્યા પછી મામદે થાળી લઈને સાફ કરીને બાજુના રૂમમાં જ રાખી દીધી. પરંતુ આજે મામદની વર્તણૂક કાંઈક જુદી લાગતી હતી. થોડી થોડી વારે જયદેવની સામે ત્રાંસી આંખે જોઈને નીચું જોઈ જતો હતો. આથી જયદેવે મામદને પૂછયું; 'શું વાત છે, મામદભાઈ?' મામદે કહ્યું; 'સાહેબ, પાટીલે આ મકાન વિશે વાત કરીને ?' જયદેવે હા પાડી એટલે મામદ બોલ્યો અમો બધા એ નક્કી કર્યું હતુ કે તમને આ વાત જ ન કરવી અને ગળગળા સાદે બોલ્યો, છતાં વાત કરી જ દીધી ને ? થોડી વાર મામદ ચૂપ અને ગંભીર થઈને ઊભો રહ્યો પછી બોલ્યો; 'સાહેબ, આજે રાત્રે હું આ મકાનમાં સાથે સૂવ?'

જયદેવને મનમાં શંકા અને ડર હતાં જ. પણ મામદને મારી સાથે મકાનમાં સુવરાવું તો પોતાની મરદની છાપ રહે નહિ અને બીજાને એવી છાપ પડે કે જૂની વાતો સાંભળીને જ ફોજદાર ડરી ગયો. આથી સ્વમાની જયદેવે મામદને સામેથી હિંમત આપી રવાના કર્યો.

તે દિવસે તથા પછી કયારેય જયદેવે રૂમના દરવાજાઓ રાત્રે સૂતી વખતે બંધ કર્યા નહિ, પરંતુ ઓસરીનો દરવાજો અંદરથી સાંકળ દઈ બંધ કરતો.

વાંકાનેર સિટીમાં ચોરીના બનાવ વખતે રિવોલ્વર ખાલી હોય અને અંધારાના કારણે લોડ કરી શકેલ નહિ તેથી ગુનેગારો ઉપર ફાયરિંગ કરી શકેલ નહિ તે પછી જયદેવ કાર્ટીસની છ ચેમ્બર પૈકી એક ચેમ્બર ખાલી રાખી પાંચ કાર્ટીસ ભરેલાં જ રાખતો. આમ ભરેલી રિવોલ્વર ઓશીકા નીચે રાખીને પલંગ ઉપર સૂતો. પરંતુ આજે પાટીલે જે વાતો કરેલી, ફોજદાર રાવની, તેમના પાળેલા પશુ પક્ષીની અને તેમના ક્રમબદ્ધ મૃત્યુની તથા ફોજદાર ચૌધરીને અરધી રાત્રે ઘર બહાર ફેંકેલ તે વાતો મગજમાં જ ફરતી હતી. વધુમાં મામદે કવાર્ટરમાં સાથે સૂવાની વાત કરી તે પણ મગજમાં ફરતી હતી. પરંતુ વલીચાચાના શબ્દો યાદ આવ્યા કે તમે પાક ઈન્સાન છો તમને વાંધો નહિ આવે. આથી જયદેવને આત્મવિશ્વાસ વધી ગયો અને તેને નિંદર આવી ગઈ.

આવું સામાન્ય રીતે માણસના જીવનમાં બનતું હોય છે. જયારે કોઈ દુઃખ, વિપત્તિ કે આફત આવે ત્યારે માણસ હતાશ થઈ જતો હોય છે, પરંતુ તે સમયે તેને કોઈ પ્રોત્સાહન, આશ્વાસન આપનારું હોય તો તે ટકી જાય છે. અને મુશ્કેલીનો સામનો કરવાની આંતરિક શકિત ઊભી થાય છે. ભલે તે આશ્વાસન શબ્દો રૂપે હોય પણ શબ્દો બહુ મોટી તાકાત છે. જેમ શબ્દો યુદ્ધો કરાવી દે તેમ બુદ્ધિશાળી અને મીઠા બોલ વિષ્ઠિકાર યુદ્ધનો અંત પણ લાવી શકે છે અને આખરે કોઈ પણ પ્રશ્નનું નિરાકરણ સમય જ છે ને ? આશ્વાસન રૂપી શબ્દોથી વ્યકિત ઠંડી પડે, આત્મવિશ્વાસ વધે અને તે કપરો સમય પસાર થઈ જાય છે.

જયદેવ બીજે દિવસે મોડો ઊઠયો. દિવસ ઘણો ઊગી ગયો હતો. મામદ ઓસરી બહાર ઓટલા ઉપર આવીને બેઠો હતો. ઓસરીનો દરવાજો લાકડાની પટ્ટીઓનો ઝાળીવાળો હોઈ બેઠાં બેઠાં રૂમમાં અંદર જોઈ શકાતું હતું. જયદેવે થોડી વાર પથારીમાં પડયાં પડયાં જોયા કર્યું કે મામદ શું કરે છે. મામદ થોડી થોડી વારે રૂમમાં અંદર ઝાંકતો હતો અને તેની જોવાની પદ્ધતિ વિચિત્ર હતી. તેની આંખો પહોળી થઈ જતી હતી અને થોડો અસ્વસ્થ લાગતો હતો.

જયદેવે સૂતાં સૂતાં કહ્યું; 'મામદભાઈ આવી ગયા?'

અને મામદ એકદમ ઊભો થઈ ને બોલ્યો 'જી, સાહેબ'

જયદેવે દરવાજો ખોલ્યો તો મામદ જયદેવ સામે કાંઈક કૌતુકથી જોતો હોય તેમ વિચિત્ર રીતે જોવા લાગ્યો. એટલે જયદેવે કહ્યું; 'મામદભાઈ, હું જીવતો છું, ભૂત નથી.'

અને મામદ લેવાઈ ગયો. તે બોલ્યો; 'ના જી સાહેબ, એવું નહિ, અલ્લાહ ખૈર કરે. તમારા જેવા ઈન્સાનને સો વર્ષનું આયુષ્ય આપે' તેમ કહી રૂમમાં અંદર આવી પહેલાં બંને રૂમને બારીકાઈથી જોયા અને જયદેવને કહ્યું; 'સાહેબ, પશ્ચિમ બાજુના રૂમના વચલા દરવાજા બંધ રાખતા હો તો?'

જયદેવ કહે ભલે હવે બંધ રાખીશ અત્યારના પહોરમાં જયદેવને બીજી કોઈ વાત સાંભળવી નહોતી. જયદેવ બ્રશ કરવા જતા મામદ પોલીસ સ્ટેશન પાસે જ આવેલ બસ સ્ટેન્ડ ઉપર ચા લેવા ગયો.

# અગ્નિકાંડમાં કોર્પોરેશનના ત્રીજા એટીપી રાજેશ મકવાણા સસ્પેન્ડ

## કોર્પોરેશનના આઠ કર્મચારીઓ અગ્નિકાંડમાં સસ્પેન્ડ થયા

**અબતક, રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડની ઘટનામાં રાજકોટ મહાનગરપાલિકાના આઠમા કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એટીપી રાજેશ મકવાણાની ધરપકડ થયા બાદ મ્યુનિ.કમિશનર ડી.પી. દેસાઈ દ્વારા તેઓને સસ્પેન્ડ કરી દેવાયા છે. ટીપીઓ, ત્રણ એટીપી, ચીફ ફાયર ઓફિસર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર અને એ.ઈ. સહિત કુલ આઠ કર્મચારી હાલ અગ્નિકાંડમાં સસ્પેન્ડ થયા છે.

રાજેશ નરશીભાઈ મકવાણાની ટાઉન પ્લાનિંગ શાખાની આસી.ટાઉન પ્લાનર તરીકેની ફરજમાં તેઓને વોર્ડ નં.૧, ૮, ૯, ટી.પી સ્કીમ નં. રૈયા-૪,૧૬, ૦૬,૨૨,૩૨, તથા રાજકોટ, મુજંકા અને ઘંટેશ્વરને લગત ટી.પી. સ્કીમમાં એ.ટી.પી ની કામગીરી સુપ્રત કરેલ, જેમાં વોર્ડ વિસ્તારમાં બનાવવામાં આવતા બાંધકામો અન્વયે વિકાસ પરવાનગી તથા ભોગવટા પરવાનગી આપવાની, અનઅધિકૃત બાંધકામો પર નિયંત્રણ રાખવાની કાર્યવાહી, ટી.પી.સ્કીમો તથા ટાઉન પ્લાનિંગ શાખાની કામગીરી સુપ્રત કરવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૧૦ નાં નાનામવા રોડ પર સયાજી હોટલ પાસે આવેલ ટી.આર.પી.મોલ ખાતેના ગેમીંગ ઝોનમાં તા.૨૫/૦૫/૨૦૨૪ ના રોજ આકસ્મિક આગનો અકસ્માત સર્જાતા મોટા પ્રમાણમાં જાનહાની થવા પામેલ છે ખુબ ગંભીર બાબત છે.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારનાં નાનામવા ગામના સર્વે નં.૪૯ ટી.પી.સ્કીમ નં.૨ (નાનામવા) પ્લોટ નં.૨ માં ટી.આર.પી.મોલ ખાતે બનાવવામાં આવેલ સ્ટ્રક્ચરની મંજુરી ટાઉન પ્લાનિંગ શાખામાંથી મેળવવામાં આવેલ ન હોવાથી તત્કાલીન સમયના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ ડી.સાગઠીયાને બનાવ અન્વયે જુદી-જુદી ઈ.પી.કો. કલમોમાં ગુન્હો નોંધાયેલ હોવા સબબ તેઓની અટક કરવામાં આવેલ છે અને હાલ તેઓ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. મકવાણાની વોર્ડ નં.૧૦ માં જવાબદારી નહી હોવા છતાં પણ તેઓ દ્વારા બનાવ બાદ ટાઉન પ્લાનિંગ શાખા વેસ્ટ ઝોનનાં રજીસ્ટર સાથે ચેડા કરી બનાવટી દસ્તાવેજો બનાવી પુરાવાઓનો નાશ કરવો, સરકારી રેકર્ડમાં ચેડા કરવા, સરકારી તપાસને ગેરમાર્ગે દોરવી, વિગેરે જેવી સરકારી કર્મચારીને ન છાજે તે પ્રકારની કાર્યવાહી કરેલ હોવાનું ધ્યાને આવેલ છે, જે ફરજ પ્રત્યેની ખૂબ મોટી ગંભીર પ્રકારની ગેરવર્તણૂક, બેદરકારી, શીથીલતા અને નિષ્કાળજી સાબિત થયેલ છે. પોલીસ ધરપકડ થયા બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા રાજેશ મકવાણાને સસ્પેન્ડ કરાયા છે.

# યુનિયન બેંક સમયસર ન ખુલતા લોકોને પરેશાની

## કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલાએ કરી બ્રાંચ મેનેજરને રજૂઆત

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રવકતા, સિનિયર કોંગ્રેસ અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા ની યાદી જણાવે છે કે બેંકનો ખુલવાનો સમય સવારે ૧૦:૦૦ કલાકનો હોય છે પરંતુ આજ રોજ રાજકોટ શહેરની યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાની એસી ફુટ રોડ પરની ભક્તિનગર સર્કલ પાસે આવેલ બેંકની શાખા સવારે ૧૦-૧૫ સુધી ખોલવામાં આવી ન હતી જેને પગલે દેકારો બોલી ગયો હતો અને બેંકમાં કામકાજ અર્થે આવેલા ગ્રાહકોએ ચર્ચા કરવા લાગ્યા હતા કે શું બેન્ક નો સમય ફરી ગયો છે ? ગ્રાહકો પાસેથી જાણવા મળેલી વિગતો મુજબ આ બેંકમાં સવારે ૧૦:૦૦ વાગે કામકાજ શરૂ થઈ જવું જોઈએ એને બદલે દરરોજ ૧૦-૧૫ કલાકે કામકાજ શરૂ કરવામાં આવે છે. પરંતુ આજે તો બેંક માં ૧૦-૧૫ સુધી અલીગઢી તાળા લટકતા જોવા મળ્યા હતા. બેંક સમયસર ન ખુલતા સીનીયર સીટીઝનો અને અન્ય ગ્રાહકોને હાલાકી ભોગવવી પડી હતી અને સમયની બરબાદી થઈ હતી. આ બાબતની જાણ સિનિયર કોંગ્રેસ અગ્રણી ગજેન્દ્રસિંહ ઝાલા ને થતા



તેઓએ બેન્ક મેનેજરને આ બાબતે ઉગ્ર રજૂઆત કરી બેંકમાં ૧૦ ના ટકોરે કામકાજ શરૂ કરવા મૌખિક રજૂઆત કરી હતી અને આ બાબતે હવે બેંક સમયસર નહીં ખુલે તો ઉચ્ચસ્તરીય રજૂઆત કરવાની ફરજ પડશે તેમ જણાવ્યું હતું

# બોલે તો વડાપાઉં અને મુંબઇ ઝાયકામાંથી રોગચાળાને આમંત્રણ આપતી અખાદ્ય સામગ્રી પકડાઇ

## પિઝા પાસ્તા સોસ, ચીલ્લી ગાર્લીક સોસ, ચીકન લોલીપોપ અને બિરીયાની સહિત ૧૧ કિલો અખાદ્ય જથ્થાનો નાશઃ પાપા લુઇઝ પીઝામાંથી ચીઝ અને તંદુરી પનીર પંચના નમૂના લેવાયા







**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા ચેકીંગ દરમિયાન ઢેબર રોડ પર બસ પોર્ટમાં આવેલી બોલે તો વડાપાઉં અને રૈયા રોડ પર સદ્ગુરૂ તીર્થધામ સ્થિત મુંબઇ ઝાયકા નામની ખાણીપીણીની દુકાનમાંથી રોગચાળાને આમંત્રણ આપતી અખાદ્ય સામગ્રી મળી આવી હતી. જેનો નાશ કરી ફૂડ લાયસન્સ સંદર્ભે આપવામાં આવતી હતી.

ઢેબર રોડ પર બસ પોર્ટમાં ગ્રાઉન્ડ ફ્લોર પર શોપ નં.૭માં બોલે તો વડાપાઉંમાં ચેકીંગ હાથ ધરવામાં આવતા સ્થળ પર સંગ્રહ કરેલા પીઝા પાસ્તા સોસ અને ચીલ્લી ગાર્લીક સોસનો પાંચ કિલોનો જથ્થો ખાવાને લાયક ન હોય તેનો નાશ કરવામાં આવ્યો હતો. નિયમ મુજબ સ્ટોરેજ કરવા તથા ફૂડ લાયસન્સ લેવા માટે નોટિસ આપવામાં આવી હતી. રૈયા રોડ પર સદ્ગુરૂ તીર્થધામમાં ગ્રાઉન્ડ ફ્લોર પર શોપ નં.૫૦માં મુંબઈ ઝાયકા નામની ખાણીપીણીની દુકાનમાં ચેકીંગ દરમિયાન નોનવેજ પ્રિપેડ ફૂડ ચીકન લોલીપોપ અને બિરીયાનીનો ૬ કિલો જથ્થો અખાદ્ય જણાતા તેને નાશ કરવામાં આવ્યો હતો. હાઈજેનીંક કન્ડીશન જાળવી રાખવા માટે નોટિસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમ દ્વારા રામકૃષ્ણનગર મેઈન રોડ પર મ્યુનિ.કમિશનરના બંગલાની સામે માધવ આર્કેડમાં ફર્સ્ટ ફ્લોર પર આવેલા જય શિવ જલારામ એન્ટરપ્રાઈઝ (પાપા લુઈઝ પીઝા)માંથી લૂઝ લીકવીડ ચીઝ બ્લેન્ડ અને પ્રિપેડ લૂઝ તંદુરી પનીર પંચ પીઝાનો નમૂનો લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. આજે રેસકોર્ષ ગ્રાઉન્ડ હોકર્સ ઝોન અને ગોપાલ ચોકથી સાધુ વાસવાણી રોડ સુધીના વિસ્તારમાં ખાણીપીણીનું વેંચાણ કરતા ૩૯ આસામીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૧૮ ધંધાર્થીઓને સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. જેમાં ચામુંડા કઠોળ, બાલાજી પાણીપુરી, ખોડિયાર સેન્ડવીચ, સંતોષ ભેળ-પાણીપુરી, ભોલેનાથ આઈસ્ક્રીમ, સંતોષ ભેળ સેન્ટર, ધોરાજી ભૂંગળા-બટેટા, સંતોષ ભેળપુરી, રામકૃષ્ણ જનરલ સ્ટોર, દુર્ગા ચાઈનીઝ અને પંજાબી, અમર ફરસાણ, લાઈફ લાઈન ફાર્માસી, જય રામદેવ કોઠી આઈસ્ક્રીમ, રામદેવ ગોલા, પાટીદાર જનરલ સ્ટોર, મહાદેવ રસ સેન્ટર, શિવ કોલ્ડ્રીંક્સ અને ખોડીયાર ફરસાણને નોટિસ આપવામાં આવી છે. ૩૦ ખાદ્ય સામગ્રીના નમૂના સ્થળ પર લેવાયા હતા.

### પાક-ચીનને મોદીની ચીમકી

# આતંકવાદને પનાહ આપનારાઓને ખુલ્લા પાડો કે ખૂણે મુકોઃ મોદીનો એસસીઓને સંદેશ

## કઝાકિસ્તાનની અધ્યક્ષતામાં અસ્તાનામાં આયોજિત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનમાં વિદેશ મંત્રી એસ જયશંકરે પીએમ મોદીએ આપેલો સંદેશ કર્યો જાહેર

**અબતક, નવી દિલ્હી**

આતંકવાદને સુરક્ષિત આશ્રય આપનારા દેશોને હવે અલગ થવું પડશે. કોઈપણ સ્વરૂપમાં આતંકવાદને ન્યાયી ઠેરવી શકાય નહીં અને આંતરરાષ્ટ્રીય સમુદાયે હવે તેનો પર્દાફાશ કરવો જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એસસીઓ સમિટમાં પોતાના સંદેશમાં આ વાત કહી.

વાસ્તવમાં, વિદેશ મંત્રી એસ જયશંકરે કઝાકિસ્તાનની અધ્યક્ષતામાં અસ્તાનામાં આયોજિત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનમાં પીએમ મોદી વતી આ સંદેશ વાંચ્યો. એસસીઓને સિદ્ધાંત આધારિત સંગઠન ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે આ સમયે જરૂરિયાત છે કે આપણે આપણી વિદેશ નીતિઓના આધાર તરીકે સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, પ્રાદેશિક અખંડિતતામાં દખલ ન કરીએ.

પાકિસ્તાનને કડક સંદેશ આપતા પીએમ મોદીએ કહ્યું કે આપણે બીજા દેશના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સિદ્ધાંતોની વિરુદ્ધ કોઈ પગલું ન ભરવા માટે પણ સહમત થવું પડશે. આ સાથે પીએમએ આતંકવાદ સામે લડવાને પ્રાથમિકતા આપવાનું આહ્વાન કર્યું હતું.



પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જો આતંકવાદ પર અંકુશ નહીં રાખવામાં આવે તો તે પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે મોટો ખતરો બની શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરહદ પારના આતંકવાદનો નિર્ણાયક રીતે જવાબ આપવાની જરૂર છે અને આતંકવાદને ધિરાણ અને ભરતીનો મજબૂત રીતે સામનો કરવો જોઈએ.

આતંકવાદ સામે લડવા માટે વૈશ્વિક સમુદાય પાસેથી પગલાં લેવાનું આહ્વાન કરતાં પીએમ મોદીએ કહ્યું, "આમ કરતી વખતે, સ્વાભાવિક રીતે આતંકવાદનો સામનો કરવાને પ્રાથમિકતા આપવી જોઈએ, જે એસસીઓના મુખ્ય ધ્યેયો પૈકી એક છે. આપણામાંથી ઘણાએ સ્પષ્ટ કરવું જોઈએ કે, જો તેને રોકવામાં ન આવે તો તે પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે મોટો ખતરો છે.

# ન હોય... બિહારની ગંડકી નદી પરના ક બ્રિજ ધરાશાયી

## છેલ્લા પખવાડિયામાં બ્રિજ ધરાશાયી થવાની ઘટનાઓની કુલ સંખ્યા ૧૦

**અબતક, નવીદિલ્હી**

ગુરુવારે સારણમાં વધુ એક પુલ ધરાશાયી થયો, જેના કારણે છેલ્લા પખવાડિયામાં બ્રિજ ધરાશાયી થવાની ઘટનાઓની કુલ સંખ્યા ૧૦ થઈ ગઈ. આ ઘટના બાદ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે બિહારમાં તમામ નિર્માણાધીન અને જૂના પુલોનો બે અઠવાડિયામાં નિરીક્ષણ રિપોર્ટ માંગ્યો છે. સરૈયા અને સતુઆ પંચાયતોને જોડતો ગંડકી નદી પરનો પુલ તૂટી પડતાં ૫૦થી વધુ ગામોમાં સંદેશાવ્યવહારને અસર થઈ હતી. સ્થળની મુલાકાત લેનાર સારણ જિલ્લા મેજિસ્ટ્રેટ અમન સમીરે પત્રકારોને જણાવ્યું હતું કે, આ બ્રિજ લગભગ ૧૫ વર્ષ પહેલાં સ્થાનિક સત્તાવાળાઓના ભંડોળથી બનાવવામાં આવ્યો હતો. જોકે બ્રિજ તૂટી પડવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ તાજેતરમાં જ બ્રિજ પરથી કાંપ કાઢવાનું કામ કરવામાં આવ્યું હતું.

આ અઠવાડિયે સારણમાં આવો જ એક અકસ્માત છે, બુધવારે ૧૫૦ વર્ષ જૂના પુલનો એક ભાગ ધરાશાયી થયો હતો. ૧૮ જૂનથી કિશનગંજ, અરરિયા, પૂર્વ ચંપારણ, મધુબની, સિવાન અને સારણમાં ૧૦ પુલ ધરાશાયી થયા છે.




બિહારના સીએમ નીતિશ કુમારે પુલ તૂટી પડવાની ઘટનાઓનું મૂલ્યાંકન કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને ગ્રામીણ કામો, માર્ગ નિર્માણ અને મકાન બાંધકામ વિભાગોને તમામ બાંધકામ હેઠળના અને જૂના પુલોના નિરીક્ષણ અહેવાલો સબમિટ કરવા નિર્દેશ આપ્યો હતો. સારણના ડીએમ અમન સમીરે જણાવ્યું હતું કે, "વસાહતી સમયગાળા દરમિયાન બનાવવામાં આવેલો એક પુલ બુધવારે તૂટી પડ્યો હતો અને ૧૫ વર્ષ પહેલા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બનાવવામાં આવેલો બીજો પુલ પણ ગુરુવારે તૂટી પડ્યો હતો. સમીરે જણાવ્યું હતું કે બે બ્રિજ તૂટી પડવાની ઘટનાઓમાં અથવા અગાઉની આઠ બ્રિજ તૂટી જવાની ઘટનાઓમાં કોઈ મૃત્યુ પામ્યું નથી અથવા ઘાયલ થયું નથી, પરંતુ સ્ટ્રક્ચરલ એન્જિનિયર્સ અને નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ઘટનાઓની આ શ્રેણી બિહારમાં પુલના બાંધકામમાં ઊંડા મૂળના ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે. તમામ જૂના પુલનું સર્વે કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો જેથી કરીને તેનું સમારકામ થઈ શકે.

# કોણ છે ભોલેબાબા? શાં માટે ભાવિકોની શ્રધ્ધા આજે પણ અડીખમ?

## ૧૨૩ જેટલા લોકોના જીવ હણાય ગયા છતાં પણ અનુયાયીઓ માટે ભોલે બાબા જ સર્વસ્વ

**અબતક, નવી દિલ્હી**

હાથરસમાં ૨ જુલાઈના રોજ, સૂરજપાલ સિંહ ઉર્ફે 'ભોલે બાબા'ના સત્સંગમાં નાસભાગમાં ૧૨૩ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ આનાથી તેમના અનુયાયીઓનો વિશ્વાસ ડગ્યો નથી. હાથરસમાં યોજાયેલા આ સત્સંગમાં દૂર દૂરના શહેરો અને ગામડાઓમાંથી અનેક લોકો અહીં આવ્યા હતા. નાસભાગમાં ૧૨૩ લોકો માર્યા ગયા અને ૧૫૦ થી વધુ લોકો ઘાયલ થયા છતાં, અનુયાયીઓ બાબાનું સમર્થન કરે છે.



હિમાંશુ નામનો એક ૧૮ વર્ષનો અનુયાયી માને છે કે જો 'ભોલે બાબા'ના આશીર્વાદ ન હોત તો તે યુનિવર્સિટીમાં અભ્યાસ કરી શક્યો ન હોત. હાથરસના ૩૩ વર્ષીય વકીલ સીમા માટે, સૂરજપાલ સિંહ 'માનવ' નથી પરંતુ 'ઈશ્વરના સંદેશવાહક' છે. સૂરજપુરની એક ગૃહિણી કહે છે કે જ્યારે દવાઓ અને ડોક્ટરો કામ નહોતા કરતા ત્યારે નારાયણ હરિ સાકરના સત્સંગમાંથી 'પવિત્ર જળ' એ નેહાને સાજી કરી હતી.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે નાસભાગ શરૂ થવાની થોડી મિનિટો પહેલા 'ભોલે બાબા'એ દાવો કર્યો હતો કે આજે સાક્ષાત્કાર થશે. ત્યારબાદ જે નાસભાગ મચી ગઈ તેના અનુયાયીઓ એવી માન્યતાથી ભરાઈ ગયા કે તે ભવિષ્ય જાણે છે. ઘાયલોમાં સામેલ કમલેશે કહ્યું કે હું ૧૫ વર્ષથી તેનો અનુયાયી છું. સ્ટેજ છોડતા પહેલા, તેણે ફરીથી માઈક પકડ્યું અને કહ્યું, 'હવે હું જાઉં છું, આજે પ્રલય આયેગી'. તેઓ બરાબર જાણતા હતા કે શું થવાનું છે અને તેઓ સ્થળ છોડે ત્યાં સુધી કોઈ અરાજકતા નહોતી.

હિમાંશુ માત્ર છ વર્ષનો હતો જ્યારે તેના માતા-પિતા તેને સિંઘના ઉપદેશ સાંભળવા લઈ ગયા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા હિમાંશુએ કહ્યું કે અમારા ઘરમાં અન્ય કોઈ દેવતાની તસવીર નથી. અમે તેમની જગ્યાએ ભોલે બાબાના પોસ્ટરો લગાવ્યા છે. આપણા માટે એક જ ભગવાન છે અને તે છે ભોલે બાબા. તે આપણા ભગવાન છે. અમે તેમની સાથે હોળી, દિવાળી અને અન્ય તમામ તહેવારો ઉજવીએ છીએ. આજે, હું કૃષિમાં ઈ.જભ કરી રહ્યો છું, આ બધું તેમના કારણે છે. જો બાબાજી અમારી સાથે હશે તો અમે તમામ પડકારોને પાર કરી શકીશું. મને નથી ખબર કેમ બધા તેને અકસ્માત માટે દોષી ઠેરવે છે? કેદારનાથ અને વૈષ્ણોદેવી જેવા પવિત્ર સ્થળો પર પણ અકસ્માતો થયા છે.

હાથરસ સત્સંગમાં કોઈ પણ ઈજા વિના ભાગી જનાર વકીલ સીમા છેલ્લા ૯ વર્ષથી 'બાબા'ના અનુયાયી છે. તેણે કહ્યું કે મારી મોટી બહેને મને તેના વિશે કહ્યું હતું. મેં તેમના સત્સંગમાં જવાનું શરૂ કર્યું કારણ કે મારી મોટી બહેન આમ કરતી હતી. અમારા માટે બાબાજી કોઈ સામાન્ય વ્યકિત નથી. તેઓ ઈશ્વરના સંદેશવાહક છે.

ગૃહિણી નેહાનું માનવું છે કે આખો એપિસોડ 'બાબા'ને બદનામ કરવાનો પ્રયાસ છે. તે જાહેર વ્યક્તિ છે. હું અને મારો પરિવાર હંમેશા તેનામાં વિશ્વાસ રાખીશું, પછી ભલે ગમે તે હોય. જેમ લોકો ગંગાજળ લાવે છે અને પોતાના ઘરની આસપાસ છંટકાવ કરે છે, તેવી જ રીતે આપણે પણ તેમના ધાર્મિક કાર્યોમાંથી પવિત્ર જળ લાવીએ છીએ. જ્યારે પણ અમે બીમાર પડ્યા ત્યારે તેમણે મારા પરિવારને મદદ કરી છે. હું અન્ય કોઈ વસ્તુમાં માનતો નથી, હું કોઈ અન્ય ભગવાનની પૂજા કરતો નથી.

પોતાને સેવક ગણાવતા અવધેશ મહેશ્વરીએ કહ્યું કે અનુયાયીઓ રાજ્યો, સમુદાયો અને સમાજના વર્ગોથી આગળ વધે છે. તેણે કહ્યું કે તે (ભોલે બાબા) દરેક જગ્યાએ છે. યુપીથી લઈને દક્ષિણ ભારત સુધી, અમીરથી ગરીબ. તેમણે કહ્યું કે ભોલે બાબાના મોટાભાગના અનુયાયીઓ નીચલા મધ્યમ વર્ગના છે, કેમ? આ એટલા માટે છે કારણ કે તમારે તેમના પ્રોગ્રામ્સ પર કોઈ પૈસા ખર્ચવાની જરૂર નથી. તેઓ દાન સ્વીકારતા નથી. તેમના અનુયાયીઓની જેમ બાબા પણ સાદું જીવન જીવે છે.

# યુકેમાં લેબર પાર્ટીની જીત કિર સ્ટાર્મર બનશે નવા વડાપ્રધાન

## હાલના વડાપ્રધાન અને મૂળ ભારતીય ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીની હાર

**અબતક, નવી દિલ્હી**

યુકેની સામાન્ય ચૂંટણીમાં લેબર પાર્ટીએ જીત નોંધાવી છે. ૬૫૦માંથી ૪૮૮ બેઠકોના પરિણામોમાં લેબર પાર્ટીને ૩૪૧ બેઠકો મળી છે. સરકાર બનાવવા માટે સંસદમાં ૩૨૬ બેઠકો જરૂરી છે. જ્યારે ભારતીય મૂળ ઋષિ સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીને અત્યાર સુધી માત્ર ૭૨ સીટો મળી છે.



સુનકે રિચમન્ડ અને નોર્થલેર્ટનની સીટ જીતી લીધી. લેબર પાર્ટીના પીએમ પદના ઉમેદવાર કીર સ્ટારમેરે લંડનમાં હોલબોર્ન અને સેન્ટ પેનક્રાસ બેઠકો પણ જીતી છે. પરિણામો જાહેર થયા પછી, સુનકે હાર સ્વીકારીને ભાગની માફી માંગી. તેણે સ્ટારમરને પણ ફોન કરીને તેની જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પહેલા ગુરુવારે, ૪૦ હજાર મતદાન કેન્દ્રો પર સવારે ૭ વાગ્યે (ભારતીય સમય મુજબ ૧૧:૩૦ વાગ્યે) મતદાન શરૂ થયું હતું. રાત્રે ૧૦ વાગ્યે (ભારતીય સમય મુજબ બપોરે ૨:૩૦ વાગ્યે) મતદાન સમાપ્ત થયાના થોડા સમય બાદ એક્ઝિટ પોલના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ભારતવંશી સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીની કારમી હારની આગાહી કરવામાં આવી છે.

૨૦૧૯માં ૬૭.૩% મતદાન થયું હતું. ત્યારબાદ સુનાકની કન્ઝર્વેટિવ પાર્ટીને ૩૬૫ સીટો, કીર સ્ટારમરની લેબર પાર્ટીને ૨૦૨ સીટો અને લિબરલ ડેમોક્રેટ્સને ૧૧ સીટો મળી હતી. આ વખતે લગભગ તમામ સર્વેમાં કન્ઝર્વેટિવ પાર્ટીની કારમી હારની આગાહી કરવામાં આવી હતી. સર્વેમાં, લેબર પાર્ટીને ૪૨૫ બેઠકો, કન્ઝર્વેટિવને ૧૦૮ બેઠકો, લિબરલ ડેમોક્રેટ્સને ૬૭ બેઠકો, એસએનપીને ૨૦ બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે.

# ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ. કે. લાંગાની ૧૧.૬૪ કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકતના કેસમાં ધરપકડ

## અઢી મહિના પહેલા એસીબીએ લાંગા વિરૂદ્ધ અપ્રમાણસર મિલકતોનો ગુનો નોંધ્યો'તો

**અબતક, રાજકોટ**

ગાંધીનગરના પૂર્વ કલેક્ટર અને સનદી અધિકારી એસ કે લાંગાની લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે રૂપિયા ૧૧.૬૪ કરોડ રૂપિયાના અપ્રમાણસર મિલકતોના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. અઢી મહિના પહેલા એસીબીએ લાંગા વિરૂદ્ધ અપ્રમાણસર મિલકતોનો ગુનો નોંધ્યો હતો. જેમાં તેણે પોતાના પુત્ર પરિક્ષીત ગઢવી સાથે મળીને મોટાપાયે ભ્રષ્ટ્રાચાર કરીને સાણંદની રાઈસ મિલ, બોપલમાં જમીન અને મકાનોમાં મોટાપાયે રોકાણ કર્યું હતું.



અપ્રમાણસર મિલકત કેસન તપાસમાં લાંગા રિમાન્ડ મેળવવા માટે શુક્રવારે કોર્ટમાં રજૂ કરશે.

ગાંધીનગરના તત્કાલિન કલેક્ટર એસ કે લાંગાએ ગાંધીનગરમાં એપ્રિલ ૨૦૦૮થી સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન પોતાના કાર્યકાળમાં હોદાનો દુરૂપયોગ કરીને મોટાપાયે ભ્રષ્ટ્રાચાર કર્યો હતો. જેમાં તેણે તેમના પુત્ર પરિક્ષીત ગઢવી સાથે મળીને ભ્રષ્ટ્રાચારના નાણાંનું સાણંદની રાઈસ મીલમાં, સાણંદમાં ફાર્મ હાઉસમાં અને બોપલમાં અનેક મિલકતોમાં કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. એસીબીને તપાસ દરમિયાન એસ કે લાંગા પાસેથી ૧૧.૬૪ કરોડની અપ્રમાણસર મિલકતો મળી આવી હતી. જે અનુસંધાનમાં ગત ૧૯મી એપ્રિલના રોજ એસીબીએ ગુનો પણ નોંધ્યો હતો. જેના આધારે ગુરૂવારે એસીબીએ એસ કે લાંગાની સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી હતી.

# અમરનાથ અને વૈષ્ણોદેવી હેલિકોપ્ટર યાત્રાના નામે સાઈબર ગઠીયા સક્રિય

## જમ્મુ સાયબર પોલીસે લોકોને વિવિધ વેબસાઈટ દ્વારા નકલી હેલિકોપ્ટર ટિકિટો વેચનારા વિશે આપી ચેતવણી

**અબતક, નવીદિલ્હી**

ભારત જેમ ખેતીપ્રધાન દેશ છે એવી જ રીતે ધાર્મિક દેશ પણ છે અહીં લોકો દરેક ધાર્મિક સ્થળ ઉપર પોતાની આસ્થા અને શ્રદ્ધા મુજબ દર્શનાર્થે જતા હોય છે ત્યારે અમરનાથ અને વૈષ્ણોદેવી જાત્રા નો એક અલગ જ મહિમા છે જ્યાં દર વર્ષે લોકો ખૂબ મોટા પ્રમાણમાં દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે. પરંતુ સાયબર ગઠિયાઓ યાત્રિકોને પણ પોતાના ચંગુલમાં ફસાવવાનું કારસ્તાન આચરે છે. એવી જે ઘટના સામે આવી રહી છે કે જમ્મુ કાશ્મીરમાં અમરનાથ અને વૈષ્ણવદેવીના દર્શને જે કોઈ યાત્રિકો જઈ રહ્યા છે તેમને બોગસ વેબસાઈટ મારફતે ખોટી હેલિકોપ્ટર ટિકિટ આપવાનું કૌભાંડ સામે આવ્યું છે ત્યારે જમ્મુ સાયબર પોલીસ દ્વારા આ અંગે ચેતવણી પણ આપવામાં આવી છે ને કહેવાયું છે કે અધિકૃત વેબસાઈટ ઉપરથી જ હેલિકોપ્ટરની ટિકિટ બુક કરવી.



જમ્મુ સાયબર પોલીસે ગુરુવારે અમરનાથ યાત્રા અને શ્રી માતા વૈષ્ણો દેવી યાત્રા માટે હેલિકોપ્ટર ટિકિટના ઓનલાઈન વેચાણમાં છેતરપિંડીના કેસોમાં વધારો થતાં જાહેર ચેતવણી જારી કરી છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલ એડવાઈઝરીમાં, જમ્મુ સાયબર પોલીસે લોકોને વિવિધ વેબસાઈટ દ્વારા નકલી હેલિકોપ્ટર ટિકિટો વેચનારા છેતરપિંડી વિશે ચેતવણી આપી હતી. એડવાઈઝરીમાં ટિકિટ બુક કરાવનારા લોકોને વેબસાઈટની અધિકૃતતા ચકાસવા અથવા માન્ય સ્રોતોમાંથી જ ટિકિટ ખરીદવા વિનંતી કરવામાં આવી છે. કોઈપણ પ્રશ્નો માટે અથવા સાયબર ગુનાઓની જાણ કરવા માટે, જનતાને સલાહ આપવામાં આવે છે કે તેઓ ૧૯૩૦ પર કોલ કરે અથવા **www.cybercrime.gov.in** પર ઓનલાઈન ફરિયાદ નોંધાવે. એડવાઈઝરી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તકેદારી અને સાવચેતીના મહત્વ પર ભાર મૂકે છે.

# મોરબી જિલ્લામાં સિરામિક-પેપર સેકટરમાં સૌથી વધુ રૂ.૫૭૧ કરોડનું મૂડી રોકાણ થશે

## રાજયમાં રૂ.૧૬૧૭ કરોડનું મૂડી રોકાણ ધરાવતા ૩૨ એકમોને અપાય મંજૂરી

**અબતક,રાજકોટ**

ગુજરાત રાજ્યને વ્યાપક સામાજિક અને આર્થિક વિકાસની દિવાદાંડી બનાવવાના વિઝન સાથે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતી-૨૦૧૫ હેઠળ ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ યોજના જાહેર કરવામાં આવેલ. આ યોજના ગુજરાત રાજ્યને માત્ર ભારતમાં જ નહીં પરંતુ, વિશ્વમાં રોકાણનું સૌથી આકર્ષક સ્થળ બનાવવાના હેતુ સાથે, રાજ્યમાં આવનાર ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. સહાય આપવા અંગેની છે. ગુજરાત રાજ્યને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં, અદ્યતન ટેક્નોલોજી અને ઈનોવેશનમાં અગ્રેસર કરવા, અત્યાધુનિક ટેક્નોલોજી સાથે મોટા પાયે રોકાણ આકર્ષિત કરવા તથા નવીન પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે, આ યોજના અમલમાં મૂકવામાં આવેલ. જેને મોટા ઉદ્યોગો દ્વારા સારો એવો પ્રતિસાદ મળેલ છે.આ યોજના હેઠળ ઉદ્યોગ મંત્રી, બળવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને તથા રાજ્ય કક્ષાના મંત્રી, હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં મોટા ઉદ્યોગોને ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાયેલ. બેઠકમાં કુલ રૂ. ૧૬૧૭.૫૦ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૩૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, જેનાથી રાજ્યમાં અંદાજિત ૩૭૬૬ જેટલી રોજગારીનું સર્જન થયેલ છે. આ મંજૂર કરવામાં આવેલ અરજીઓ પૈકી મોરબી જિલ્લામાં સિરામિક તથા પેપર સેક્ટરમાં રૂ. ૫૭૧.૩૦ કરોડનું મૂડીરોકાણ, કચ્છ જિલ્લામાં પેપર તથા મેટલ સેક્ટરમાં રૂ. ૨૪૮.૨૫ કરોડ, અમદાવાદ જિલ્લામાં ઑટો ઈન્ડસ્ટ્રીઝ તથા મેટલ સેક્ટરમાં રૂ. ૧૧૨.૭૭ કરોડ, મહેસાણા જિલ્લામાં ઑટો અને પેપર સેક્ટરમાં રૂ. ૪૯.૭૪ કરોડ, ભરૂચ જિલ્લામાં કેમીકલ સેક્ટરમાં રૂ. ૩૬૮.૪૦ કરોડ, સુરત જિલ્લામાં પેપર સેક્ટરમાં રૂ. ૪૫.૨૩ કરોડ, વલસાડ જિલ્લામાં પેપર સેક્ટરમાં રૂ. ૪૩.૦૭ કરોડ, સુરેન્દ્રનગર જિલ્લામાં પેપર સેક્ટરમાં રૂ. ૨૩.૪૩ કરોડ, વડોદરા જિલ્લામાં કેમીકલ સેક્ટરમાં રૂ. ૧૮.૭૦ કરોડ, પંચમહાલ જિલ્લામાં ઑટો સેક્ટરમાં રૂ. ૬૩.૦૨ કરોડ, આણંદ જિલ્લામાં કેમીકલ સેક્ટરમાં રૂ. ૫૮.૮૩ કરોડ, રાજકોટ જિલ્લામાં મેટલ સેક્ટરમાં રૂ. ૧૪.૭૬ કરોડના મૂડીરોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી. જે રાજ્યમાં ઉદ્યોગોને વધુને વધુ સક્ષમ બનાવવા તથા સીધી તથા આડકતરી રોજગારી વધારવામાં મહત્વનો ભાગ ભજવશે.

# રાજ્ય પોલીસબેડામાં મોટા ફેરફાર : ૪૯ પીઆઈની અને ૫૫ પીએસઆઈની બઢતી સાથે બદલી

## ગોંડલ એસઆરપી જૂથના પીઆઈ સહિત ત્રણને ફરજીયાત નિવૃત્તિના આદેશ

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ વિભાગમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં ૪૯ જેટલા પોલીસ ઈન્સ્પેકટરની બદલી કરવામાં આવી છે ઉપરાંત ૫૫ જેટલા પોલીસ સબ ઈન્સ્પેકટરને પીઆઈનું પ્રમોશન આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત ત્રણ પોલીસકર્મીઓને નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. અચાનક જ રાજ્ય પોલીસવડા દ્વારા કરવામાં આવેલા આ મોટા ફેરફારના આદેશના કારણે પોલીસબેડા ચર્ચા શરુ થઈ છે.

રાજ્ય પોલીસ વિભાગમાં મોટા ફેરફાર અંગે ગુરૂવારે મોડી સાંજે જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યમાં ૫૫ પીએસઆઈ અને પીઆઈના પ્રમોશન મળ્યા છે. તેમજ ૪૯ પીઆઈના બદલીનો આદેશ આપવામાં આવ્યો છે. ડીજીપી વિકાસ સહાયે બદલી કરવામાં આવેલા તમામ પીઆઈને તાત્કાલિક પોલીસ મથકમાં હાજર થવા આદેશ કર્યો છે. આ સાથે જ ડીજીપી એક સાથે ત્રણ પીઆઈને ફરજિયાત નિવૃત્તિનો આદેશ કર્યો છે. જેમાં હથિયારી પીઆઈ એફ. એમ. કુરેશીને ફરજિયાત નિવૃત કરાયા છે. તેમજ ડી. ડી. ચાવડા અને આર. આર. બંસલને પણ ફરજિયાત નિવૃત કરવામાં આવ્યા છે.

આ ત્રણેય અધિકારીઓ સામે એન્ટી કરપ્શન બ્યુરોના કેસો ચાલે છે. ગુજરાતના ડીજીપી દ્વારા નિવૃતિના આદેશ આપવામાં આવેલા ત્રણેય પીઆઈની અન્ય કેટલીક ગેરરીતિ પણ સામે આવી હતી. પીઆઈ એફ. એમ. કુરેશીએ કથિત રીતે અમદાવાદના એક શખ્સને રખડતા ઢોરના મામલે કેસ કરવાની ધમકી આપી હતી, તેની પાસેથી રૂ. ૨૦ હજારની માંગણી કરતા અંતે ૧૦ હજારમાં મામલો સેટ કર્યો હતો. આ અંગે શખ્સે એસીબીને જાણ કરતા એસીબીએ પીઆઈને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. તેમજ જૂનાગઢ એસીબીના પીઆઈ ડી. ડી. ચાવડાને અમદાવાદ એસીબીએ રૂ. ૧૮ લાખની લાંચ લેતા પકડ્યા છે. ગૌશાળાની અરજી મામલે લાંચનો કેસ સામે આવ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે એક અઠવાડિયામાં પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કર્યા હતા.

# રંગીલા રાજકોટનો કાલે સ્થાપનાદિનઃ ૪૧૩ વર્ષ પહેલા બંધાયા'તા 'તોરણ'

## રાજવીઓ દ્વારા સ્થપાયેલી રાજકુમાર કોલેજ, લાખાજીરાજ લાઈબ્રેરી, બાવાજીરાજ અને કિશોરસિંહજી સ્કુલ, દરબારગઢ, રણજીતવિલા પેલેસ રાજકોટનો અમૂલ્ય વારસો

### વીજળી, રોડ રસ્તા, પરિવહન સુવિધા દરેક સવલત ભરપૂર

આંતરમાળખાકીય સુવિધા ક્ષેત્રે રસ્તા, વિજળી જેવી દરેક સવલત સાથે આજે સૌની યોજના દ્વારા રાજકોટમાં દરેક ઘરે પાણીની સવલત પણ ઉપલબ્ધ છે. લાઈટહાઉસ જેવા અત્યાધુનિક આવાસો રાજકોટની જનતા માટે આશીર્વાદરૂપ બન્યા છે. રાજકોટના સૂકા વાતાવરણ અને સૌરાષ્ટ્રમા કોઈ બારમાસી નદી ન હોવા છતા હજારો કિ. મી. અંતરથી પાઈપલાઈન દ્વારા પણ આજે નર્મદાના નીર સૌની યોજના મારફતે રાજકોટના ઘરે ઘરે પહોંચ્યા છે. આધુનિક સમયમાં પરિવહન ક્ષેત્રે પણ રાજકોટ એ કેટલાક આયામો સ્થાપિત કર્યા છે.જેમાં દેશના પ્રમુખ શહેરો સાથે રેલ સેવા, બસ સેવાઓ સાથે જોડાયું છે.રાજકોટથી કન્યાકુમારી જમ્મુ,જગન્નાથપુરી સાથે રેલ સેવા જોડાયેલી છે. વંદે ભારત જેવી અત્યાધુનિક ટ્રેનો પણ હવે ઉપલબ્ધ છે. તો હવાઈ ક્ષેત્રે રાજકોટ પાસે ડોમેસ્ટિક એરપોર્ટની સુવિધા વર્ષોથી હતી જ જેની સાથે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી આપવા હિરાસર ગ્રીન ફિલ્ડ એરપોર્ટ દ્વારા હાલ આંતરરાષ્ટ્રીય હવાઈ સુવિધાનો લાભ રાજકોટની પ્રજાને મળી રહ્યો છે.

### ૧૯૩૮માં પ્રથમ જીનમીલ શરૂ થઈ

૧ મે ૧૯૬૦ના સૌરાષ્ટ્ર ગુજરાત રાજ્યમાં ભળી ગયું અને આજદિન સુધી રાજકોટે વિકાસના મામલે પાછળ વળીને જોયું નથી. ૧૯૩૮માં રાજકોટમાં પ્રથમ જીનમીલ કરણપરામાં ચાલુ થઈ હતી અને ૧૯૪૨મા પ્રથમ કાપડ મિલ શરૂ થઈ. ૧૯૫૨માં એશિયાના સૌ પ્રથમ ઈન્ડસ્ટ્રીયલ એરીયા ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયાનો પ્રારંભ થયો. આજે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે રાજકોટ દેશ અને દુનિયામાં અગ્રેસર છે. રાજકોટમાં અનેક ઉદ્યોગ સાથે અનેક લોકો રાજકોટને મહાત્મા ગાંધીના જીવન કવનના મહત્વના કારણે મુલાકાત લે છે ત્યારે રાજકોટમાં કબા ગાંધીનો ડેલો, જૂની આલ્ફ્રેડ હાઈસ્કુલ કે જે હાલ મહાત્મા ગાંધી મ્યુઝિયમ છે, રિજીયોનલ સાયન્સ સેન્ટર સહિત નજીકના વિસ્તારમાં ઓસમ ડુંગર, ખંભાલીડાની ગુફાઓ, ઘેલા સોમનાથ જેવા અનેક ફરવાના સ્થળો છે. શહેરમાં ભૂગર્ભ જળના સ્તરને વધારવાની સાથે અટલ સરોવર હાલ રાજકોટની જનતાનું લોકપ્રિય અને રમણીય પ્રવાસન સ્થળ બન્યું છે.

### ફોરલેન, સિકસલેન માર્ગ નિર્માણાધીન

રાજકોટમાં કુદકે ને ભૂસકે વધતા વિકાસની સાથે વસ્તી પણ એક અંદાજ મુજબ ૩૦ લાખ સુધી પહોંચી છે ત્યારે રાજકોટના સડક માર્ગો પણ ફોરલેન- સિકસ લેન બની ચૂક્યા છે.રાજકોટ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે આઝાદી પહેલાનો ભાવનગરના રાજા દ્વારા નિર્મિત કેસરી જય હિન્દ પુલ,પારેવડી ચોક બ્રિજ,ઉપરાંત નવા બનેલ ૧૫૦ ફૂટ બ્રિજ, સિવિલ હોસ્પિટલ બ્રિજ, કે.કે.વી બ્રિજ, બ્રિજ, ગોંડલ ચોકડી, માધાપર ચોકડી નિર્માણ થઈ ચૂક્યા છે. હજુ નવા ૪ બ્રિજ આગામી દિવસોમાં નિર્માણ પામશે. રાજકોટ અને સોમનાથ વચ્ચે પણ ફોરલેન હાઈવે સિકસલેન ઓનલાઈન બનવાની તજવીજ હાથ ધરાઈ છે. જ્યારે રાજકોટ-અમદાવાદ સિકસલેન નિર્માણાધીન છે.રાજકોટ થી દ્વારકા વચ્ચે પણ ફોરલેન જ્યારે રાજકોટ મોરબી વચ્ચે પણ સિકસલેન માર્ગ નિર્માણાધીન છે.

### શૈક્ષણિક, રમતગમત, આરોગ્યલક્ષી સવલોતોમાં અવ્વલ

રાજકોટ શૈક્ષણિક ક્ષેત્રે પણ અવ્વલ છે.વિદેશી તથા એન.આર.આઈ વિદ્યાર્થીઓ પણ હાલ રાજકોટમાં અભ્યાસ કરી રહ્યા છે.આરોગ્ય ક્ષેત્રે પણ રાજકોટમાં અનેક ખાનગી અને સરકારી સ્તરે એઈમ્સ, પદ્મકુવરબા પંડિત દીન દયાલ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ, જનાના જેવી આલા દરજ્જાની હોસ્પિટલ કાર્યરત છે, જે સૌરાષ્ટ્રના દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે. રમત ગમત માટે અનેક સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટ માટે ખંઢેરી સ્ટેડિયમ પણ કાર્યરત છે. કલા અને સંસ્કૃતિને પ્લેટફોર્મ પૂરું પાડવા સરકારી સ્તરે હેમુ ગઢવી હોલ, અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ અને પ્રમુખસ્વામી ઓડિટોરિયમ કાર્યરત છે જેમાં અનેક રાષ્ટ્રીય સ્તરના નામી કલાકારોએ પોતાની કલા રજૂ કરી છે.

### જેમ્સ એન્ડ જવેલરી ક્ષેત્રમાં રાજકોટ અગ્રેસર

જેમ્સ એન્ડ જવેલરી ક્ષેત્રે પણ રાજકોટએ દેશમાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું છે. રાજકોટના સોના, ચાંદી તથા ઈમિટેશન જ્વેલરી દેશ તથા દુનિયામાં અને બોલીવુડમાં પણ અત્યંત લોકપ્રિય થઈ છે. રાજકોટએ સમગ્ર સૌરાષ્ટ્રનું હાર્દ છે ત્યારે રાજકોટની આ અનેક સફળતાઓ અને પ્રગતિ સાથે રાજકોટને જન્મદિવસ મુબારક.

**અબતક, રાજકોટ**

૬ જુલાઈ એટલે રાજકોટનો સ્થાપના દિન..... આપણા રંગીલા રાજકોટનો ૪૧૪મો જન્મદિવસ એટલે કે આજની તારીખ. રાજકોટ એ આ વર્ષોમાં રાજવી ઠાકોર વિભાજીથી લઈ હાલનાં રાજવી માંધાતાસિંહ સુધીના સમયને જોયો છે. ૪૧૩ વર્ષ પહેલા ઈ. સ. ૧૬૧૦મા જાડેજા રાજવી ઠાકોર વિભાજી અને તેના વિશ્વાસુ સાથીદાર રાજુ સંધિએ આજી નદીના કાંઠે ગામ વસાવ્યું, તેના નામ ઉપરથી જ શહેરનું નામ રાજકોટ થયું. શરૂઆતમાં રાજકોટ હાલના કોઠારીયા નાકા, રૈયા નાકા,બેડી નાકા અને ભીચરી નાકાની અંદર ઊંચાઈ પર વસેલું હતું. સમય જતા મોગલ વંશનું શાસન ફેલાતા ઈ. સ.૧૭૭૬મા જૂનાગઢના નાયબ ફોજદાર માસુમખાને સરધાર કબજે કરી રાજકોટમા થાણું નાખી,

(અનુ. આઠમા પાને)









## હિરાસર ગ્રીન ફિલ્ડ એરપોર્ટ, એઈમ્સ, લાઇટહાઉસ, અટલ સરોવર આધુનિક રાજકોટના વિકાસનું પ્રતિબિંબ

---

### ઉર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પ્રતિબધ્ધતા

# રાજકોટ રેલવે ડિવીઝને સોલાર પાવર પ્લાન્ટનો ઉપયોગ કરી વર્ષે રૂ.૨૭.૧૮ લાખની કરી બચત

## રાજકોટ ડીવીઝનને ૧૮ સ્ટેશનો અને ૭ ઓફીસ બિલ્ડીંગોમાં ૫૧૯ કિલોવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ લગાવી ૪,૫૪,૯૮૯ યુનિટ ગ્રીન એનર્જી ઉત્પન્ન કરી



**અબતક, રાજકોટ**

ઉર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને આગળ વધારતા, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને ગ્રીન અને સ્વચ્છ રેલવે તરફ મોટા કદમ ઉઠાવી રહ્યું છે.

રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર અશ્વની કુમાર અને સીનીયર ડીવીઝનલ ઈલેકટ્રીકલ ઈજનેર રજની યાદવના માર્ગદર્શન હેઠળ ડીવીઝન દ્વારા પ્રદુષણ અટકાવવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા અનેક પગલા લેવામાં આવેલ છે. આ દિશામાં રાજકોટ ડિવિઝનના વિવિધ ૧૮રેલવે સ્ટેશનો અને ૭ ઓફિસ બિલ્ડીંગોમાં ૫૧૯ કિલોવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. ઉપરાંત, વધુ સ્ટેશનો અને ઓફિસો પર સોલાર પ્લાન્ટની જોગવાઈ કરવામાં આવી રહી છે જે સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરે છે. પરિણામે, ઊર્જા બિલમાં બચત થાય છે.

નાના સ્ટેશનો પર સોલાર પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી ઉર્જાનો ઉપયોગ સ્ટેશનો પરના ઉપકરણોને પાવર આપવા માટે થાય છે જેમ કે લાઇટ, પંખા, કમ્પ્યુટર અને ફરતા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટિંગ. મોટા સ્ટેશનો પર, ઉત્પન્ન થતી ઉર્જા વીજળીના ગ્રીડમાં પ્રસારિત થાય છે અને વીજળીના બિલ મીટરવાળી બિલિંગ સિસ્ટમ દ્વારા પ્રાપ્ત થાય છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં આ સૌર પ્લાન્ટો દ્વારા ૪૫૪૯૮૯ યુનિટ ગ્રીન એનર્જી ઉત્પન્ન કરવામાં આવી છે, જેના પરિણામે વીજળી બોર્ડ દ્વારા સપ્લાય કરવામાં આવતી ઊર્જાના પ્રતિ યુનિટ ખર્ચમાં સૌર પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત ઊર્જાના ખર્ચની સરખામણીમાં તફાવત જોવા મળે છે જેનાથી બિલમાં ૨૭.૧૮ લાખ રૂપિયાની બચત થઈ છે.

રાજકોટ ડિવિઝનમાં અમૃત ભારત પ્રોજેક્ટ હેઠળ ૧૫ સ્ટેશનો પર વીજળી વિભાગને લગતા કામો પ્રગતિમાં છે, જેમાં મુખ્યત્વે પ્રકાશની તીવ્રતા વધારવા, વેઈટિંગ હોલમાં એર-કન્ડિશનરની જોગવાઈ, લિફ્ટની જોગવાઈ વગેરેનો સમાવેશ થાય છે.

### મુસાફરોની સુવિધાઓ પર રેલવેનું ફોકસ

#### રેલવે દ્વારા ૨૦૨૪–૨૫ દરમિયાન ૧૦,૦૦૦ નોન–એસી કોચોનું થશે ઉત્પાદન

સામાન્ય મુસાફરોના જીવનને સરળ બનાવવા માટે, ભારતીય રેલ્વેએ આગામી બે વર્ષ માટે લગભગ ૧૦,૦૦૦ નોન–એસી કોચ બનાવવાની યોજના બનાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬ દરમિયાન લગભગ ૧૦૦૦૦ કોચનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે, જેમાં ૫૩૦૦ થી વધુ જનરલ કોચ સામેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં, રેલવે અમૃત ભારત જનરલ કોચો સહિત ૨૬૦૫ જનરલ કોચ,અમૃત ભારત સ્લીપર કોચો સહિત ૧૪૭૦ નોન એસી સ્લીપર્સ, અમૃત ભારત એસએલઆર કોચો સહિત ૩૨૩ એસએલઆર કોચ, ૩૨ ઉચ્ચ ક્ષમતા વાળી પાર્સલ વાન અને ૫૫ પેન્ટ્રી કાર બનાવવાની યોજના બનાવી છે .

નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં, રેલવે અમૃત ભારત જનરલ કોચ સહિત ૨૭૧૦ જનરલ કોચ, અમૃત ભારત સ્લીપર કોચ સહિત ૧૯૧૦ નોન એસી સ્લીપર્સ, અમૃત ભારત એસએલઆર કોચ સહિત ૫૧૪ એસએલઆર કોચ, ૨૦૦ ઉચ્ચ ક્ષમતાવાળી પાર્સલ વાન અને ૧૧૦ પેન્ટ્રી કાર બનાવવાની યોજના બનાવી છે .

---

# રાજકોટ માર્કેટીંગ યાર્ડના ચેરમેન પદે જયેશ બોઘરા રિપીટઃ વિજય કોરાટ બન્યા વાઈસ ચેરમેન

## પ્રદેશ ભાજપનું મેન્ડેટ લઈ રા.લો. સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા આવ્યાઃ ચેરમેન યથાવત રખાયા, વાઈસ ચેરમેન ફર્યા





તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

ગુજરાતના ચોથા નંબરના સૌથી મોટા એવા રાજકોટ માર્કેટીંગ યાર્ડના ચેરમેન તથા વાઈસ ચેરમેનની નિયુક્તી કરવા માટે આજે બપોરે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે જયેશભાઈ બોઘરાને રિપીટ કરવામાં આવ્યા છે. જયારે વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ કોરાટની નિયુક્તી કરવામાં આવી છે. પ્રદેશ ભાજપનું મેન્ડેટ લઈને રાજકોટ-લોધિકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા આવ્યા હતા.

રાજકોટ માર્કેટીંગ યાર્ડની વર્તમાન બોડી ગત ૨-ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ અસ્તિત્વમાં આવી હતી. પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે ચેરમેન તરીકે જયેશભાઈ બોઘરા અને વાઈસ ચેરમેન તરીકે વસંતભાઈ ગઢીયાની વરણી કરવામાં આવી હતી. અઢી વર્ષની મુદ્દત ગત બીજી જૂનના રોજ પૂરી થઈ ગઈ હતી. પરંતુ લોકસભાની ચૂંટણીની આચાર સંહિતા અમલમાં હોવાના કારણે ચૂંટણીનું તારીખનું એલાન કરી શકાયું ન હતું.

(અનુ. આઠમા પાને)

### સહકારી ક્ષેત્રમાં જયેશ રાદડીયાનો દબદબો યથાવત

સહકારી ક્ષેત્રમાં પૂર્વ કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાનો દબદબો યથાવત રહેવા પામ્યો છે. ગોંડલ અને ઉપલેટા માર્કેટીંગ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તીમાં પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કર્યા બાદ આજે રાજકોટ માર્કેટીંગ યાર્ડના હોદ્દેદારોની વરણીમાં પણ જયેશભાઈ જલવો જોવા મળ્યો હતો. એવી ચર્ચા થતી હતી કે યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં રાજ્ય સરકારના પૂર્વ બે મંત્રીઓ વચ્ચે વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે. જો કે, જયેશભાઈ બોઘરાને ચેરમેન તરીકે યથાવત રાખવામાં આવતા જયેશભાઈ રાદડીયાનો વટ જોવા મળ્યો છે.

# ૨૦૨૬ના ઓલમ્પિકમાં ભારતના ખેલાડીઓ દેશ માટે સુવર્ણચંદ્રકોનો વરસાદ વરસાવશે: વડાપ્રધાન

## ટોક્યો ઓલમ્પિક ૨૦૨૧માં કૌવત બતાવનાર ભારતીય ખેલાડીઓ વડાપ્રધાનના મહેમાન બન્યા



**અબતક, રાજકોટ**

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતના હગ હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ પણે આગળ વધી રહ્યા છે ત્યારે ભારત વેપાર ઉદ્યોગ અને આર્થિક મોરચાની જેમ તમામ ક્ષેત્રોમાં નામના મેળવે તે માટેના પ્રયત્નો અસરકારક રીતે આગળ વધી રહ્યા છે ત્યારે ભારતમાં ખેલકૂદ ક્ષેત્રમાં તરુણો અને યુવાનો વિશ્વ કક્ષા ની સિદ્ધિ મેળવે તેવી આશા પણ ઉજાગર થઈ છે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રાજયમાં ખેલ મહાકુંભ ની શરૂઆત કરી ગામે ગામના ખેલાડીઓના કૌશલ્ય ઉજાગર થાય તે માટે પ્રાથમિક શાળાથી લઈ હાઈસ્કૂલ સુધી ખેલ મહાકુંભ આયોજનની પરંપરા ઊભી કરી હતી ગુજરાતના ખેલ મહાકુંભની સફળતા જોઈને સમગ્ર દેશના રાજ્યોએ ખેલ મહાકુંભ અપનાવ્યો હતો આજે સ્થાનીક ધોરણે યોજાતા ખેલ મહાકુંભના સારા પરિણામો રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ખેલાડીઓનો પ્રદૂષણ દિવસે સુધરતું જાય છે ને આંતરરાષ્ટ્રીય ખેલ મહોત્સવમાં પણ ભારતના દબદબો વધતો જાય છે તાજેતરમાં જ યોજાયેલા ટોક્યો ઓલમ્પિકમાં રમીને પરત આવેલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન નિવાસસ્થાને ખેલાડીઓને મહેમાન બનાવી તેમના હોસલા વધાર્યા હતા અને આશા સેવી હતી કે ૨૦૨૬ માં યોજાનારા ઓલમ્પિકમાં ભારતના ખેલાડીઓ દેશ માટે ચોમાસાના વરસાદની જેમ સુવર્ણચંદ્રકો નો વરસાદ છે પ્રધાન નરેન્દ્ર મોદીએ ટોક્યો ઓલિમ્પિક્સ-૨૦૨૧માં ભાગ લઈને આવેલા દેશના ઓલિમ્પિક સંઘનાં સભ્યોને , સોમવારે સવારે નવી દિલ્હીમાં પોતાના નિવાસસ્થાને બ્રેકફાસ્ટ પર આમંત્રિત કર્યાં હતાં અને તેમની સાથે વાતચીત કરી હતી. સભ્યોમાં જેવેલીન થ્રો (ભાલાફેંક) રમતમાં સુવર્ણચંદ્રક જીતનાર નીરજ ચોપરા, મહિલા વેઈટલિફ્ટિંગમાં રજતચંદ્રક જીતનાર મીરાબાઈ ચાનૂ, પુરુષ કુસ્તીમાં રજતચંદ્રક જીતનાર રવિકુમાર દહિયા, મહિલા બોક્સિંગમાં કાંસ્યચંદ્રક જીતનાર લવલીના બોર્ગોહેન, કાંસ્યચંદ્રક જીતનાર કુસ્તીબાજ બજરંગ પુનિયા, કાંસ્યચંદ્રક જીતનાર મહિલા બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ તથા કાંસ્યચંદ્રક જીતનાર પુરુષ હોકી ખેલાડીઓનો સમાવેશ થાય છે. ભારતીય ઓલિમ્પિક સંઘે દેશના ઓલિમ્પિક ગેમ્સ ઈતિહાસમાં આ વખતે સૌથી વધારે - ૭ ચંદ્રકો જીત્યાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તમામ ખેલાડીઓ ને સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરવા બદલ ગૌરવની લાગણી વ્યકત કરી હતી વડાપ્રધાને એવી આશા વ્યક્ત કરી હતી કે આવનાર આંતરરાષ્ટ્રીય ખેલ મહોત્સવમાં ભારત સર્વોપરી બનશે

# ઋતુજન્ય રોગચાળો વકર્યો, સિવિલ દર્દીથી ઉભરાય

## શરદી-ઉધરસ અને ઝાડા-ઉલ્ટીના કેસોમાં નોંધપાત્ર વધારો, આરોગ્ય તંત્રમાં દોડધામ





તસવીર: નિશીત ગઢીયા

**અબતક, રાજકોટ**

વાતાવરણમાં ફેરફારને કારણે રોગચાળા ફાટી નીકળ્યા છે,ત્યારે રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓમાં નોંધ પાત્ર વધારો થતાં ધસારો જોવા મળ્યો છે.

ચોમાસુ આવી પડતાં વાતાવરણમાં ફેરફાર થયો છે.ઠેર ઠેર પાણી ભરાતા કોલેરા,ડેન્ગ્યુ,ચિકનગુનિયાના રોગો ફાટી નીકળ્યાં છે.જેથી સિવિલ હોસ્પિટલના મેડિસન વિભાગમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.દર્દીઓમાં નોંધપાત્ર વધારાની સાથે સારવાર માટે વોર્ડ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.જ્યાં નિયમિત ધોરણે તબીબો આવતા તેની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે.જેથી તસવીરમાં દર્શાવ્યાં અનુસાર સિવિલ હોસ્પિટલમાં ભારે ભીડ જણાય રહી છે.

વિવિધ બીમારીઓમાં શરદી-ઉધરસ અને ઝાડા-ઉલ્ટીમાં નોંધપાત્ર વધારો થયો છે.આ સાથે જ માથાનો દુખાવો અને કળતર જેવા રોગોમાં વધારો થયો છે.સિવિલમાં મેડિસન વિભાગની સાથે સાથે દવાબારીમાં પણ દર્દીઓનો ધસારો નજરે પડે છે.વાતાવરણમાં ફેરફારોને કારણે નોંધાતા રોગોમાં વધારાને અટકાવવા લોકોએ સાવચેતી જળવવી અનિવાર્ય છે.ઠંડા પાણીનું સેવન અટકાવવું,શરીરમાં નબળાઈ જણાય તો તબીબની સલાહ વગર કોઈ મેડિકલ સ્ટોરએથી દવા ન લેવી જોઈએ. મચ્છર ઉત્પન્ન ન થાય એ માટે ઘર નજીક વરસાદના પાણીના ખાડા ખાબોચિયા ન ભરાઈ એ માટે સ્વચ્છતા જળવવી જોઈએ.વરસાદના પાણીમાં ન ભિજાવવું અને શરીરની સાવચેતી જાળવવી.બાળકો અને વૃદ્ધોનું ખાસ ખ્યાલ રાખવો જોઈએ.

સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડિંગમાં જે તે વિભાગમાં દર્દીઓનો ધસારો જોવા મળ્યો છે. ઋતુજન્ય રોગોમાં વધારો નોંધાતા સિવિલ હોસ્પિટલના સ્ટાફમાં પણ યોગ્ય રીતે સંચાલન કરી દરેક વિભાગમાં તબીબની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ સૌરાષ્ટ્રની સૌથી મોટી સરકારી હોસ્પિટલ હોવાથી અત્રે જે તે તાલુકાના દર્દીઓ પણ સારવાર અર્થે આવે છે.સિવિલ હોસ્પિટલએ આરોગ્ય સુખાકારીનું એક ધામ છે.રાજકોટ સિવિલ હોસ્પિટલ દરેક પડકારોને ઝીલવા માટે તત્પર છે.કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને યોગ્ય સારવાર પ્રદાન કરવામાં આવે છે

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ન મળ્યા કાયમી કુલપતિ, ઈન્ચાર્જની હેટ્રીક

## કાયમી કુલપતિ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ હજુ રાહ જોવી પડશે કેમ કે રાજ્ય સરકારને મોકલવામાં આવેલ ત્રણ નામો રદ્ કરવામાં આવ્યા: નવેસરથી પ્રક્રિયા થશે

### ઝડપી અને પારદર્શક વહીવટી પ્રક્રિયા અને વિદ્યાર્થીઓને પ્રાથમિકતા: કુલપતિ પ્રોફે. કમલસિંહ ડોડીયા

#### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે પ્રોફે. કમલસિંહ ડોડીયાએ ચાર્જ સંભાળ્યો

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે પ્રોફે. કમલસિંહ ડોડીયાએ આજે ચાર્જ સંભાળ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે ચાર્જ સંભાળતા પ્રોફે. કમલસિંહ ડોડીયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ઉચ્ચકક્ષાએ લઈ જવા માટે પ્રયત્ન રહેશે. કુલપતિએ વધુમાં જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે કાર્ય કરવાની પ્રાથમિકતા રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ સ્ટેક હોલ્ડર્સ જેવા કે વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોલેજ મેનેજમેન્ટ, કર્મયોગીઓ, સમાજ અને રાજ્ય સરકાર વચ્ચે સંતુલન રાખવાની પ્રાથમિકતા રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યો, ભવનોના અધ્યક્ષઓ, પ્રબુધ્ધ નાગરીકો, સમાજ શ્રેષ્ઠીઓ તથા શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓએ કુલપતિ પ્રોફે. કમલસિંહ ડોડીયાને શુભેચ્છાઓ પાઠવી હતી.



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરી ઈન્ચાર્જ કુલપતિ બદલાવવામાં આવ્યા છે. ડો.નીલાંબરીબેન દવેને તાત્કાલીક અસરથી હટાવવામાં આવ્યા છે. તેમના સ્થાને રાજકોટ પીડીયુ મેડિકલ કોલેજના આંખ વિભાગના હેડ અને પ્રોફેસર ડો.કમલ ડોડીયાને નવા ઈન્ચાર્જ કુલપતિ તરીકે નિમવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ માટે હજુ રાહ જોવી પડશે. કારણ કે રાજ્ય સરકારને મોકલવામાં આવેલ ત્રણ નામો રાજ્ય સરકારે રદ્ કર્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા સર્ચ કમિટીના અધ્યક્ષ પ્રો.સોમનાથ સચદેવને નવા નામો અને ફરી ઉમેદવારો અંગે જાહેરાત કરવા કહેવામાં આવ્યું છે. જ્યાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ડો.કમલ ડોડીયા ઈન્ચાર્જ કુલપતિ તરીકે રહેશે. એટલે કે હજુપણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કાયમી કુલપતિ મળ્યા નથી અને ઈન્ચાર્જ કુલપતિની હેટ્રીક થઈ છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર-૨૦૨૩માં નવરાત્રિમાં જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ગિરીશ ભીમાણીને પણ આવી રીતે જ રાતોરાત ઈન્ચાર્જ પદેથી હટાવી દેવામાં આવ્યા હતા. તેમ તાત્કાલીક અસરથી જ નિલાંબરીબેન દવેને પણ હટાવી દેવામાં આવ્યા છે. જો કે, એક બાજુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને કાયમી કુલપતિ આપવાની વાત થઈ રહી છે ત્યારે ફરીથી ઈન્ચાર્જ કુલપતિ પદ પરથી હટાવીને નવા ઈન્ચાર્જ કુલપતિ તરીકેનો ચાર્જ ડો.કમલ ડોડીયાને આપવામાં આવ્યો છે. અગાઉ પણ એક વખત નીલાંબરીબેન દવે ઈન્ચાર્જ કુલપતિ રહી ચુક્યા છે. હાલમાં ઈન્ચાર્જ કુલપતિ પદનો જેમને ચાર્જ સોંપાયો છે તેવા ડો.કમલ ડોડીયા રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજમાં આંખ વિભાગના હેડ પ્રોફેસર છે. અગાઉ ડો.કમલ ડોડીયાને વર્ષ-૨૦૧૮માં ફેબ્રુઆરીથી મે મહિના સુધી કુલ ચાર મહિના કાર્યકારી કુલપતિ તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

### કુલપતિ તો અનેક બદલાય, પણ વિવાદ યથાવત

સૌરાષ્ટ્ર યુનિવર્સિટમાં વાઈસ ચાન્સેલર તો અનેક બદલાયા પરંતુ યુનિવર્સિટીનો વિવાદની પરંપરા નથી બદલાય. તત્કાલીન ઈન્ચાર્જ કુલપતિના કાર્યકર દરમિયાન પણ અનેક પ્રશ્નો પેપર લીક હોય કે ભરતી માટેનું કૌભાંડ હોય વિવાદ ઉભા રહ્યા નથી. ત્યારે બે અઠવાડિયા પહેલા જ રાજકોટ શહેર ભાજપને ગાંધીનગરનું તેડું આવ્યું હતું તેમાં પણ એવું ચર્ચાઈ રહ્યું હતું કે, નવા કુલપતિની કાયમી ભરતી કરવામાં આવે. જો કે હાલ તો ઈન્ચાર્જ કુલપતિથી ગાડું ચલાવવામાં આવશે.

### સમસ્ત ચારણ ગઢવી સમાજ દ્વારા

# માધાપર નાગબાઈ માંના વિસામે રવિવારે અષાઢી બીજે ભક્તિ ભાવપૂર્વક ઉજવાશે "માતાજીની ભાવવંદના"

## અબતકની મુલાકાતમાં આગેવાનોએ ભાવવંદના મહોત્સવની વિગતો આપી માય ભક્તોને ધર્મ લાભ લેવા કર્યું આહવાન



**અબતક, રાજકોટ**

રાજકોટ ના જામનગર રોડ પર આવેલ માધાપુર ગામ માં ૫૫૦વર્ષ પૌરાણિક આઈ નાગબાઈ માં ના વિસામે સૌપ્રથમવાર કષાઢી બીજ મહોત્સવે નાગબાઈ માં ની ભાવવધના ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે

અબ તકની મુલાકાતે આવેલા આગેવાનો કિરીટસિંહ ડોડીયા, પ્રકાશભા કવલ ,જશુભા ગઢવી ,ભુપતભાઈ ગઢવી, મુકેશભાઈ ગઢવી ,સુરેશભાઈ મોલિયા, દુદાભાઈ મોલિયા, અજયભાઈ મોલિયા, મુકેશભાઈ ઝાલાવાડીયા અને દિનેશભાઈ ઢોલરીયા એ મહોત્સવ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે સમસ્ત ચારણ ગઢવી સમાજ દ્વારા ઐતિહાસિક માધાપર ગામે આવેલ આઈશ્રી નાગબાઈ માં ના વીસામે અષાઢી બીજ મહોત્સવ નિમિત્તે માતાજીના ભાવ વંદના મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે

માધાપર માં ૫૫૦ વર્ષ પૌરાણિક નાગબાઈ માં ના વિસામે ૭/૭ ૨૪ અષાઢી બીજ રવિવારે યોજાનારા ભાવ વંદનામાં સંતવાણીના આરાધક શક્તિદાન ભાઈ ગઢવી, ગોવિંદભા પાલિયા, લોકગાયક ભક્તિ દાન ગઢવી, ઈન્દુબેન ગઢવી દ્વારા આઈ માના

(અનુ. આઠમા પાને)

### રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘમાં

# રવિવારે પૂ. દિવ્યતાજી મ.સ. આદિ ઠાણા સાતનો ચાતુર્માસ મંગલ પ્રવેશ





**અબતક, રાજકોટ**

રાષ્ટ્ર સંત પૂ.પરમ ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તી પૂ.પરમ દિવ્યતાજી મહાસતિજી આદિ ઠાણાઓ પરમ ભાગ્યશાળી રોયલ પાર્ક સ્થા.જૈન મોટા સંઘ, સી એમ પૌષધશાળા, ઓમાનવાલા ઉપાશ્રય રાજકોટની પાવન અને પવિત્ર ધરા ઉપર આગામી રવિવારના શુભ દિવસે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે.પૂ.પરમ દિવ્યતાજી મહાસતિજી, પૂ.પરમ મિત્રાજી મ.સ., પૂ.પરમ અસ્મિતાજી મ.સ., પૂ.પરમ વિભૂતિજી મ.સ., પૂ.પરમ આત્મિકાજી મ.સ., પૂ.પરમ આરાધ્યાજી મ.સ., પૂ.પરમ શ્રુત પ્રજ્ઞાજી મહાસતિજી આદિ ઠાણાઓના પરમ સાનિધ્યમાં રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘમાં સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના રૂડા આયોજનો થશે. વિશેષ આનંદની પળ એ છે સાતમાંથી બબ્બે સુપુત્રીઓ પૂ પરમ આરાધ્યાજી મા,તથા પૂ.પરમ શ્રુત પ્રજ્ઞાજી રાજકોટના સંતાનો છે. ચાતુર્માસના મંગલ દિવસો દરમ્યાન દાન,શીલ,તપ અને ભાવમા ભરતી આવે તેવા અનેક શાસન પ્રભાવના લક્ષે આયોજન થશે.

રવિવારના સવારના ૬:૧૫ કલાકે ધર્મ વત્સલા હેતલબેન સંજયભાઈ શેઠના નિવાસ સ્થાનેથી (સંજયભાઈ કાંતિભાઈ શેઠ ધર્માલય ૪/૬ સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર રાજકોટ) સૌ ભાવિકો જિન શાસનના જય જયકાર સાથે પ્રસ્થાન કરી રોયલ પાર્ક મોટા સંઘમાં પધારશે તેમ સંઘ પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠ દ્વારા જણાવાયું છે. ચાતુર્માસ શુભેચ્છા સમારોહમાં રાજકોટમાં બીરાજમાન અનેક પૂ.સંત - સતિજીઓની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

# ગુજરાતમાં એક જ વર્ષમાં ૫૯ હજાર કરોડથી વધુનું વિદેશી રોકાણ ઠલવાયું

## એક જ વર્ષમાં વિદેશી રોકાણમાં ૫૫ ટકાનો ધરખમ વધારો : ગિફ્ટના કારણે ગુજરાતની મોટી છલાંગ

**અબતક, રાજકોટ**

વિશ્વભરના રોકાણકારોમાં ભારત પ્રત્યે આકર્ષણ વધતું જ જઈ રહ્યું છે. તેમાં પણ ગુજરાત રોકાણ માટે શ્રેષ્ઠ માનવામાં આવી રહ્યું છે. જેના કારણે ગુજરાતમાં એક જ વર્ષમાં ૫૯ હજાર કરોડથી વધુનું વિદેશી રોકાણ ઠલવાયું છે. એક જ વર્ષમાં વિદેશી રોકાણમાં ૫૫ ટકાનો ધરખમ વધારો થયો છે.

ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા ડેટા અનુસાર, ગુજરાતમાં આ વર્ષે પ્રત્યક્ષ વિદેશી રોકાણ પ્રવાહમાં દેશમાં સૌથી વધારે ગ્રોથ જોવા મળ્યો છે. ગત નાણાકીય વર્ષમાં પ્રાપ્ત થયેલા ૪.૭ બિલિયન ડોલરની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુજરાતે ૫૫ ટકાના વધારા સાથે ૨.૬ બિલિયન ડોલર વધુ વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું છે. આમ, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૭.૩ બિલિયન ડોલર એટલે કે રૂ. ૫૯,૬૦૦ કરોડ નવું એફડીઆઈ પ્રાપ્ત કરીને, કર્ણાટક અને દિલ્હીને આ બાબતે પાછળ છોડી દીધા છે અને એફડીઆઈ પ્રવાહમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.વિકસિત ભારતના વિઝનને અનુરૂપ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ઘણા ઉદ્યોગ-અનુકૂળ નિર્ણયો અને નીતિઓનો અમલ કર્યો છે, જેનું પરિણામ એ છે કે ગુજરાતે સતત ત્રણ નાણાકીય વર્ષ ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪માં અનુક્રમે ૨.૭ બિલિયન ડોલર , ૪.૭ બિલિયન ડોલર અને ૭.૩ બિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ મેળવીને ઉત્તરોતર વૃદ્ધિ નોંધાવી છે. ગુજરાતના ઉદ્યોગ અને ખાણ વિભાગના મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુનિશ્ચિત કરી રહ્યા છે કે રાજ્યમાં રોકાણ અને વ્યવસાય માટે અત્યાધુનિક ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓ અને ઉદ્યોગોને અનુકૂળ નીતિઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રીના વિશેષ પ્રયાસોને કારણે, ગુજરાતે સેમિકન્ડક્ટર જેવા મોટા ક્ષેત્રોમાં પણ મોટું રોકાણ પ્રાપ્ત કર્યું છે.

### વાયબ્રન્ટ સમિટે પણ વિદેશી રોકાણ વધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો

છેલ્લા ત્રણ વર્ષમાં રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ પોલિસી જેવી ક્ષેત્ર-વિશિષ્ટ નીતિઓના અસરકારક અમલીકરણના લીધે પણ એફડીઆઈનો પ્રવાહ વધ્યો છે. ઉદ્યોગોને નવા પ્લાન્ટ સ્થાપિત કરવા માટે સરકાર દ્વારા વિવિધ આર્થિક પ્રોત્સાહનો, જમીનની ફાળવણીમાં સરળતા અને પારદર્શિતા અને ખર્ચ ઘટાડવાના પ્રયાસોએ પણ ગુજરાતમાં એફડીઆઈના પ્રવાહને પ્રોત્સાહન આપ્યું છે. આ ઉપરાંત વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમે પણ રાજ્યમાં રોકાણ આકર્ષવામાં મોટી ભૂમિકા ભજવી છે. આ વર્ષે જાન્યુઆરીમાં યોજાયેલી આઝાદીના અમૃતકાળની પ્રથમ વાયબ્રન્ટ સમિટ પણ ઘણી સફળ રહી છે.

### ગુજરાત એફડીઆઈમાં બીજા ક્રમે

નાણાકીય વર્ષ ૨૦૨૪માં કુલ ૧૫.૧ બિલિયન ડોલરના વિદેશી રોકાણના પ્રવાહ સાથે મહારાષ્ટ્ર આ યાદીમાં ટોચ પર છે, ત્યારબાદ ગુજરાત ૭.૩ બિલિયન ડોલર સાથે બીજા ક્રમે છે. કર્ણાટક, દિલ્હી અને તેલંગાણા અનુક્રમે ૬.૬ બિલિયન ડોલર, ૬.૫ બિલિયન ડોલર અને ૩ બિલિયન ડોલરના એફડીઆઈના પ્રવાહ સાથે ત્રીજા, ચોથા અને પાંચમા સ્થાને છે.

### વિદેશી રોકાણ વધવા પાછળના કારણો

ગુજરાતમાં એફડીઆઈના પ્રવાહમાં વૃદ્ધિના મુખ્ય કારણોમાં અત્યાધુનિક ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગોને અનુકૂળ નીતિઓ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો સમાવેશ થાય છે. ક્લસ્ટર-આધારિત ઔદ્યોગિક વસાહતો જેમ કે ગિફ્ટ સિટી, સાણંદ જીઆઈડીસી, ધોલેરા સર (સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન), અને માંડલ બેચરાજી સર પણ એફડીઆઈના પ્રવાહમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કારણે જ નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુજરાતે સેમિકન્ડક્ટર સેક્ટર જેવા મોટા પ્રોજેક્ટ્સમાં પણ મોટાપાયે રોકાણ પ્રાપ્ત કર્યું છે.

# વીજ કર્મચારીને ફડાકો મારનાર શખસ જામીન મુકત

## ફોલ્ટની ફરીયાદ બાબતે માર મારી જ્ઞાતિપ્રત્યે હડધુત કર્યા

**અબતક, રાજકોટ**

રાજકોટના પારડી ખાતે પી.જી.વી.સી.એલ. કચેરીમા કર્મચારીને થપ્પડ મારી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરવાના કેસમાં સંડોવાયેલા આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રસીકભાઈ ભીખુભાઈ ટીલાળાએ લખાવેલી લાઈટની ફરીયાદ બાબતે ફરીયાદી યોગેશભાઈ દિનેશભાઈ ચાવડા સાથે ઝઘડો કરી બીભત્સ ગાળો ભાંડી હતી અને જાતી પ્રત્યે અપમાનીત કરી માથાના પાછળના ભાગે થપડ મારી હતી. આ અંગે ફરીયાદી યોગેશભાઈ ચાવડાએ આરોપી રસીકભાઈ વિરુદ્ધ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી રસીકભાઈની ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજુ કરતા કોર્ટે ન્યાયીક હિરાસતમા મોકલતા આરોપી રસિકભાઈએ જામીન મુક્ત થવા માટે પોતાના એડવોકેટ મારફત ગોંડલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે અરજી સુનાવણી ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સેશન્સ જજ દ્વારા આરોપી રસીકભાઈને શરતી જામીન પર મુક્ત કરતો હુકમ કરવામાં આવ્યો છે.આ કેસમા આરોપી રસીકભાઈ ટીલાળા વતી રાજકોટના યુવા એડવોકેટ ગીરીશ જે. વારગીયા, સુરેશ જે. વારગીયા, ઈન્ટર્ન કિશોર વાઘેલા અને જયેશ ગોહીલ રોકાયા હતા.

# છેતરપીંડીના ગુનામાં આરોપીના જામીન મંજુર

## ટોઈંગ થયેલા કારના સોદાના નામે લાખો રૂપિયાનું ફુલેકું ફેરવ્યું

**અબતક, રાજકોટ**

ટોઈંગ થયેલા ફોરવ્હીલના સોદાના નામે લાખો રૂપિયાનું ફુલેકું ફેરવવાની ફરિયાદના ગુનામાં પકડાયા બાદ જેલહવાલે થયેલા આરોપીની જામીન અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.

રાજકોટના હિતેશ મહેશભાઈ પરમાર એ વિશાલ પ્રભાતભાઈ સોનારાની સામે થોરાળા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવેલ કે, ત્રણેક વર્ષ પહેલા હિતેશ અને વિશાલ વચ્ચે મિત્રતા થઈ હતી, ત્યારબાદ તા. ૧૯/ ૪/ ૨૦૨૪ના રોજ વિશાલ સોનારાએ ફોરવ્હીલ લેવા માટે હિતેશને જણાવેલ અને ૨૦૧૬ના મોડલની સ્વીફટ કાર ટોઈંગમાં પડેલ છે, તે માટે હિતેશ પરમાર પાસેથી ઓનલાઈન રૂપિયા ૨૦૦૦, ૧૫૦૦, પછી ૪૫૦૦ તેમ અવારનવાર ફોન કરીને કુલ ૬૦,૦૦૦ રૂપિયા લીધેલા અને અન્ય વ્યકિત પાસેથી ઓનલાઈન તથા રોકડેથી ૫,૭૦,૦૦૦ જેવી રકમો અલગ-અલગ બહાના હેઠળ લીધેલી કોઈને કાર નહીં મળવા ઉપરાંત નાણા પણ પરત નહીં મળતા હિતેશ પરમારે છેતરપિંડી વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસમાં થોરાળા પોલીસ દ્વારા આરોપી વિશાલની ધરપકડ કરી ધોરણની કાર્યવાહી બાદ કોર્ટમાં રજૂ કરતા જેલ હવાલે કરાયો હતો.

ત્યારબાદ આરોપી વિશાલે સંજય એચ. પંડ્યા મારફત ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આ અરજી ચાલવા ઉપર આવતા આરોપીના વકીલે રજૂઆત કરી હતી કે, ઓનલાઈન રૂપિયા ૨૦૦૦, ૧૫૦૦, પછી ૪૫૦૦ મેળવેલ રકમથી કાર ખરીદી ના શકાય તે ફરિયાદ ઉપર થી સાબીત થતુ નથી. આરોપીનો કોઈ ગુનાહિત ઈતીહાસ નથી અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી જે મતલબની રજૂઆતો દલીલો ધ્યાને લઈ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આરોપી વિશાલ સોનારાને જામીન મુકત કરતો હુકમ ફરમાવ્યો છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ સંજય એચ.પંડ્યા, મનિષ એચ. પંડ્યા, જયદેવસિંહ ચૌહાણ, ઈરસાદ શેરસીયા, વનરાજસિંહ જાડેજા રોકાયા છે.

# કેન-કેન ચેમ્પિયનશીપમાં દેવાંગ કોઠારી અને આરવ જૈસવાલે જીત્યા ગોલ્ડ મેડલ

## ચેમ્પિયન તારલાઓને ભગવતી એકડમી ઉનડકટ એકેડમી પરિવારોએ આપ્યા અભિનંદન

અબતક, રાજકોટ

કેન-કેન ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપને વિશ્વની સૌથી મોટ મા મોટી શૈક્ષણિક સંસ્થા. નેશનલ કાઉન્સેલ ઓફ ટીચર્સ ઓફ મેથેમેટીક દ્વારા માન્યતા આપવામાં આવેલ છે વિદ્યાર્થીઓમા તર્ક કુશળતા સમસ્યા હલ કરવાની યોગ્યતા,દ્રઢતા અને માનસીક સહન શક્તિ વિકસાવવા માટેના એક શકિતશાળી સાધન તરીકે ઓળખવામા આવે છે.

કેન-કેન એ ગણિતની ગ્રીડ આધારીત પઝલ છે જેમા સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર ના ઉકેલ પર પહોંચવા માટે તર્કિક તકનો ઉપયોગ કરતી વખતે તે સંખ્યાની દક્ષતા અને સંયોજન કૌશલ્યનું અનોખુ સંયોજન છે તેમા માત્ર ને માત્ર ૩૦ મિનિટના સમય માજ ૬ પઝલ સોલ્વ કરવાની હોય છે.

તાજેતરમાં કેન - કેન ઈન્ટરનેશનલ લેવલની ચેમ્પિયનશી ઓનલાઈન યોજાઈ ગઈ રાજકોટ શહેરના 'ભગવતી એકેડમી' સેન્ટરના મેનેજીંગ ડીરેકટર ઉમેશ કાનપરાના વિદ્યાર્થીઓ આરવ જેશવાલ પ્રેમ વાગડીયા, દેવર્શ કોઠારી, શ્રેયા પાડરીયા, પલાન દિવા, ધ્વની મહેતા અને બિનનડીતા દાસે ભાગ લીધેલ હતો. ભવવતી એકેડમી -



રાજકોટના વિદ્યાર્થી દેવશ કોઠારી અને ઉનાડકટ એકેડમી-રાજકોટના વિદ્યાર્થી આરવ જૈસવાલ ઓનલાઈન ભાગ લઈને ગોલ્ડ મેડાલ વિજેતા બનતા મેડલ, સર્ટીફીકેટ આપીને સન્માનીત કરવામા આવ્યા હતા.

'ભગવતી એકડમી' ના ઉમેશ કાનપરા સર અને 'ઉનાડકટ એકડમી'-રાજકોટ ના ડિપલ મેડમનું નામ નેશનલ લેવલે પહોચાડવા બદલ વિદ્યાર્થીઓને પોત પોતાના અભ્યાસમા ઉતરોતર આવી જ પ્રગતી કરીને પોતાનું અને તેમના પેરેન્ટસ, શહેર, રાજ્ય, દેશનું નામ રોશન કરે એવી શુભેચ્છા પાઠવેલ છે.

### લે ચલ... લે ચલ મેરે જીવન સાથી

# એસ.એચ. મ્યુઝીક દ્વારા સંગીત પ્રેમી લોકો માટે કાલે કરાઓકે મ્યુઝીકલ ઈવેન્ટ

## અબતકની શુભેચ્છા મુલાકાતે એસ.એચ. મ્યુઝીક ગ્રુપના સભ્યોએ આપી વિગત



તસ્વીરઃ કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટના એસ.મે. મ્યુઝક ગ્રુપના હીના ટાંક તેમજ સંજય ટાંક દ્વારા તા. ૬-૭ ને શનિવારે રાત્રે ૯ કલાકે હેમુગઢવી ઓડિટોરિયમ (મુખ્ય હોલ) માં કરાઓકે મ્યુઝીકલ ઈવેન્ટ લે ચલ... લે ચલ મેરે જીવન સાથી નું આયોજન રાજકોટના સંગીતપ્રેમી લોકો માટે કરવામાં આવ્યું છે. અબતકની શુભેચ્છા મુલાકાતે સંજય ટાંકે જણાવ્યું હતું કે, એસ.એમ. મ્યુઝક દ્વારા કરાઓકે ટ્રેક પર કાર્યક્રમ અપાઈ રહ્યો છે. તો રાજકોટના સંગીતપ્રેમી લોકોની શનિવારની રાત સુરમઈ બની રહે તેમજ સહપરિવાર સંગીનની મજા માણી શકે તે હેતુથી એસ.એમ. મ્યુઝક ગ્રુપના સંજય ટાંકની સાથે મહેશ દુદકીયા, ભરત સોનછાત્રા, હીના કોટડીયા તેમજ જિગીશા રાવલ પોતાની કળા પ્રસ્તુત કરશે તેમજ કાર્યક્રમનું સંચાલન એસ.એમ. મ્યુઝક ગ્રુપના સંજય ટાંક સંભાળશે.

આ મ્યુઝીકલ ઈવેન્ટ માં લતા મંગેશકર, આશા ભોંસલે, શ્રેયા ઘોષાલ, તેમજ મો. રફી. હેમંતકુમાર, કિશોરકુમાર, મુકેશ અમીતકુમાર હરિહરન, જગજીતસિંઘ અભિજીત ભટાચાર્ય, મનહર ઉધાસ, બાબલા મહેતા દ્વારા ગવાયેલા જુના નવા ગીતો એકધારા (નોન સ્ટોપ) રજુ કરવામાં આવશે. એસ.એચ. મ્યુઝક ગ્રુપના સંજય ટાંક દ્વારા આ કાર્યક્રમ વિનામૂલ્યે હોવાથી વહેલા તે પહેલાના ધોરણે એ થી જે લાઈન છોડી પોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી જેમાં એસ.એચ. મ્યુકલ ગ્રુપતા કલાકારો એક અલૌકિક સંગીતની દુનિયાની સફર કરાવશે. એસ.એચ. ના સર્વે કલાકારો રાજકોટના સંગીત પ્રેમી લોકોને આ કાર્યક્રમ માણવા અપીલ કરવામાં આવ્યા છે.

અબતકની શુભેચ્છા મુલાકાત માટે સંજય ટાંક, મહેશ દુદકીયા, ભરત સોનછાત્રા, હીના કોટડીયા, જિગીશા રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

# ચેક રિટર્ન કેસમાં લોન ધારકને ૧ વર્ષની સજા

**અબતક, રાજકોટ**

ખેતી બેન્કના લોનધારકે લેણી રકમ પેટે આપેલ ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે લોનધારકને એક વર્ષની કેદની સજા અને ચેકની રૂ.૧,૯૮,૩૨૩ ફરીયાદીને વળતર પેટે ૬૦ દિવસમાં ચુકવવામાં કસુર કરે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.આ કેસની હકિકત મુજબ ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી. (ખેતી બેન્ક) જિલ્લા કચેરી, રાજકોટના લોનધારક હાર્દિકભાઈ રમેશભાઈ બોદર (રહે. મું. બેડલા, તા.જી. રાજકોટ)એ ખેતી બેન્કની લેણી નીકળતી રકમ પેટે રૂ.૧,૯૮, ૩૨૩ નો ચેક આપ્યો હતો. જે ચેક રીર્ટન થતા ખેતી બેન્કના અધિકૃત અધિકારી રાજેશભાઈ જે. પુજારાએ ખેતી બેન્ક વતી તેમના એડવોકેટ મારફત પાઠવેલી નોટીસ બજી જવા છતાં લોનધારકે ચેકની રકમ ભરપાઈ નહિ કરતા કોર્ટમાં ચેક રીર્ટન અંગેનો ફોજદારી કેસ દાખલ કર્યો હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતા ફરીયાદી પક્ષ તરફે થયેલી દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેકની રૂ.૧,૯૮,૩૨૩ ફરીયાદીને વળતર પેટે ૬૦ દિવસમાં ચુકવવામાં કસુર કરે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં ફરીયાદી ખેતી બેન્ક વતી વકિલ તરીકે મુકેશ આર. કેશરીયા, રાજેશ એન. મંજૂસા, સંજયસિંહ આર. જાડેજા અને હાર્દિક એમ. પાઠક રોકાયા હતા.

# ખોડીયારનગરમાં બે શખ્સના લેન્ડ ગ્રેબીંગના ગુનામાં આગોતરા જામીન મંજુર

## મવડી સર્વે નંબર ૩૯ ની બીનખેતી ૬૦૦ વાર જમીન કાચા પાકા મકાન બનાવ્યા તા

**અબતક, રાજકોટ**

મવડી સર્વે નંબરની બિનખેતી જમીનના માલિકીના ૬૦૦ વારના પ્લોટ ઉપર પેશકદમી કરી કાચા પાકા મકાનો બંધાવી પચાવી પાડ્યાની લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળના ગુનાની ફરિયાદમાં ખોડીયારનગરના બે શખ્સની આગોતરા જામીન અરજી સ્પેશિયલ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.

આ અંગેની હકિકત મુજબ, ફરીયાદીની જમીન કે જે મવડી રેવન્યુ સર્વે નં. ૩૯ (જુના સર્વે નં. ૫૧)ની સનદ નંબર ૧૪૮ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૫૨ જમીન ચો.વા.આ. ૫૯૭-૫-૦ જે ૧૫૦ ફુટ રિંગ રોડ, ગોવર્ધન ચોકથી આગળ, બસ સ્ટોપ થી આગળ, કે કે પાન વાળી શેરી, મચ્છોમાના મંદીર પાસે આવેલ હોય, જે તા. ૧૨/ ૪/ ૦૭ના રોજ વેચાણ દસ્તાવેજથી રૂા. ૬૧,૦૦૦/-માં ખરીદ કરેલ હોય ત્યારબાદ કોઈ પણ સમયે આ પ્લોટ ઉપર વેલા કડવાભાઈ જોગસ્વા (રહે. ખોડીયારનગર શેરી નં. ૧૬, રાજકોટ) તથા પંકજ મૈયાભાઈ બાંભવા (રહે. ખોડીયારનગર શેરી નં. ૧૫ રાજકોટ) સહિતનાએકબીજાને મદદગારી કરી કોઈપણ જાતના નોંધણી દસ્તાવેજો કર્યા વગર કાચા પાકા મકાનો બનાવી લઈ બાંધકામ કરી ગેરકાયદેસર કબ્જો કરી પચાવી પાડ્યા અંગે કલેકટર તંત્રની સૂચનાથી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન જે તે વખતે ગુજરાત હાઈકોર્ટમાં દ્વારા અપાયેલો સ્ટે પાછો ખેંચી લેતા બંને આરોપીઓએ રાજકોટની સ્પે. અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. તેમાં રજુઆત કરાઈ હતી કે, આ કામમાં ફરીયાદીની જમીન હતી તે જમીનનો અરજદારો જેટલો કબ્જો ધરાવે છે તેનો અવેજ ચુકવી ફરીયાદી પાસેથી રજિ. વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે અને તેની ફરીયાદીને રકમ મળી ગયેલ છે. જે રજૂઆતો અને દલીલો ધ્યાને લઈને ખાસ અદાલતે બંને આરોપીઓ વેલા કડવાભાઈ જોગસ્વા તથા પંકજ મૈયાભાઈ બાંભવાને રૂા. ૧૫,૦૦૦/- ના આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ પિયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીવીદ પારેખ, નિતેશ કથિરિયા, જીતેન્દ્ર ધુળકોટીયા, વિજય પટગીર, હર્ષીલ શાહ, ચીરાગ શાહ, પરાગ લોલારીયા, આસિસ્ટન્ટ રવીરાજભાઈ વાળા રોકાયા હતા.

# ટીઆરપી ઝોન દુર્ઘટનાના કસુર સામે ન્યાયિક તપાસ કરીને મૃતકોને અંજલી આપવી જોઈએઃ ગાયત્રીબા વાઘેલા

**અબતક, રાજકોટ**



રાજકોટ સહિત દેશભરમાં ચકચાર મચાવનાર રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૮ માનવ જિંદગી જવાની ઘટનામાં કસુર વાનો સામે આકરા પગલાં ને ન્યાયિક તપાસ કરીનેજ મૃતકોને ને સાચી અંજલી આપવી જોઈએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ અને રાજકોટના ક્ષત્રિય આગેવાન ગાયત્રીબા વાઘેલાએ જણાવ્યું હતું કે ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ દુર્ઘટનામાં અનેક ભ્રષ્ટાચાર સામે આવ્યા છે ગેરકાયદે રીતે મંજૂરીથી લઈ અને સામે આવી છે. અને સતાધીશો ન્યાયની રજૂઆત સાંભળવા માટે પણ વિવેક મર્યાદા ચૂકી ગયા હોવાનું જણાવી તેમણે ઉમેર્યું હતું કે વિપક્ષ હતભાગિઓને મદદરૂપ થવાની ફરજ બજાવે છે. ત્યારે તંત્ર સાચા દિશાની તપાસ આડે અવરોધ કરતો હોવાની આક્ષેપ કરીને ગાયત્રીબા વાઘેલા, વશરામભાઈ સાગઠીયા, અતુલભાઈ રાજાણીએ બનાવની સાચી તપાસ કરી કસૂરવાનોને સજા આપી દિવંગતોને સાચી અંજલી આપવી જોઈએ તેમ અંતમા જણાવ્યુ હતું.

# દુષ્કર્મના કેસમાં આરોપીને છેલ્લા શ્વાસ સુધી જેલ

## અપહરણ કરી સગીરાને હવસનો શિકાર બનાવી'તી

**અબતક, રાજકોટ**

શહેરમાં બે વર્ષ પૂર્વે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં પોકસો અદાલતે આરોપીને જીવે ત્યાં સુધીની આજીવન કેદની સજા ફટકારતો કુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ સંત કબીર રોડ પાસેથી ગત તા.૬-૬-૨૦૨૨ ના રોજ સગીરાનુ અપહરણ કરી લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યાની થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી સંજય પુંજાભાઈ બારૈયા (રહે. વઘાસીયા તા. વાંકાનેર)ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. અને આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા તપાસ અધિકારી દ્વારા પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ પોકસો અદાલતમાં ચાલવા ઉપર આવતા પ્રોસિક્યુસન તરફે ફરિયાદીની અને ભોગબનનાર સગીરાની લેવામાં આવેલી જુબાનીમાં બનાવની હકીકતને સંપૂર્ણ સમર્થન કરતા જુબાની આપેલ તેમજ પ્રોસીકયુશન દ્વારા ડોક્ટર અને તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવી હતી. તેમજ લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખવામાં આવેલ જેમાં ફરિયાદ મેડિકલ સર્ટી એફએસએલનો અહેવાલ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખવામાં આવેલ તેમજ સરકાર તરફે સરકારી વકીલ દ્વારા વિસ્તૃત પણે દલીલ કરવામાં આવેલ અને એવી રજૂઆત કરવામાં આવેલ કે સંગીરાની ઉંમર ૧૫ વર્ષ અને આઠ માસની હોય અને તેને લલચાવી ફોસલાવી લઈ જઈ તેના પર દુષ્કર્મ આચરેલ છે આ તમામ હકીકત પ્રોસિક્યુશન દ્વારા સોગંદ ઉપરની જુબાનીથી તેમજ દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરેલ છે તેથી આરોપીને તકસીરવાન ઠેરાવી સજા કરવા અંગેની દલીલો કરવામાં આવી હતી. બંને પક્ષની રજુઆત બાદ સરકાર પક્ષે થયેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ પોકસો અદાલતના સેશન્સ જજ જે.ડી. સુથારે આરોપીને કુદરતી રીતે જીવે ત્યાં સુધીની આજીવન કેદની સજા ફરમાવતો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા

# ગવરીદળની યુવતીનું હૃદય થંભી જતા મોત

## ઘરકામ કરતી વેળાએ ચક્કર આવતા ઢળી પડી,એકની એક પુત્રીના મૃત્યુથી પરિવારમાં શોક



**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા ગવરીદડ ગામે રહેતી યુવતીનું ચક્કર આવી નીચે ઢળી પડતાં મોત નિપજ્યું છે.યુવતી વાસણ ધોઈને ઉભી થયા બાદ છાતીમાં દુખાવો થયો,પરિવારે યુવતીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મોત નિપજ્યું છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

શહેરની ભાગોળે આવેલા ગવરીદડ ગામે રહેતી પાયલબેન ચંદુભાઈ ગજેરા નામની ૧૮ વર્ષીય યુવતીનું સવારે વાસણ ધોતી વેળાએ એકાએક ચક્કર આવી જતા નીચે ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી,જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે યુવતીનું મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતી વ્હેલી સવારે પોતાના ઘરે હતી ત્યારે વાસણ ધોઈને ઉભી થઈ હોય ત્યારે છાતીમાં દુખાવો થયા બાદ એકાએક નીચે પટકાતા પરિવારે ૧૦૮ ને જાણ કરી.૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે જોઈ તપાસી યુવતીને મૃત જાહેર કરતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા જરૂરી કાગળો કરી બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોલીસને જાણ કરી પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યા બાદ તપાસ આદરી છે.

# બનાસકાંઠાના દાંતામાં ચાર કલાકમાં આઠ ઈંચઃ ૧૪૧ તાલુકાઓમાં મેઘકૃપા

## સૌરાષ્ટ્રના દ્વારકા, અમરેલી, જૂનાગઢમાં વરસાદી ઝાપટાંઃ આજે ઉત્તર ગુજરાતના ચાર અને દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહીઃ કચ્છ-સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની વકી

**અબતક, રાજકોટ**

ઉત્તર ગુજરાતમાં વરસાદે જમાવટ કરી હોય તેમ છેલ્લા ત્રણ દિવસથી પાંચેય જિલ્લામાં મેઘ મહેર જોવા મળી છે. ત્યારે ગુરૂવારે બનાસકાંઠાના દાંતા પંથકમાં ચાર કલાકમાં જ આઠ ઈંચ વરસાદ ખાબક્યો હતો. દાંતા પંથકમાં ગુરૂવાર સવારથી વિજળીના કડકા-ભડાકા સાથે મેઘરાજાએ તોફાની બેટીંગ શરૂ કરી હોય તેમ ચાર કલાકમાં આઠ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદને પગલે દાંતામાં આવેલી સિવિલ હોસ્પિટલ જાણે સ્વિમીંગ પુલ બની ગઈ હતી. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદે વિરામ આપ્યો છે. જો કે,

### ક્યાં કેટલો વરસાદ?

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| બનાસકાંઠા | દાંતા | ૮ ઈંચ |
| બનાસકાંઠા | વડગામ | ૪ ઈંચ |
| મહિસાગર | કંડણા | ૪ ઈંચ |
| પંચમહાલ | શહેરા | ૩ ઈંચ |
| નર્મદા | તિલકવાડા | ૩ ઈંચ |
| મહિસાગર | ખાનપુર | ૨ ઈંચ |
| ખેડા | ખેડા | ૨ ઈંચ |
| ખેડા | ગલતેશ્વર | ૨ ઈંચ |
| બનાસકાંઠા | પાલનપુર | ૨ ઈંચ |
| તાપી | તાપી | ૨ ઈંચ |

હવે આજથી રાજ્યભરમાં ફરી સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે સૌરાષ્ટ્રના પાંચ સહિત રાજ્યના ૧૨ જિલ્લાઓમાં મેઘરાજા મન મૂકીને વરસે તેવી આગાહી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ દિવસથી ઉત્તર ગુજરાતમાં મેઘરાજા બઘડાટી બોલાવી રહ્યા છે ત્યારે દાંતા તાલુકાના

### ઝોન વાઈઝ વરસાદ

| ઝોન | વરસાદ |
|---|---|
| સૌરાષ્ટ્ર | ૨૯.૧૫ ટકા |
| કચ્છ | ૨૫.૫૯ ટકા |
| દક્ષિણ ગુજરાત | ૨૦.૯૭ ટકા |
| ઉત્તર ગુજરાત | ૧૩.૭૧ ટકા |
| મધ્ય ગુજરાત | ૧૨.૯૫ ટકા |



કુંદેલ ગામમાં વિજળી પડતા એક પશુનું મોત નિપજ્યું હતું. આ ઉપરાંત જિલ્લાના વડગામ તાલુકામાં અઢી ઈંચ અને પાલનપુરમાં બે ઈંચ વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા જિલ્લામાં પણ મેઘરાજાએ મહેર શરૂ કરી છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ઈડર પંથકમાં અંદાજે સાડા ત્રણ ઈંચ તથા પ્રાંતિજ અને વડાલીમાં બે ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ખેડબ્રહ્મા, વિજયનગર અને ઈડરમાં વરસાદ ચાલુ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. બેચરાજીમાં ૧૬ મીમી, જોટાણામાં ચાર મીમી, ઉંઝામાં એક મીમી, વડનગરમાં ૨૮ મીમી, વિજાપુરમાં ૩૫ મીમી તેમજ વિસનગરમાં ૮ મીમી વરસાદ નોંધાયો હતો. નોંધપાત્ર છે કે જિલ્લામાં ૨૪ કલાકમાં કડીમાં ૫ ઈંચ, ખેરાલું, વડનગર તેમજ વિજાપુરમાં એક ઈંચ કે તેથી વધુ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે આજે રાજ્યના ૯ જિલ્લામાં ગાજવીજ

(અનુ. આઠમા પાને)

# રાજ્યની ૧૧૦ સ્વનિર્ભર કોલેજોની ફી માસાંતે જાહેર થશે

## જે કોલેજો ૫ ટકાથી ઓછો ફી વધારો કરવા ઈચ્છતી હોય તેઓએ કોઈ એફિડેવિટ કરવાનું રહેતું નથી

**અબતક, અમદાવાદ**

રાજયની સ્વનિર્ભર ટેકનિકલ કોલેજોની ફી નિર્ધારિણ કરવા માટે રચવામાં આવેલી ફી કમિટી દ્વારા ૫ ટકાથી વધારે ફી વધારો માગનારી ૧૧૦ કોલેજોની ચકાસણી કરીને પ્રોવિઝનલ ફી નક્કી કરવામાં આવી હતી. આ ફી સામે પણ કેટલીક સંસ્થાઓએ વાંધો ઊઠાવતાં હાલમાં એફઆરસીએ આ સંસ્થાઓની રૂબરૂ સુનાવણી શરૂ કરવામાં આ છે. જુલાઈ માસના અંતમા નવા શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા બાકીની ૧૧૦ કોલેજોની નવી ફી જાહેર કરી દેવામાં આવે તેવી શક્યતા છે.સ્વનિર્ભર ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ સહિતની ટેકનિકલ કોલેજોની ફી નક્કી કરવા માટે ફી રેગ્યુલેટરની કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી અગાઉ એવી જાહેરાત કરવામાં આવી હતી કે, જે કોલેજો ૫ ટકાથી ઓછી ફી વધારો કરવા ઈચ્છતી હોય તેઓએ કોઈ એફિડેવિટ કરવાની રહેતી નથી. પરંતુ જે કોલેજો ૫ ટકાથી વધુ ફી વધારો ઈચ્છતી હોય તેઓએ આ તમામ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર એટલે કે એસઓપી પ્રમાણે ૫ ટકાથી વધારે ફી વધારો માગનારી કોલેજોની સ્થળ તપાસ સહિતની કાર્યવાહી કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતુ. જેના અનુસંધાનમાં રાજ્યની ૧૧૦ કોલેજોએ ૫ ટકા કરતાં વધારે ફી વધારો માગ્યો હતો. નિયમ પ્રમાણે એફઆરસી દ્વારા આ કોલેજોની ચકાસણી કર્યા બાદ થોડા સમય પહેલા તમામ કોલેજોને પ્રોવિઝનલ ફી નક્કી કરીને મોકલી આપવામાં આવી હતી. આ કોલેજોની એવી સૂચના આપવામાં આવી હતી કે, આ ફી સામે વાંધો હોય તો તેઓ કમિટી સમક્ષ રજૂઆત કરી શકશે. ૫૨ કોલેજોએ નિર્ધારિત કરાયેલી ફી સામે વાંધો ઊઠાવ્યો હતો. આમ, આટલી સંસ્થાઓએ નક્કી કરાયેલી ફી સામે વાંધો ઊઠાવતાં છેલ્લા ત્રણ દિવસથી ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા તમામ સંસ્થાઓને રૂબરૂ બોલાવીને સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સૂત્રો કહે છે કે હાલમાં તમામ સંસ્થાઓની સુનાવણી પ્રક્રિયા અંતિમ તબક્કામાં ચાલી રહી છે. આ કાર્યવાહી પૂર્ણ થાય બાદ જુલાઈના અંત માસમાં બાકી રહેલી ૧૦૫થી ૧૧૦ કોલેજોની નવી ફી

(અનુ. આઠમા પાને)


# રાવકીના ખોડિયારધાર ખાણમાં નાહવા પડેલા બે માસૂમના મોત

## હજુ એક દિવસ પૂર્વે જ પેટીયું રળવા આવેલા પરપ્રાંતિય પરિવારમાં ઘેરો કલ્પાંત

**અબતક,રાજકોટ**

લોધીકા તાલુકાના રાવકી ગામે રહેતા અને પ્રશાંત પોલિમરમાં કામ કરતા મૂળ યુપીના પરિવારના બે બાળકોનું ઘરની નજીક આવેલા મંદિર પાસે આવેલ ખાણમાં ડૂબી જતાં મોત નિપજ્યું છે. બનાવથી પરપ્રાંતિય પરિવારમાં ઘેરો શોક છવાયો છે.





લોધીકા તાલુકાના રાવકી ગામે રહેતા મૂળ યુ.પી.ના વતની રામજીભાઈ શ્રીનિવાસનો ૧૦ વર્ષનો પુત્ર અનિકેત અને રવિન્દકુમાર અહેરવાલની ૧૪ વર્ષની પુત્રી કાજલનું ગત રોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં ઘરની નજીક મંદિર પાસે આવેલા ૧૨ ફૂટ ઊંડી ખાણમાં ડૂબી જવાથી બંને બાળકોનું મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં બંને બાળકો અન્ય બાળકો સાથે મંદિર પાસે રમતા હતા. ત્યારે બંને બાળકો ખાણમાં નાહવા પડ્યા હોય ડૂબી જવાથી મોત નિપજ્યું હતું.

કાજલની પિતરાઈ બહેન અંશિકાનું ખાણમાં ધ્યાન જતા બાળકીએ દેકારો કરી સૌ મોટેરાવને જાણ કરતા સૌએ ખાણમાં પડેલા બંને બાળકોને બહાર કાઢી ૧૦૮ ને બોલાવી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે બાળકોને જોઈ ચકાસી મૃત જાહેર કરતા પરપ્રાંતિય પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. બનાવ અંગે લોધીકા પોલીસને જાણ થતાં હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈ ગુજરાતી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાગળો કરી બંને બાળકોના મૃતદેહોને પીએમ અર્થે રાજકોટ સિવિલમાં ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

વધુમાં પ્રાપ્ત વિગત અનુસાર મૃતક બાળક અનિકેતનો પરિવાર એક

(અનુ. આઠમા પાને)



# સાગઠીયાની બેનામી મિલકત શોધી કાઢવા માટે બનાવાયેલી એસઆઈટી દ્વારા તપાસનો ધમધમાટ

## સસ્પેન્ડેડ ટીપીઓએ ભ્રષ્ટાચાર આચરી વસાવેલી મિલકતો અંગે ટૂંક સમયમાં મોટા કડાકા ભડાકા થવાના એંધાણ

### સાગઠીયાનું આપઘાતનું રટણ!!

એસીબીની કસ્ટડીમાં રહેલા સસ્પેન્ડેડ ટીપીઓ એમ ડી સાગઠીયા સતત સુસાઈડ કરી લેવાનું રટણ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સાગઠીયાએ તપાસનીશ અધિકારી સમક્ષ આપઘાત કરી લેવાનું કહેતા અધિકારીઓ પણ ચોકી ઉઠ્યા હતા. સાગઠીયાના આપઘાતના રટણને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે કોઠાસૂઝ ધરાવતા સાગઠીયાના નિવૃત ફોજદાર સસરા ચીમનભાઈ સાદીયાને દરરોજ સવારથી સાંજ સુધી એસીબી કચેરી ખાતે હાજર રાખવામાં આવે છે. ઉપરાંત સાગઠીયા કોઈ પગલું ન ભરે તેના માટે દરરોજ રાત્રે સાગઠીયા પાસે ચાર પોલીસમેન અને એક એસીબીના અધિકારીને સતત હાજર રાખવામાં આવે છે. ઉલ્લેખનીય બાબત છે કે, એસીબી કચેરીમાં વ્યવસ્થા નહિ હોવાથી દરરોજ સાગઠીયાને એ ડિવિઝન પોલીસ સ્ટેશનના લોક અપમાં રાખવામાં આવે છે.

### એસઆઈટીના સભ્યો કોણ?

મનસુખ સાગઠીયા વિરુદ્ધ તપાસ માટે એસીબી દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી છે, જેમાં એસઆઈટીના ચેરમેન તરીકે અધિક નિયામક બિપિન અહિરે, મદદનીશ નિયામક એ.કે.પરમાર, મદદનીશ નિયામક કે.એચ. ગોહિલ, પીઆઈ એમ એમ લાલીવાલા, પીઆઈ જે એમ આલ અને કાયદા સલાહકાર વી.બી. ગુપ્તાની નિમણૂક કરવામાં આવી છે. મનસુખ સાગઠીયા સામે ગુનાની તપાસનું સુપરવિઝન સારૂ તથા આરોપીએ રાજ્ય સેવક તરીકે વસાવેલ ગેરકાયદેસરની મિલકતોને કાયદાનુસાર ટાંચમાં લેવાની કાર્યવાહી માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની નિમણૂક કરવામાં આવી છે.

**અબતક, રાજકોટ**

રાજકોટની અગ્નિકાંડની ગોઝારી ઘટનામાં ૨૭ લોકો જીવતા ભડથું થતાં શહેર આખુ હિબકે ચડ્યું હતું. હતભાગી પરિવારની સાથોસાથ પ્રજાએ રોષભેર જવાબદારો સામે કાર્યવાહીની માંગણી કરી હતી. ઘટનાને પગલે એસઆઈટીની રચના કરવામાં આવી હતી. એસઆઈટીની તપાસમાં ગુનાહિત લાપરવાહી બદલ ૧૪ જેટલાં અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે જયારે અડધો ડઝન અધિકારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમિયાન સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠીયા અપ્રમાણસર મિલ્કતનો ગુનો દાખલ કર્યા બાદ સાગઠીયાની ઓફિસમાંથી કુબેરનો ભંડાર મળી આવ્યો હતો. જે બાદ હવે સાગઠીયાની વધુ બેનામી સંપત્તિ શોધી કાઢવા વધુ એક એસઆઈટીની રચના કરવામાં આવી છે. એસીબીના અધિક નિયામક બિપિન આહીરેની વડપણ હેઠળ બનેલી એસઆઈટીએ તપાસનો ધમધમાટ શરૂ કરતા આગામી દિવસમાં મોટા ઘટસ્ફોટના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ટીઆરપી ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડમા સરકાર દ્વારા તાત્કાલિક એસઆઈટીની રચના કરવામાં આવી હતી. આ પછી હાઈકોર્ટની ટકોર બાદ સીટ ઉપર અન્ય એક એસઆઈટી એટલે કે સત્ય શોધક કમિટીની રચના કરવામાં આવી હતી. ત્યારે હવે એસીબી દ્વારા પણ એકલા સાગઠીયાની તપાસ કરવા માટે એસઆઈટીની રચના કરી છ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. રાજકોટ એસીબી દ્વારા ગત સોમવારે સાંજે મનપાના તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠીયાનો જેલમાંથી કબ્જો લઈ બીજા અપ્રમાણસર મિલ્કતના ગુનામાં ધરપકડ કરવામાં આવી છે અને આ તપાસ દરમિયાન કુલ ૨૮ કરોડથી વધુ બેનામી સંપત્તિ હોવાનું સામે આવતા એસીબી એ સાગઠીયાના ૬ દિવસના રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે. આ દરમિયાન ગત રાત્રે એસીબીના વડા દ્વારા સરકારની સૂચના મુજબ સાગઠીયા સામે તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી છે જેમાં એસીબીના અધિક નિયામક સહીત ૬ અધિકારીની નિમણૂક કરી છે.

# મને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુકત કરોઃ સી.આર.પાટીલ

## સાળંગપુર ખાતે ચાલતી ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારીમાં સી.આર.પાટીલનું મોટું નિવેદનઃ મેં હાઈકમાન્ડને વિનંતિ કરી છે આપને પણ અરજ કરું છું

**અબતક, રાજકોટ**

સાળંગપુર ખાતે ચાલી રહેલી ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી બેઠકમાં આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ખુબ જ મોટું નિવેદન આપ્યું હતું. તેઓએ કારોબારી સમક્ષ પોતાને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરવાની અરજ કરી હતી. આજે બીજા દિવસે તેઓએ ઉદઘાટન સંબોધનમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી તરીકેની જવાબદારી મળ્યા બાદ મેં હાઈકમાન્ડને વિનંતી કરી છે કે મને તાત્કાલિક અસરથી ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકેની જવાબદારીમાંથી મુકત કરવામાં આવે આજે આપ સમક્ષ પણ આવી જ અરજ કરી રહ્યો છું તેઓના આ નિવેદનથી કારોબારીમાં ઉપસ્થિત તમામ આગેવાનો અને નેતા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા.પક્ષમાં આપણે જ નિર્ણય કર્યો છે કે એક વ્યક્તિ એક હોદો આ નિયમનો પાલન થવું જોઈએ મને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી કરવા માટે હું આપને સમક્ષ વિનંતી કરી રહ્યો છું.

બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે ચાલી રહેલી ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી બેઠકની આજે સાંજે પૂર્ણાહુતિ થશે આજે કારોબારીના બીજા અને અંતિમ દિવસે અલગ અલગ સેશનમાં મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે અલગ અલગ ઠરાવ પસાર કરવામાં આવશે પક્ષના સંગઠાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

પ્રદેશ ભાજપની કારોબારી બેઠક સમયાંતરે રાજયના અલગ અલગ જિલ્લાઓમાં યોજવામાં આવે છે. સામાન્ય રીતે કારોબારી બેઠકમાં જે તે જિલ્લા કે મહાનગરનાં પ્રમુખ અને મહામંત્રીઓને આમંત્રણ આપવામાં આવતું હોય છે. પરંતુ આ વખતે પ્રથમ વખત વોર્ડ પ્રમુખ મહામંત્રી, મંડળ પ્રમુખ અને મહામંત્રીને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. બોટાદ જિલ્લાના સાળંગપુર ખાતે ગઈકાલ સાંજથી ભાજપની કારોબારી બેઠકનો આરંભ થટો છે. ગઈકાલે રજીસ્ટ્રેશન સહિતની કામગીરી કરવામાં આવી હતી. દરમિયાન આજે બીજા દિવસે સવારથી અલગ અલગ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંબોધન સો બીજા દિવસે કારોબારી બેઠકનો આરંભ થયો હતો. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે પણ સંબોધન કર્યું હતુ.



પ્રદેશ કાર્યાલય મંત્રી પરેશભાઈ પટેલ દ્વારા શોક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ભાજપના દિવંગત દિગ્ગજ નેતાઓ અને કાર્યકરોને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. કેન્દ્રમાં સતત ત્રીજી વખત ભાજપ પ્રેરિત એનડીએ સરકારનું ગઠન થતા તથા સતત ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતારૂઢ થતા કારોબારીમાં અભિનંદન પાઠવતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ભોજપ વિરામ બાદ બપોર પછીના પ્રથમ સેશનમાં લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની પાંચ બેઠકો માટેની પેટા ચૂંટણીમાં વિજેતા બનેલા ભાજપના સાંસદો તથા ધારાસભ્યોનું કારોબારી બેંકમાં સન્માન કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ બીજા સેશનમાં પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા લોકસભાની ગત ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને ધારી સફળતા મળી નથી સતત ત્રીજી વખત ગુજરાતની

(અનુ. આઠમા પાને)

### રિસાયેલાઓને મનાવવા નેતાઓને અપાશે હોમવર્ક

ભાજપની નારાજ અને પક્ષથી દુભાયેલા-કપાયેલા નેતાઓ કાર્યકરોને મનાવવા માટે પક્ષના કેટલાક સિનિયર નેતાઓને ખાસ હોમવર્ક કારોબારી બેઠકમાં આપવામાં આવે તેવી સંભાવના છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી આવી રહી છે. જેમાં મુદાઓ કરતા વ્યકિતગત તાકાત વધુ મહત્વપૂર્ણ રહેતી હોય છે. લોકસભાની ચૂંટણીમાં જે રિતે ભાજપને ધારી સફળતા મળી નથી. આવામાં હવે વર્ષોથી પક્ષ સાથે નિષ્ઠાપૂર્વક જોડાયેલા અને એકયા બીજા કારણોસર સાઈડ લાઈન થઈ ગયેલાઓને મનાવ હવે સંગઠનને વધુ મજબુત કરવાની વ્યુહરચના પક્ષ દ્વારા કરવામાં આવી રહી છે. નારાજ, ટિકિટમાં કપાયેલા કે દુભાયેલા ને બોર્ડ નિગમમાં સ્થાન અપાશે.